नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ–૩૪

# નિશીથ

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિદીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]



'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ–૩૪

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (૩૪) નિશીથ

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી- ૨૦૭૬, ચૈત્ર સુદ-૬

**અનુવાદક અને સંપાદક**

**આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી**

**[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]**

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડો૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397

Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in

-: ટાઈપ સેટિંગ :-

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

-: પ્રિન્ટર્સ :-

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | --- | --------------- | ----- |
| | | | | | |
| | | | | | |

# આગમસૂત્ર-૩૪ ‘નિશીથ’

## છેદ સૂત્ર–૧ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો ?



| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ઉદ્દેશો | | | ઉદ્દેશો | | |
| ૧ | ગુરુ માસિક પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષો | ૦૬ | ૧૧ | ગુરુચોમાસી પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષો | ૩૯ |
| ૨ | લઘુ માસિક પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષો | ૦૯ | ૧૨ | લઘુચોમાસી પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષો | ૪૨ |
| ૩ | લઘુ માસિક પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષો | ૧૩ | ૧૩ | લઘુચોમાસી પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષો | ૪૫ |
| ૪ | લઘુ માસિક પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષો | ૧૯ | ૧૪ | લઘુચોમાસી પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષો | ૪૮ |
| ૫ | લઘુ માસિક પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષો | ૨૩ | ૧૫ | લઘુચોમાસી પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષો | ૫૦ |
| ૬ | ગુરુચોમાસી પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષો | ૨૬ | ૧૬ | લઘુચોમાસી પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષો | ૫૩ |
| ૭ | ગુરુચોમાસી પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષો | ૨૮ | ૧૭ | લઘુચોમાસી પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષો | ૫૫ |
| ૮ | ગુરુચોમાસી પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષો | ૩૧ | ૧૮ | લઘુચોમાસી પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષો | ૫૮ |
| ૯ | ગુરુચોમાસી પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષો | ૩૩ | ૧૯ | લઘુચોમાસી પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષો | ૬૦ |
| ૧૦ | ગુરુચોમાસી પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષો | ૩૬ | ૨૦ | પ્રાયશ્ચિત્ત દેવાની-કરવાની વિધિ | ૬૨ |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | 09 |
| | **-1- आगमसुत्ताणि-मूलं** print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- (મૂળ) | 02 |
| | **-2- आगमसुत्ताणि-मूलं** Net | [45] | | -2- **आगम विषयानुक्रम (सटीकं)** | 04 |
| | **-3- आगममञ्जूषा (मूल प्रत)** | [53] | | -3- **आगम सूत्र-गाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | **-1-** આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | -2- **आगम संबंधी साहित्य** | 02 |
| | -3- AagamSootra English Trans. | [11] | | **-3- ऋषिभाषित सूत्राणि** | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી અનુવાદ | [48] | | **-4- आगमिय सूक्तावली** | 01 |
| | **-5- आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य- कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:-** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- **आगम मूलं एवं वृत्ति -1** | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- **आगम मूलं एवं वृत्ति -2** | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- **सवृत्तिक आगमसूत्राणि**-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- **सवृत्तिक आगमसूत्राणि**-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:-** | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- **आगम-सागर-कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- **आगमशब्दादिसंग्रह** (प्रा-सं-गु) | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | **-5- आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ પુસ્તક | 85 |

**1-આગમ સાહિત્ય (કુલ પુસ્તક) 518**

**2–આગમેતર સાહિત્ય (કુલ પુસ્તક) 085**

**દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય 603**

# [૩૪] નિશીથ

## છેદસૂત્ર–૧– ગુજરાતી ભાવાનુવાદ

## ઉદ્દેશો–૧

[નિશીથસૂત્રના આ પહેલાં ઉદ્દેશામાં ૧થી ૫૮ સૂત્રો છે. આ પ્રત્યેક સૂત્રમાં જણાવ્યા મુજબના દોષ કે ભૂલ સેવનારને અનુદ્‌ઘાતિક નામક પ્રાયશ્ચિત્ત આવે છે, તેમ સૂત્રાંતે કહેલ છે.

બીજા ઉદ્દેશાને આરંભે નિશીથ ભાષ્યની આપેલી ગાથા મુજબ પહેલા ઉદ્દેશાના દોષ માટે ગુરુમાસિક નામક પ્રાયશ્ચિત્ત જણાવેલું છે. મતલબ કે પહેલાં ઉદ્દેશામાં જણાવેલી ભૂલો કરનારને ગુરુમાસિક પ્રાયશ્ચિત્ત આવે.]

**ઉદ્દેશા નં.૧ ના – ૧ થી ૫૮ સૂત્રો ક્રમશઃ આ પ્રમાણે છે –**

**સૂત્ર–૧ થી ૫૮**

૧. જે સાધુ–સાધ્વી હસ્તકર્મ પોતે કરે, કે કરનારની અનુમોદના કરે છે, તેને પ્રાયશ્ચિત્ત.

૨. જે સાધુ–સાધ્વી અંગાદાન અર્થાત જનનેન્દ્રિયને લાકડાના કટકા, વાંસની સળી, આંગળી, લોઢાની સળી વડે સંચાલન કરે કે સંચાલન કરનારની અનુમોદના કરે તેને પ્રાયશ્ચિત્ત.

૩. જે સાધુ–સાધ્વી અંગાદાન અર્થાત જનનેન્દ્રિયનું મર્દન કરે છે કે વારંવાર મર્દન કરે છે અથવા મર્દન કરનાર કે વારંવાર મર્દન કરનારની અનુમોદના કરે,

૪. જે સાધુ–સાધ્વી અંગાદાન (જનનેન્દ્રિય)ને તેલ, અથવા તે બંને કરનારની અનુમોદના કરે તે પ્રાયશ્ચિત્ત.

૫. જે સાધુ–સાધ્વી અંગાદાન અર્થાત જનનેન્દ્રિયનું કલ્ક, લોધ્ર, પદ્મચૂર્ણ, ન્હાણ, સિણાણ, વર્ણ કે ચૂર્ણથી ઉબટન લેપ એકવાર કરે કે વારંવાર કરે અથવા તેમ કરનારા બંનેની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૬. જે સાધુ–સાધ્વી અંગાદાન અર્થાત જનનેન્દ્રિયનું ઠંડા પાણીથી કે ગરમ પાણીથી પ્રક્ષાલન કરે, ધોવે કે વારંવાર પ્રક્ષાલન કરે અથવા તે બંનેને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૭. જે સાધુ–સાધ્વી અંગાદાન અર્થાત જનનેન્દ્રિયના અગ્રભાગની ત્વચાનું અપવર્તન કરે કે અપવર્તન કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૮. જે સાધુ–સાધ્વી અંગાદાન અર્થાત જનનેન્દ્રિયને સૂંઘે કે સૂંઘનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૯. જે સાધુ અંગાદાન અર્થાત જનનેન્દ્રિયને કોઈ અચિત્ત છિદ્રમાં પ્રવેશ કરાવીને શુક્ર પુદ્‌ગલ કાઢે કે તેમ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત. સાધ્વી પોતાના ગુપ્તાંગમાં કદલીફળ આદિ પ્રવેશ કરાવી રજ પુદ્‌ગલોને બહાર કાઢે કે બહાર કાઢનારની અનુમોદના કરે.

૧૦. જે સાધુ–સાધ્વી સચિત્ત પ્રતિષ્ઠિત ગંધને સૂંઘે કે સૂંઘનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૧૧. જે સાધુ–સાધ્વી, અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે ચાલવા માટેનો માર્ગ, પાણી–કાદવ ઓળંગવા માટેનો પૂલ અથવા ઉપર ચડવા માટેનું સીડી અવલંબન પોતે કરાવે છે, કરાવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૧૨. જે સાધુ–સાધ્વી, અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે પાણીના નીકાલ માટેનું નાળુ કરાવે કે કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૧૩. જે સાધુ–સાધ્વી, અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે ભિક્ષાદિ સ્થાપવા માટેનું સિક્કું કે સિક્કાનું ઢાંકણ પોતે કરાવે કે કરાવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૧૪. જે સાધુ-સાધ્વી, અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે સુતર કે દોરાની ચિલિમિલિ-પડદો પોતે કરાવે કે કરાવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૫. જે સાધુ-સાધ્વી, અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે સોયનું ઉત્તરકરણ કરાવે કે કરાવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૬. જે સાધુ-સાધ્વી, અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે કતરણી સુધરાવે કે તેમ કરાવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૭. જે સાધુ-સાધ્વી, અન્યતીર્થિક કે ગૃહસ્થ નામે નખછેદણી સમરાવે કે સમરાવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૮. જે સાધુ-સાધ્વી અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસેથી કાનખોતરણી સમરાવે કે સમરાવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૯. જે સાધુ-સાધ્વી પ્રયોજન સિવાય સોયની યાચના કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૦. જે સાધુ-સાધ્વી પ્રયોજન સિવાય કાતરની યાચના કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૧. જે સાધુ-સાધ્વી પ્રયોજન સિવાય કાનખોતરણીની યાચના કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૨. જે સાધુ-સાધ્વી પ્રયોજન સિવાય નખછેદણીની યાચના કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૩. જે સાધુ-સાધ્વી અવિધિથી –સોયની યાચના કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૪. જે સાધુ-સાધ્વી અવિધિથી –કાતરની યાચના કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૫. જે સાધુ-સાધ્વી અવિધિથી –કાનખોતરણી યાચે કે યાચનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૬. જે સાધુ-સાધ્વી અવિધિથી –નખછેદણીને યાચે કે યાચનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૭. જે સાધુ-સાધ્વી પોતાના કોઈ એક કાર્ય માટે સોયની યાચના કરીને તે બીજા કાર્ય માટે વાપરે કે વાપરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૮. જે સાધુ-સાધ્વી કોઈ એક કાર્ય માટે નખછેદણી યાચે અને બીજા કાર્ય માટે વાપરે કે વાપરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૯. જે સાધુ-સાધ્વી પોતાના કોઈ એક કાર્ય માટે નખછેદણી યાચે અને બીજા કાર્ય માટે વાપરે કે વાપરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩૦. જે સાધુ-સાધ્વી કોઈ એક કાર્ય માટે કાનખોતરણી યાચે અને બીજા કાર્ય માટે વાપરે કે વાપરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩૧. જે સાધુ-સાધ્વી 'વસ્ત્ર સીવવા સોયનો ખપ છે' પણ પાછી આપીશ એમ કહી સોયની યાચના કરે, લાવ્યા પછી તેનાથી પાત્ર કે અન્ય વસ્તુ સીવે અર્થાત્ સાંધે કે તેમ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૩૨. જે સાધુ-સાધ્વી પાછું આપીશ એમ કહી વસ્ત્ર ફાડવા માટે કાતર યાચીને પાત્રાદિ કાપે કે તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩૩. જે સાધુ-સાધ્વી પાછું આપવાનું કહી નખ કાપવાને નખછેદણી લાવે, પછી તેનાથી કાંટો કાઢે કે કાઢનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩૪. જે સાધુ-સાધ્વી પાછું આપવાનું કહી કાનખોતરણીને કાનનો મેલ કાઢવાને માટે લાવે અને તેનાથી દાંતનો મેલ કે નખનો મેલ કાઢે કે કાઢનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩૫. જે સાધુ-સાધ્વી અવિધિથી–સોય પરત કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩૬. જે સાધુ–સાધ્વી અવિધિથી–કાતર પરત કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩૭. જે સાધુ–સાધ્વી અવિધિથી–નખછેદણી પરત કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩૮. જે સાધુ–સાધ્વી અવિધિથી–કાનખોતરણી પરત કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩૯. જે સાધુ–સાધ્વી તુંબપાત્ર, કાષ્ઠપાત્ર કે માટીનું પાત્ર અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે નિર્માણ કરાવે, સંસ્થાપન કરાવે, વિષમને સમ કરાવે. "આ પાત્ર પરિષ્કાર કાર્ય કરવા પોતે સમર્થ હોય તો ગૃહસ્થ પાસે કંઈપણ પરિષ્કાર કરાવવો ન કલ્પે." એ જાણવા છતાં, સ્મરણમાં હોવા છતાં તેમ કરાવે કે કરાવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૪૦. સ્વયં કરવા માટે સમર્થ હોય તો કંઈપણ ગૃહસ્થ પાસે કરાવવું ન કલ્પે, તેમ જાણવા છતાં અને સ્મરણમાં હોવા છતાં જે સાધુ–સાધ્વી દંડ, લાઠી, અવલેખણી, વાંસની સળીનું નિર્માણ, સંસ્થાપન, વિષમને સમ કરાવવું આદિ અન્ય તીર્થિક કે ગૃહસ્થ પાસે કરાવે છે કે બીજાને તેમ કરવા આજ્ઞા આપે અથવા તેવું કરનારને અનુમોદે, તો પ્રાયશ્ચિત્ત.

૪૧. જે સાધુ–સાધ્વી પાત્રાને એક થીગડું મારે કે તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૪૨. જે સાધુ–સાધ્વી પાત્રને ત્રણ થીગડાં મારે કે તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૪૩. જે સાધુ–સાધ્વી પાત્રાને અવિધિથી બાંધે કે બાંધનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૪૪. જે સાધુ–સાધ્વી પાત્રાને એક બંધનથી બાંધે કે બાંધતા હોય તેને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૪૫. જે સાધુ–સાધ્વી પાત્રાને ત્રણ બંધનથી વધુ બંધનથી બાંધે કે બાંધનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૪૬. જે સાધુ–સાધ્વી ત્રણથી અધિક બંધનના પાત્રને દોઢ માસથી અધિક રાખે કે રાખનારને અનુમોદે.

૪૭. જે સાધુ–સાધ્વી વસ્ત્રમાં એક થીગડું મારે કે મારનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૪૮. જે સાધુ–સાધ્વી વસ્ત્રને ત્રણથી અધિક થીગડાં મારે કે મારનારને અનુમોદે.

૪૯. જે સાધુ–સાધ્વી અવિધિથી વસ્ત્ર સીવે કે સીવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૫૦. જે સાધુ–સાધ્વી ફાટેલા વસ્ત્રને એક ગાંઠ મારે કે ગાંઠ મારનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૫૧. જે સાધુ–સાધ્વી ફાટેલા વસ્ત્રને ત્રણથી અધિક ગાંઠ લગાવે કે લગાવનારને અનુમોદે.

૫૨. જે સાધુ–સાધ્વી ફાટેલા વસ્ત્રને એક સિલાઈથી જોડે છે અથવા જોડનારને અનુમોદે.

૫૩. જે સાધુ–સાધ્વી ફાટેલા વસ્ત્રોને ત્રણ સિલાઈથી અધિક સાંધાથી જોડે, જોડનારને અનુમોદે.

૫૪. જે સાધુ–સાધ્વી અવિધિથી વસ્ત્રના ટૂકડાને જોડે કે જોડનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૫૫. જે સાધુ–સાધ્વી એક પ્રકારના વસ્ત્રને બીજા પ્રકારના વસ્ત્ર સાથે જોડે કે જોડનારને અનુમોદે.

૫૬. જે સાધુ–સાધ્વી અતિરિક્ત ગ્રહિત વસ્ત્રને દોઢ માસથી અધિકતમ રાખે કે રાખનારને અનુમોદે.

૫૭. જે સાધુ–સાધ્વી જે ઘરમાં રહ્યા હોય ત્યાં ગૃહસ્થ કે અન્યતીર્થિક પાસે ધૂમાડો કરે કે કરનારને અનુમોદે.

૫૮. જે સાધુ–સાધ્વી પૂતિકર્મ દોષથી યુક્ત આહાર, ઉપધિ કે વસતિનો ઉપયોગ કરે કે કરનારને અનુમોદે.

## નિશીથસૂત્ર-ઉદ્દેશા-૧ નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## ઉદ્દેશો-૨

**નિશીથસૂત્રના આ બીજા ઉદ્દેશોમાં ૫૯ થી ૧૧૭ એમ કુલ ૫૯ સૂત્રો છે. આ પ્રત્યેક સૂત્રમાં જણાવેલા દોષનું ત્રિવિધે સેવન કરનારને 'ઉદ્‌ઘાતિક' નામના પ્રાયશ્ચિત્ત આવે તેમ ઉદ્દેશાને અંતે જણાવેલ છે. બીજા ઉદ્દેશાના આરંભે આવેલ ભાષ્ય ગાથા મુજબ તેને લઘુમાસ પ્રાયશ્ચિત્તથી ઓળખાવાય છે.**

**ઉદ્દેશા–૧ માફક અહીં પણ પ્રત્યેક સૂત્રને અંતે 'પ્રાયશ્ચિત્ત' શબ્દ છે. વાચકે બધે 'લઘુમાસ પ્રાયશ્ચિત્ત' જાણવું.**

૫૯. જે સાધુ–સાધ્વી લાકડાના દંડવાળુ પાદપ્રૌંછનક કરે અથવા કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૬૦. જે સાધુ–સાધ્વી લાકડાના દંડવાળુ પાદપ્રૌંછનક ગ્રહણ કરે અથવા ગ્રહણ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૬૧. જે સાધુ–સાધ્વી લાકડાના દંડવાળુ પાદપ્રૌંછનક ધારણ કરે અથવા ધારણ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૬૨. જે સાધુ–સાધ્વી લાકડાના દંડવાળુ પાદપ્રૌંછનક વિતરણ કરે કે વિતરણ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૬૩. જે સાધુ–સાધ્વી લાકડાના દંડવાળુ પાદપ્રૌંછનકનો પરિભોગ કરે કે પરિભોગ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૬૪. જે સાધુ–સાધ્વી લાકડાના દંડવાળુ પાદપ્રૌંછનકનો પરિભોગ–ઉપભોગ કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૬૫. જે સાધુ–સાધ્વી લાકડાના દંડવાળા પાદપ્રૌંછનકને દોઢ માસથી અધિક રાખે કે રાખનારની અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૬૬. જે સાધુ–સાધ્વી લાકડાના દંડવાળા પાદપ્રૌંછનકને તડકો દેવા ખોલીને અલગ રાખે કે રાખનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૬૭. જે સાધુ–સાધ્વી સચિત્ત પ્રતિષ્ઠિત પદાર્થ સ્વયં સૂંઘે કે સૂંઘનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૬૮. જે સાધુ–સાધ્વી પદમાર્ગ, સંક્રમણમાર્ગ કે અવલંબનના સાધન સ્વયં કરે કે કરનારનુ અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૬૯. જે સાધુ–સાધ્વી પાણી કાઢવાની નીક સ્વયં કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૭૦. જે સાધુ–સાધ્વી સીક્કું કે સીક્કાનું ઢાંકણ સ્વયં કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૭૧. જે સાધુ–સાધ્વી સુતરનો કે દોરીનો પડદો પોતે કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૭૨. જે સાધુ–સાધ્વી સોયનું સુધારણા સ્વયં કરે કે કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૭૩. જે સાધુ–સાધ્વી કાતરની સુધારણા સ્વયં કરે કે કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૭૪. જે સાધુ–સાધ્વી નખછેદણીની સુધારણા સ્વયં કરે કે કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૭૫. જે સાધુ–સાધ્વી કાનખોતરણીની સુધારણા સ્વયં કરે કે કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૭૬. જે સાધુ–સાધ્વી અલ્પ કઠોર વચન કહે કે કહેનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૭૭. જે સાધુ–સાધ્વી અલ્પ પણ મૃષાવાદ બોલે કે બોલનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૭૮. જે સાધુ–સાધ્વી અલ્પ પણ અદત્ત સ્વયં ગ્રહણ કરે કે ગ્રહણ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૭૯. જે સાધુ–સાધ્વી અલ્પ પણ અચિત્ત શીત કે ઉષ્ણ પાણીથી હાથ, પગ, કાન, આંખ, દાંત, નખ, મૂળ

આદિ તે પ્રક્ષાલે કે ધૂવે અથવા પ્રક્ષાલન કરનાર કે ધોનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૮૦. જે સાધુ-સાધ્વી અખંડ ચર્મને ધારણ કરે – પાસે રાખે કે ધારણ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત

૮૧. જે સાધુ-સાધ્વી અખંડ વસ્ત્ર ધારણ કરે – પાસે રાખે કે ધારણ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત

૮૨. જે સાધુ-સાધ્વી અભિન્ન વસ્ત્ર ધારણ કરે કે ધારણ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત

૮૩. જે સાધુ-સાધ્વી તુંબપાત્ર, કાષ્ઠપાત્ર, મૃતિકાપાત્રનું સ્વયં નિર્માણ, સંસ્થાપન કે વિષમને સમ બનાવવા રૂપ કાર્ય સ્વયં કરે કે તેમ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૮૪. જે સાધુ-સાધ્વી દંડ, લાઠી, અપલેખનિકા કે વાંસની સળીનું નિર્માણ, સંસ્થાપન કે વિષમ-સમ સ્વયં કરે કે તેમ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત

૮૫. જે સાધુ-સાધ્વી સ્વજન ગવેષિત પાત્રને ધારણ કરે કે ધારણ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત

૮૬. જે સાધુ-સાધ્વી પરજન ગવેષિત પાત્રને ધારણ કરે કે ધારણ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત

૮૭. જે સાધુ-સાધ્વી પ્રધાનપુરુષ ગવેષિત પાત્રને ધારણ કરે કે ધારણ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત

૮૮. જે સાધુ-સાધ્વી બળવાન વડે ગવેષિત પાત્રને ધારણ કરે કે ધારણ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત

૮૯. જે સાધુ-સાધ્વી લવ દાનનું ફળ આદિ બતાવીને. ગવેષિત પાત્રને ધારણ કરે કે કરનારને અનુમોદે.

૯૦. જે સાધુ-સાધ્વી નિત્ય અગ્રપીંડ આહાર ભોગવે કે ભોગવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત

૯૧. જે કુળોમાં તૈયાર કરાયેલો આહાર પ્રતિદિન સંપૂર્ણ દાનમાં અપાતો હોય તે આહાર લાવીને જો સાધુ-સાધ્વી ભોગવે કે ભોગવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત

૯૨. જે કુળોમાં તૈયાર કરાયેલો આહારનો પ્રતિદિન ત્રીજો ભાગ દાનમાં અપાતો હોય તે આહાર લાવીને જો સાધુ-સાધ્વી ભોગવે કે ભોગવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત

૯૩. જે કુળોમાં તૈયાર કરાયેલો આહારનો પ્રતિદિન ચોથો ભાગ દાનમાં અપાતો હોય તે આહાર લાવીને જો સાધુ-સાધ્વી ભોગવે કે ભોગવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત

૯૪. જે કુળોમાં તૈયાર કરાયેલો આહારનો પ્રતિદિન છઠ્ઠો ભાગ દાનમાં અપાતો હોય તે આહાર લાવીને જો સાધુ-સાધ્વી ભોગવે કે ભોગવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત

૯૫. જે સાધુ-સાધ્વી નિત્ય એક સ્થાને વાસ કરે કે વાસ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૯૬. જે સાધુ-સાધ્વી દાન ગ્રહણ કરતા પહેલાં કે ગ્રહણ કર્યા પછી વસ્તુ કે દાતાની પ્રશંસા કરે કે પ્રશંસા કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૯૭. જે સાધુ-સાધ્વી શુદ્ધિરહિત અને મર્યાદાપૂર્વક સ્થિરવાસ રહેલા હોય, નવકલ્પ વિહારના પાલન કરતા રહેલા હોય તેઓ એક ગામથી બીજે ગામ વિહાર કરતા બાલ્યાવસ્થાથી પૂર્વ પરિચિત એવા કે યુવાવસ્થા પછી પરિચિત બનેલા એવા રાગવાળા કુળોમાં ભિક્ષાચાર્યો પહેલાં જઈને, પોતાના આગમનનું નિવેદન કરીને ત્યારપછી તે-તે ઘરોમાં ભિક્ષા માટે જાય કે જનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત

૯૮. જે સાધુ-સાધ્વી અન્યતીર્થિક કે ગૃહસ્થની સાથે તથા પરિહારિકા સાધુ અપરિહારિક સાધુને સાથે ગૃહસ્થના કુળમાં આહારપ્રાપ્તિને માટે નિષ્ક્રમણ કે પ્રવેશ કરે અથવા નિષ્ક્રમણ કે પ્રવેશ કરનારનું અનુમોદન કરે-

૯૯. જે સાધુ-સાધ્વી અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે તથા પારિહારિક સાધુ અપારિહારિક સાધુની સાથે વિહાર ભૂમિ કે વિચારભૂમિમાં નિષ્ક્રમણ-પ્રવેશ કરે કે નિષ્ક્રમણ-પ્રવેશ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૦૦. જે સાધુ-સાધ્વી અન્યતીર્થિક કે ગૃહસ્થ સાથે તથા પારિહારિક સાધુ, અપારિહારિક સાધુ સાથે ગ્રામાનુ-ગ્રામ વિહાર કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત

**૧૦૧.** જે સાધુ-સાધ્વી વિવિધ પ્રકારનો આહાર ગ્રહણ કરીને સારું-સારું ખાય અને નીરસ-નીરસ પરઠવી દે કે પરઠવનાર સાધુ-સાધ્વીને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૦૨.** જે સાધુ-સાધ્વી અનેક પ્રકારના પ્રાસુક પાણીનું ગ્રહણ કરીને સારું-સારું પીએ અને ખરાબ-ખરાબ પરઠવી દે કે પરઠવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત

**૧૦૩.** જે સાધુ-સાધ્વી મનોરમ આહાર ગ્રહણ કરી લીધા પછી, જે જાણે કે આ અધિક છે. આટલું ખાઈ શકાશે નહીં, પણ પરઠવવું પડશે, આવી સ્થિતિમાં જો અન્યત્ર નિકટમાં કોઈ સાધર્મિક, સંભોગી, અમનોજ્ઞ કે અપરિહારિક સાધુ હોય તેને પૂછ્યા વિના કે નિમંત્રિત કર્યા વિના પરઠવે કે પરઠવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**૧૦૪.** જે સાધુ-સાધ્વી સજ્ઞાતર પીંડ ગ્રહણ કરે કે ગ્રહણ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત

**૧૦૫.** જે સાધુ-સાધ્વી સજ્ઞાતર પીંડ ભોગવે કે ભોગવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**૧૦૬.** જે સાધુ-સાધ્વી સાગરિક એટલે સજ્ઞાતરના કુળ, ઘર વગેરેની જાણકારી સિવાય, પહેલાં જોયેલ ઘર હોય તો પૂછીને નિર્ણય કર્યા સિવાય અને ન જોયેલા ઘર હોય ત્યારે તે ઘરની ગવેષણા કર્યા સિવાય એ રીતે જાણ્યા-પૂછ્યા કે ગવેષણા કર્યા વિના જ આહાર ગ્રહણ કરવા માટે તે કુળ-ઘરોમાં પ્રવેશ કરે કે પ્રવેશ કરનારની અનુમોદે.

**૧૦૭.** જે સાધુ-સાધ્વી શ્રાવકના પરિચય રૂપ નિશ્રાનો આશારો લઈ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ રૂપ ચાર પ્રકારના આહારમાંથી કોઈપણ પ્રકારનો આહાર, વિશિષ્ટ વચનો બોલીને યાચના કરે કે યાચના કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**(અહીં નિશ્રા એટલે પરિચય અર્થ કર્યો. જેમાં પૂર્વના કે પછીના કોઈ સંબંધને નિમિત્ત બનાવીને, સ્વજનોની ઓળખ આપીને તે દ્વારા કંઈપણ યાચના કરવી.)**

**૧૦૮.** જે સાધુ-સાધ્વી ઋતુબદ્ધ કાળ સંબંધી શય્યા કે સંથારા આદિનું પર્યુષણ અર્થાત્ ચાતુર્માસ પછી શેષ-કાળમાં ઉલ્લંઘન કરે અર્થાત્ શેષકાળ માટે યાચના કરેલ શય્યા-સંથારો, પાટ-પાટલા વગેરે તેની સમયમર્યાદા પૂરી થયા પછી પણ વાપરે કે તે વાપરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**અહીં સંવત્સરીથી ૭૦ દિવસના કલ્પને આશ્રીને આ વાત જણાવેલ છે, એટલે સંવત્સરી પૂર્વે વિહાર ચાલુ હોય પણ પર્યુષણથી ૭૦ દિવસની સ્થિરતા કરવાની હોવાથી, તેની પહેલાં ગ્રહણ કરેલા શય્યા સંથારો પરત કરવો તેવો અર્થ થાય. પરંતુ વર્તમાનકાળની પ્રણાલી મુજબ એવો અર્થ થઈ શકે કે શેષકાળ અર્થાત્ શિયાળા-ઉનાળામાં ગ્રહણ કરેલ શય્યા વગેરે ચોમાસા પહેલાં તેના દાતાને પરત કરવા, અથવા પુનઃઉપયોગ માટેની આજ્ઞા માંગવી..**

**૧૦૯.** સાધુ-સાધ્વી વર્ષાકાળમાં ઉપભોગ કરવા માટે લાવેલ શય્યા-સંથારો, વર્ષાકાળ વીત્યા પછી કારણે દશ રાત્રિ ઉપભોગ કરી શકે, પણ તે સમયમર્યાદા ઉલ્લંઘે કે ઉલ્લંઘનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૧૦.** જે સાધુ-સાધ્વી વર્ષાકાળ કે શેષકાળ માટે યાચના કરીને લાવેલ શય્યા-સંથારો વર્ષાથી ભીંજાયેલો જોયા-જાણ્યા છતાં તેને ખુલ્લો ન કરે. પ્રસારીને સૂકાઈ જાય તેમ ન રાખે, કે તેવું કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૧૧.** જે સાધુ-સાધ્વી પાછો આપવા યોગ્ય શય્યા-સંસ્તારકને અથવા બંને પ્રકારે શય્યાદિને ફરી આજ્ઞા લીધા વિના બીજે સ્થાને ક્યાંક લઈ જાય કે લઈ જનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૧૨** બીજા કોઈને લાવેલ કે શય્યા-સંસ્તારકને અથવા બંને પ્રકારે શય્યાદિને ફરી આજ્ઞા લીધા વિના બીજે સ્થાને ક્યાંક લઈ જાય કે લઈ જનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૧૩** શય્યાતર પાસેથી ગ્રહણ કરેલ શય્યા-સંસ્તારકને અથવા બંને પ્રકારે શય્યાદિને ફરી આજ્ઞા લીધા વિના બીજે સ્થાને ક્યાંક લઈ જાય કે લઈ જનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૧૪. જે સાધુ–સાધ્વી પાછો આપવા યોગ્ય શય્યા–સંથારો ગ્રહણ કરીને, તેને પાછો આપ્યા વિના વિહાર કરે કે વિહાર કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૧૧૫. જે સાધુ–સાધ્વી શય્યાતરના શય્યા–સંથારાને ગ્રહણ કરી, પાછો આપતી વખતે પૂર્વવત્ રાખ્યા વિના કે ભળાવ્યા વિના વિહાર કરે કે વિહાર કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૧૧૬. જે સાધુ–સાધ્વી ખોવાયેલા, પ્રત્યર્પણીય શય્યા કે સંથારાની અથવા શય્યાતરના શય્યા–સંથારાને શોધતો નથી અથવા શોધ ન કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૧૭. જે સાધુ–સાધ્વી અલ્પ કે થોડા પ્રમાણમાં પણ ઉપધિ વસ્ત્રનું પડિલેહણ ન કરે કે ન કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

## નિશીથસૂત્ર-ઉદ્દેશા-૨ નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

# ઉદ્દેશો-3

**નિશીથસૂત્રના આ ઉદ્દેશા–૩માં સૂત્રો ૧૧૮ થી ૧૯૬ એ પ્રમાણે કુલ–૭૯ સૂત્રો છે. તેમાં દર્શાવેલ દોષનું ત્રિવિધે સેવન કરનારને 'ઉદ્‌ઘાતિક' નામક પ્રાયશ્ચિત્ત આવે. જેને લઘુમાસિક પ્રાયશ્ચિત્તના નામે પણ ઓળખાવાય છે.**

**ઉદ્દેશા–૧ માફક અહીં પ્રત્યેક સૂત્રને અંતે 'પ્રાયશ્ચિત્ત' શબ્દ આવે. અમે આ ઉદ્દેશામાં ક્યાંક પ્રાયશ્ચિત્ત એમ લખેલ છે અને ક્યાંક નથી પણ લખેલ, પણ પ્રત્યેક દોષમાં લઘુમાસિક પ્રાયશ્ચિત્ત આવે તે સૂત્ર કથન સ્પષ્ટ જાણવું.**

**૧૧૮.** જે સાધુ–સાધ્વી ધર્મશાળામાં, ઉદ્યાનગૃહમાં, ગૃહસ્થ ઘરોમાં કે આશ્રમોમાં એક અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે અશન, પાન, ખાદિમ, સ્વાદિમ માંગી–માંગીને યાચના કરે કે માંગી–માંગીને યાચના કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત. **આ સૂત્ર એકવચનમાં છે. હવે પછી આ જ સૂત્ર બહુવચનમાં છે.**

**૧૧૯.** જે સાધુ–સાધ્વી ધર્મશાળામાં, ઉદ્યાનગૃહમાં, ગૃહસ્થ ઘરોમાં કે આશ્રમોમાં અનેક અન્યતીર્થિકો કે ગૃહસ્થો પાસે અશન, પાન, ખાદિમ માંગી–માંગીને યાચે કે યાચકને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૨૦.** જે સાધુ–સાધ્વી ધર્મશાળામાં, ઉદ્યાનગૃહમાં, ગૃહસ્થ ઘરોમાં કે આશ્રમોમાં એકઅન્યતીર્થિક કે ગૃહસ્થ સ્ત્રી પાસે અશન, પાન, ખાદિમ, સ્વાદિમ માંગીને યાચે કે અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૨૧.** જે સાધુ–સાધ્વી ધર્મશાળામાં, ઉદ્યાનગૃહમાં, ગૃહસ્થ ઘરોમાં કે આશ્રમમાં અનેક અન્યતીર્થિક કે ગૃહસ્થી સ્ત્રીઓ પાસે અશન, પાન, ખાદિમ, સ્વાદિમને માંગી–માંગીને યાચે કે માંગી–માંગીને યાચકને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૨૨.** જે સાધુ–સાધ્વી ધર્મશાળામાં, ઉદ્યાનગૃહમાં, ગૃહસ્થ ઘરોમાં કે આશ્રમોમાં કુતૂહલવશ એક અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે અશન, પાન, ખાદિમ, સ્વાદિમ માંગી–માંગીને યાચે છે કે માંગી–માંગીને યાચનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૨૩.** જે સાધુ–સાધ્વી ધર્મશાળામાં, ઉદ્યાનગૃહમાં, ગૃહસ્થ ઘરોમાં કે આશ્રમોમાં કુતૂહલવશ અનેક અન્યતીર્થિકો કે ગૃહસ્થો પાસે અશન, પાન, ખાદિમ, સ્વાદિમ માંગી–માંગીને યાચે કે તેમ યાચનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૨૪.** જે સાધુ–સાધ્વી ધર્મશાળામાં, ઉદ્યાનગૃહમાં, ગૃહસ્થ ઘરોમાં કે આશ્રમોમાં કુતૂહલવશ એક અન્યતીર્થિક કે ગૃહસ્થ સ્ત્રી પાસે અશન, પાન, ખાદિમ, સ્વાદિમ માંગી–માંગીને યાચે કે માંગી–માંગીને યાચનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૨૫.** જે સાધુ–સાધ્વી ધર્મશાળામાં, ઉદ્યાનગૃહોમાં, ગૃહસ્થ ઘરોમાં કે આશ્રમોમાં કુતૂહલવશ અનેક અન્યતીર્થિક કે ગૃહસ્થી સ્ત્રીઓ પાસે અશન, પાન, ખાદિમ, સ્વાદિમ માંગી–માંગીને યાચે કે યાચનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**૧૨૬.** જે સાધુ–સાધ્વી ધર્મશાળામાં, ઉદ્યાનગૃહોમાં, ગૃહસ્થ ઘરોમાં કે આશ્રમોમાં એક અન્યતીર્થિક કે ગૃહસ્થ દ્વારા અશન, પાન, ખાદિમ, સ્વાદિમ સામે લાવીને આપે તો નિષેધ કરે, પછી તેની પાછળ–પાછળ જઈને, તેમની સામે કે આસપાસ આવીને, મીઠાં વચન બોલીને માંગી–માંગીને યાચે કે યાચકને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૨૭.** જે સાધુ–સાધ્વી ધર્મશાળામાં, ઉદ્યાનગૃહોમાં, ગૃહસ્થ ઘરોમાં કે આશ્રમોમાં અનેક અન્યતીર્થિકો કે ગૃહસ્થો દ્વારા અશન, પાન, ખાદિમ, સ્વાદિમ સામે લાવીને આપે તો નિષેધ કરે, પછી તેની પાછળ–પાછળ જઈને,

તેમની સામે કે આસપાસ આવીને, મીઠાં વચન બોલીને માંગી-માંગીને યાચે કે યાચકને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૨૮.** જે સાધુ-સાધ્વી ધર્મશાળામાં, ઉદ્યાનગૃહોમાં, ગૃહસ્થ ઘરોમાં કે આશ્રમોમાં એક અન્યતીર્થિક સ્ત્રી કે ગૃહસ્થ સ્ત્રી દ્વારા અશન, પાન, ખાદિમ, સ્વાદિમ સામે લાવીને આપે તો નિષેધ કરે પછી તેની પાછળ-પાછળ જઈને, તેની આસપાસ કે સામે આવીને તથા મીઠાં વચન બોલીને માંગી-માંગીને તે યાચના કરે કે યાચના કરનારનું અનુમોદન કરે તો પ્રાયશ્ચિત્ત.

**૧૨૯.** જે સાધુ-સાધ્વી ધર્મશાળામાં, ઉદ્યાનગૃહોમાં, ગૃહસ્થ ઘરોમાં કે આશ્રમોમાં અનેક અન્યતીર્થિક સ્ત્રીઓ કે ગૃહસ્થ સ્ત્રીઓ દ્વારા અશન, પાન, ખાદિમ, સ્વાદિમ સામેથી લાવીને આપે તો નિષેધ કરે પછી તેની પાછળ-પાછળ જઈને, તેમની આસપાસ કે સામે આવીને તથા મીષ્ટ વચનો બોલીને માંગી-માંગીને યાચે અથવા યાચના કરનાર તેવાને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૩૦.** જે સાધુ-સાધ્વી ગૃહસ્થ કુળમાં અશન, પાન આદિ આહાર ગ્રહણ કરવાની ઈચ્છાથી પ્રવેશ કરે ત્યારે ગૃહસ્વામી નિષેધ કરે તો પણ બીજી વખત તેના કુળ-ઘરમાં આજ્ઞા લીધા સિવાય પ્રવેશ કરે કે પ્રવેશનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૩૧.** જે સાધુ-સાધ્વી સંખડી – અનેક લોકો ભોજન માટે ભેગા થયા હોય – જમણવારી હોય તેવા સ્થળે અશન, પાન, ખાદિમ, સ્વાદિમ લેવા જાય કે જનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૩૨.** જે સાધુ-સાધ્વી ગૃહસ્થકુળ-ઘરમાં ભિક્ષાર્થે જાય ત્યારે ત્રણ ઘર ઓરડા. કરતા વધુ દૂરથી લાવેલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આપે ત્યારે તે અશનાદિ ગ્રહણ કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૩૩.** જે સાધુ-સાધ્વી પોતાના પગનું એક વાર કે વારંવાર આમર્જન અને પ્રમાર્જન કરે કે તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૩૪.** જે સાધુ-સાધ્વી પોતાના પગનું એકવાર કે વારંવાર સંબાહન-મર્દન કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૩૫.** જે સાધુ-સાધ્વી પોતાના પગને તેલ, ઘી, ચરબી કે માખણથી એક વખત વારંવાર માલિશ કરે કે તેમ માલિશ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૩૬.** જે સાધુ-સાધ્વી પોતાના પગને લોધ્ર, કલ્ક, ચૂર્ણ, વર્ણાદિથી એક વખત કે વારંવાર ઉબટન કરે કે કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**૧૩૭.** જે સાધુ-સાધ્વી પોતાના પગને અચિત્ત એવા શીતલ જળથી એક વખત કે વારંવાર ધૂવે કે ધોનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૩૮.** જે સાધુ-સાધ્વી પોતાના પગને કોઈ દ્રવ્યથી રંગે કે તે રંગને ચમકાવે, તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૩૯.** જે સાધુ-સાધ્વીને પોતાની કાયા-શરીરનું એક વાર કે વારંવાર આમર્જન કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત..

**૧૪૦.** જે સાધુ-સાધ્વીને પોતાની કાયા-શરીરનું એક કે અનેક વાર મર્દન કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૪૧.** જે સાધુ-સાધ્વીને પોતાની કાયા-શરીરનું તેલ, ઘી, ચરબી કે માખણથી એક વાર કે વારંવાર માલિશ

કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૪૨. જે સાધુ–સાધ્વીને પોતાની કાયા–શરીરનું લોધ્ર, કલ્ક, ચૂર્ણ, વર્ણાદિથી ઉબટન કરે કે ઉબટન કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૪૩. જે સાધુ–સાધ્વીને પોતાની કાયા–શરીરનું અચિત્ત શીતળ કે ઉષ્ણ જળ વડે એક વાર કે વારંવાર ધૂવે કે ધોનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૪૪. જે સાધુ–સાધ્વીને પોતાની કાયા–શરીરનું રંગે, રંગ ચમકાવે કે તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

*****જે સાધુ–સાધ્વી પોતાના શરીરના ઘા–વ્રણ જેવા કે કોઢ, દાદર, ખુજલી આદિને કે કાંટા આદિ લાગવાથી થયેલને**

૧૪૫. એક વાર કે અનેક વાર પ્રમાર્જનાદિ કરે કે કર્તાને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૪૬. તેલ, ઘી, ચરબી કે માખણથી એકવાર કે વારંવાર માલિશ કરે કે તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૪૭. એક કે અનેકવાર મર્દન કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૪૮. લોધ્ર, કલ્ક, ચૂર્ણ, વર્ણાદિથી ઉબટન કરે કે ઉબટન કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૪૯. અચિત્ત શીતળ કે ઉષ્ણ જળ વડે એકવાર કે અનેકવાર ધૂવે, ધોનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૫૦. રંગે, રંગ ચમકાવે કે તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૫૧ થી ૧૫૬. જે સાધુ–સાધ્વી પોતાના શરીરમાં રહેલા ગુમડા, સડેલા મસા, ભગંદર આદિ વ્રણ–ઘાવને..**

૧૫૧. કોઈ તીક્ષ્ણ શસ્ત્રથી એક વાર કાપે કે વારંવાર કાપે અથવા આમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૫૨. કોઈ તીક્ષ્ણ શસ્ત્રથી કાપીને પરુ કે લોહી કાઢે અથવા શોધન કરે, આમાંનું કંઈ પણ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૫૩. કોઈ તીક્ષ્ણ શસ્ત્રથી કાપી પરુ કે લોહી કાઢી તેને શીતલ કે ઉષ્ણ અચિત્ત પાણીથી એક વાર કે વારંવાર ધૂવે કે ધોનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૧૫૪. કોઈ તીક્ષ્ણ શસ્ત્રથી કાપી, પરુ કે લોહી કાઢી, ઠંડા કે ગરમ અચિત્ત પાણીથી ધોઈને કોઈ પણ પ્રકારનો લેપ એકવાર લગાવે કે વારંવાર લગાવે અથવા લગાડનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૫૫. કોઈ તીક્ષ્ણ શસ્ત્રથી કાપી, પરુ કે લોહી કાઢી, ઠંડા કે ગરમ પાણીથી ધોઈ, લેપ લગાડી, તેલ–ઘી–ચરબી કે માખણથી એક વાર કે વારંવાર માલિશ કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૫૬. કોઈ તીક્ષ્ણ શસ્ત્રથી કાપી, પરુ કે લોહી કાઢી, ઠંડા કે ગરમ પાણીથી ધોઈ કોઈપણ પ્રકારનો લેપ લગાડી, તેલ–ઘી–ચરબી કે માખણથી માલિશ કરીને કોઈ સુગંધી પદાર્થ વડે એક વાર કે વારંવાર સુગંધિત કરે કે સુગંધિત કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૧૫૭. જે સાધુ–સાધ્વી પોતાના અપાનદ્વારની કૃમિઓ અને કુક્ષિની કૃમિઓને આંગળી નાંખી–નાંખીને કાઢે છે અથવા તેમ કાઢનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૧૫૮. જે સાધુ–સાધ્વી પોતાના વધેલા નખના અગ્રભાગને કાપે, શોભા વધારવા સંસ્કારે કે તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૫૯. જે સાધુ–સાધ્વી પોતાના વધેલ જંઘાના વાળને કાપે કે સંસ્કારે કે તેમ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૧૬૦. જે સાધુ–સાધ્વી પોતાના ગુહ્ય ભાગના વાળને કાપે, સંસ્કારે કે તેમ કરનારની અનુમોદના કરે તો

પ્રાયશ્ચિત્ત.

૧૬૧. જે સાધુ–સાધ્વી પોતાના પેટ–છાતી–પીઠ ભાગના વાળને કાપે, સંસ્કારે અથવા તેમ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૧૬૨. જે સાધુ–સાધ્વી પોતાની આંખના વાળને કાપે કે સંસ્કારે અથવા તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૬૩. જે સાધુ–સાધ્વી પોતાની વધેલી દાઢી–મૂંછાદિને કાપે છે કે સંસ્કારે છે અથવા તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૬૪. જે સાધુ–સાધ્વી પોતાના દાંત એક વાર કે અનેક વાર મંજનાદિથી ઘસે કે ઘસનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૧૬૫. જે સાધુ–સાધ્વી પોતાના દાંત શીતળ કે ઉષ્ણ અચિત્ત જળથી એક વખત કે વારંવાર ધૂવે કે ધોનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૬૬. જે સાધુ–સાધ્વી પોતાના દાંત રંગે કે ચમકાવે કે રંગનાર, ચમકાવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**૧૬૭ થી ૧૭૨. જે સાધુ–સાધ્વી પોતાના હોઠોને,**

૧૬૭. એક કે અનેક વાર ધુવે કે ધોનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૬૮. એક કે અનેક વાર મર્દન કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૬૯. તેલ, ઘી, ચરબી, માખણ વડે એક કે અનેકવાર માલિશ કરે કે તેમ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૧૭૦. લોધ્ર, કલ્ક, ચૂર્ણ કે વર્ણાદિ વડે એક કે અનેક વાર ઉબટન કરે અથવા તેમ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૧૭૧. અચિત્ત એવા શીતળ કે ઉષ્ણ પાણી વડે એકવાર કે અનેકવાર ધુવે અથવા તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૭૨. રંગે કે ચમકાવે અથવા રંગનાર – ચમકાવનારની અનુમોદના કરે. આ છએ કારણોમાં પ્રાયશ્ચિત્ત.

૧૭૩. જે સાધુ–સાધ્વી પોતાના લાંબા–વધેલા દાઢી–મૂછના વાળ કાપીને કે શોભાર્થે સંસ્કારે અથવા તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત. (***** આ સૂત્ર બીજી વખત આવ્યું જણાય છે.**)

૧૭૪. જે સાધુ–સાધ્વી પોતાના લાંબા ચક્ષુરોમોને કાપે કે સંસ્કારે અથવા તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત તો પ્રાયશ્ચિત્ત. (***** આ સૂત્ર બીજી વખત આવ્યું જણાય છે.**)

૧૭૫. જે સાધુ–સાધ્વી પોતાની આંખને એકવાર કે અનેકવાર પ્રમાર્જે અથવા પ્રમાર્જનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૭૬. જે સાધુ–સાધ્વી પોતાની આંખો એકવાર કે અનેકવાર મર્દન કરે તો પ્રાયશ્ચિત્ત.

૧૭૭. જે સાધુ–સાધ્વી પોતાની આંખને તેલ, ઘી, ચરબી કે માખણ વડે એક કે અનેકવાર માલિશ કરે, કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૭૮. જે સાધુ–સાધ્વી પોતાની આંખને લોધ્ર, કલ્પ, ચૂર્ણ કે વર્ણ વડે એકવાર કે અનેકવાર ઉબટન કરે કે

કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૭૯**. જે સાધુ-સાધ્વી પોતાની આંખને અચિત્ત ઠંડા કે ગરમ પાણી વડે એક કે અનેકવાર ધૂવે કે ધોનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૮૦**. જે સાધુ-સાધ્વી પોતાની આંખને રંગે-ચમકાવે અથવા તેમ કરનારને અનુમોદે. આ છએ કારણોમાં પ્રાયશ્ચિત્ત..

**૧૮૧**. જે સાધુ-સાધ્વી પોતાના પડખાના વાળને કાપે કે સંસ્કારે અથવા તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત. (*** આ સૂત્ર બીજી વખત આવ્યું જણાય છે.)

**૧૮૨**. જે સાધુ-સાધ્વી પોતાની લાંબી ભ્રમરના વાળને કાપે કે સંસ્કારે અથવા તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત. (*** આ સૂત્ર બીજી વખત આવ્યું જણાય છે.)

**૧૮૩**. જે સાધુ-સાધ્વી પોતાની આંખનો, કાનનો, દાંતનો, નખનો મેલ કાઢે છે કે તેને વિશુદ્ધ કરે અથવા તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૮૪**. જે સાધુ-સાધ્વી પોતાના શરીરને પસીનો, જામેલો મેલ, ભીનો મેલ, તેના ઉપર લાગેલી રજ આદિને કાઢે કે તેનું વિશોધન કરે અથવા તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૮૫**. જે સાધુ-સાધ્વી એક ગામથી બીજે ગામ વિહાર કરતા પોતાના માથાને ઢાંકે કે ઢાંકનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**૧૮૬**. જે સાધુ-સાધ્વી શણ, ઉન કે સૂતર કે તેવા પદાર્થમાંથી વશીકરણનો દોરો બનાવે કે બનાવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

---

**૧૮૭**. જે સાધુ-સાધ્વી ઘરમાં, ઘરના મૂળ સ્થાનમાં, ઘરના પ્રમુખદ્વાર સ્થાનમાં, ઘરના ઉપદ્વાર સ્થાનમાં, દ્વારના મધ્ય સ્થાનમાં, ઘરના આંગણામાં, ઘરની પરિશેષ ભૂમિમાં મળ-મૂત્ર પરઠવે કે પરઠવનારની અનુમોદના કરે.

**૧૮૮**. જે સાધુ-સાધ્વી મૃતકગૃહમાં, મૃતકની રાખવાળા સ્થાનમાં મૃતકના સ્તૂપ ઉપર, મૃતકના આશ્રય સ્થાને, મૃતકના લયનમાં, મૃતકની સ્થળભૂમિમાં કે સ્મશાનની ચોતરફ મળ-મૂત્ર પરઠવે કે પરઠવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**૧૮૯**. જે સાધુ-સાધ્વી કોલસા બનાવવાના સ્થાને, ક્ષારાદિ બનાવવાના સ્થાને, પશુને ડામ દેવાના સ્થાને, ઘાસ સળગાવવાના સ્થાને, ભૂસું સળગાવવાના સ્થાને, મળ-મૂત્ર પરઠવે કે પરઠવનારની અનુમોદના કરે

**૧૯૦**. જે સાધુ-સાધ્વી નવી હળ ચલાવેલ ભૂમિમાં, નવી માટીની ખાણમાં, જ્યાં લોકો મળ-મૂત્રાદિ તજતા હોય કે ન તજતા હોય ત્યાં મળ-મૂત્ર પરઠવે કે પરઠવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૯૧**. જે સાધુ-સાધ્વી ઘણા કાદવ કે ઓછા પાણીવાળા સ્થાનમાં, કીચડના સ્થાનમાં કે ફૂગવાળા સ્થાને મળ-મૂત્ર પરઠવે કે પરઠવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**૧૯૨**. જે સાધુ-સાધ્વી ગૂલર, વડ, પીપળાદિના ફળ સંગ્રહ કરવાના સ્થાને મળ-મૂત્ર પરઠવે કે પરઠવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૯૩**. જે સાધુ-સાધ્વી પાંદડાવાળી ભાજી, બીજા શાક, મૂળ, કોથમીર, વનસ્પતિ, કોસ્તુભ, જીરુ, દમનક, મરુક વનસ્પતિ વશેષતા સંગ્રહ સ્થાને કે ઉત્પન્ન થનાર વાડીમાં મળ-મૂત્ર પરઠવે કે પરઠવનારને અનુમોદે તો

પ્રાયશ્ચિત્ત.

**૧૯૪**. જે સાધુ–સાધ્વી શેરડી, ચોખા, કુસુંભ કે કપાસના ખેતરમાં મળ–મૂત્ર પરઠવે કે પરઠવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૯૫**. જે સાધુ–સાધ્વી અશોક–સપ્તપર્ણ–ચંપક–આમ્રના વનમાં કે બીજા કોઈ વનમાં જે પત્ર, પુષ્પ, ફળ, બીજ આદિથી યુક્ત હોય ત્યાં મળ–મૂત્ર પરઠવે કે પરઠવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૯૬**. જે સાધુ–સાધ્વી રાત્રે કે વિકાલે મળ–મૂત્ર સ્થાપન કરીને સૂર્યોદય પહેલાં પરઠવે કે પરઠવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**ઉક્ત કોઈપણ દોષ સેવનારને માસિક પરિહારસ્થાન ઉદ્‌ઘાતિક પ્રાયશ્ચિત્ત આવે જેને લઘુમાસિક પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે.**

## નિશીથસૂત્ર-ઉદ્દેશા-૩ નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

# ઉદ્દેશો–૪

નિશીથસૂત્રના આ ચોથા ઉદ્દેશામાં ૧૯૭ થી ૩૧૩ એ રીતે કુલ ૧૧૭ સૂત્રો છે. તે ૧૧૭ સૂત્રોમાં દર્શાવેલ કોઈપણ દોષનું ત્રિવિધે સેવન કરનારને માસિક પરિહારસ્થાન ઉદ્‌ઘાતિક નામનું પ્રાયશ્ચિત્ત આવે છે. જેને લઘુ–માસિક પ્રાયશ્ચિત્ત પણ કહે છે–

ઉદ્દેશા–૧ની માફક અહીં પણ પ્રત્યેક સૂત્રને અંતે 'પ્રાયશ્ચિત્ત' આવે. એ શબ્દ જોડવો. અમે પ્રાયશ્ચિત્ત શબ્દ લખ્યો હોય કે ન હોય પણ બધા સૂત્રમાં 'લઘુમાસિક પ્રાયશ્ચિત્ત' આવે તેમ જાણવું.

૧૯૭. જે સાધુ–સાધ્વી રાજાને વશ કરે કે વશ કરનારની અનુમોદના કરે, તો પ્રાયશ્ચિત્ત.

૧૯૮. જે સાધુ–સાધ્વી રાજાને ખુશામત કરે, કે આ ખુશામત કરનારની અનુમોદના કરે, તો પ્રાયશ્ચિત્ત.

૧૯૯. જે સાધુ–સાધ્વી રાજાને આકર્ષિત કરે કે આ ખુશામત કરનારની અનુમોદના કરે, તો પ્રાયશ્ચિત્ત.

૨૦૦. જે સાધુ–સાધ્વી રાજાના અંગરક્ષકને વશ કરે, વશ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૨૦૧. જે સાધુ–સાધ્વી રાજાના અંગરક્ષકની ખુશામત કરે, કે ખુશામત કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૦૨. જે સાધુ–સાધ્વી રાજાના અંગરક્ષકને આકર્ષિત કરે કે આકર્ષિત કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૦૩ જે સાધુ–સાધ્વી રાજાના નગરરક્ષકને વશ કરે, વશ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૨૦૪. જે સાધુ–સાધ્વી રાજાના નગરરક્ષકની ખુશામત કરે, કે ખુશામત કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૦૫. જે સાધુ–સાધ્વી રાજાના નગરરક્ષકને આકર્ષિત કરે કે આકર્ષિત કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૦૬ જે સાધુ–સાધ્વી રાજાના નિગમરક્ષકને વશ કરે, વશ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૨૦૭. જે સાધુ–સાધ્વી રાજાના નિગમરક્ષકની ખુશામત કરે, કે ખુશામત કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૦૮. જે સાધુ–સાધ્વી રાજાના નિગમરક્ષકને આકર્ષિત કરે કે આકર્ષિત કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૦૯ જે સાધુ–સાધ્વી રાજાના દેશ આરક્ષકને વશ કરે, વશ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૨૧૦. જે સાધુ–સાધ્વી રાજાના દેશ આરક્ષકની ખુશામત કરે, કે ખુશામત કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૧૧. જે સાધુ–સાધ્વી રાજાના દેશ આરક્ષકને આકર્ષિત કરે કે આકર્ષિત કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૧૨ જે સાધુ–સાધ્વી રાજાના સર્વ આરક્ષકને વશ કરે, વશ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૨૧૩. જે સાધુ–સાધ્વી રાજાના સર્વઆરક્ષકની ખુશામત કરે, કે ખુશામત કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૧૪. જે સાધુ–સાધ્વી રાજાના સર્વ આરક્ષકને આકર્ષિત કરે કે આકર્ષિત કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૧૫. જે સાધુ–સાધ્વી સચિત્ત ઔષધિ ધાન્યાદિ. આહાર કરે અથવા કરનારની અનુમોદના કરે  પ્રાયશ્ચિત્ત.

૨૧૬. જે સાધુ–સાધ્વી આચાર્ય કે ઉપાધ્યાયની વિશેષ આજ્ઞા સિવાય કોઈ પણ વિગઈનો આહાર કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૧૭. જે સાધુ–સાધ્વી સ્થાપના કુળોને ન જાણીને, ન ગવેષણા કરીને, ન પૂછીને આહાર ગ્રહણની ઈચ્છાથી તે કુળમાં પ્રવેશ કરે કે પ્રવેશ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૧૮. જે સાધુ–સાધ્વી ઉપાશ્રયમાં અવિધિએ પ્રવેશ કરે કે પ્રવેશનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૧૯. જે સાધુ–સાધ્વી આવવાના માર્ગમાં દાંડો, લાકડી, રજોહરણ, મુહપત્તિ કે અન્ય કોઈ ઉપકરણ રાખે કે રાખનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૨૦. જે સાધુ–સાધ્વી નવા–નવા ઝઘડા ઉત્પન્ન કરે કે કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૨૨૧. જે સાધુ–સાધ્વી ખમાવીને ઉપશાંત કરેલા જૂના કલહ ફરી ઉત્પન્ન કરે કે કરનારની અનુમોદના કરે.

૨૨૨. જે સાધુ–સાધ્વી મોઢું ફાળીફાળીને અર્થાત ખડખડાટ હસે કે તેમ હસનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૨૩. જે સાધુ–સાધ્વી પાર્શ્વસ્થને સંઘાટક આપે કે આપનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૨૨૪. જે સાધુ–સાધ્વી પાર્શ્વસ્થનો સંઘાટક ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૨૫. જે સાધુ–સાધ્વી અવસન્નને સંઘાટક આપે કે આપનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૨૬. જે સાધુ–સાધ્વી અવસન્નનો સંઘાટક ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત

૨૨૭. જે સાધુ–સાધ્વી કુશીલને સંઘાટક આપે કે આપનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૨૮. જે સાધુ–સાધ્વી કુશીલનો સંઘાટક ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૨૯. જે સાધુ–સાધ્વી નિત્યકને સંઘાટક આપે કે આપનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત તો પ્રાયશ્ચિત્ત..

૨૩૦. જે સાધુ–સાધ્વી નિત્યકનો સંઘાટક ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત..

૨૩૧. જે સાધુ–સાધ્વી સંસક્તને સંઘાટક આપે કે આપનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.,

૨૩૨. જે સાધુ–સાધ્વી સંસક્તનો સંઘાટક ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત..

૨૩૩. જે સાધુ–સાધ્વી પાણીથી ભીના થયેલા હાથ, માટીનું પાત્ર, કડછી, કોઈપણ ધાતુપાત્રથી દેવાતા અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે.

**૨૩૪. ઉક્ત સૂત્ર–૨૩૩માં જણાવ્યા મુજબ ૨૧–ભેદ જાણવા.**

જે સાધુ–સાધ્વી સસ્નિગ્ધ – થોડી માત્રામાં પણ સચિત્ત પાણીની ભીનાશ હોય, સચિત્ત એવી જ રજ સહિત હોય, અથવા – સચિત્ત એવી–૧. રજથી લિપ્ત, ૨. માટીથી લિપ્ત, ૩. ક્ષારથી લિપ્ત, ૪.મીઠાથી લિપ્ત, ૫.હરિતાલથી લિપ્ત, ૬.મન:શિલથી લિપ્ત, ૭.પીળી માટીથી લિપ્ત. ૮.ગેરુથી લિપ્ત, ૯. ખડી ચૂર્ણથી લિપ્ત, ૧૦. હિંગુલથી લિપ્ત, ૧૧. અંજનથી લિપ્ત, ૧૨. લોધ્રથી લિપ્ત, ૧૩. કુક્કુસ દ્રવ્યથી લિપ્ત, ૧૪. પિષ્ટથી લિપ્ત, ૧૫. કંદથી લિપ્ત, ૧૬. મૂળથી લિપ્ત, ૧૭. આદુથી લિપ્ત, ૧૮. પુષ્પથી લિપ્ત, ૧૯. કોષ્ટપુટથી લિપ્ત.૨૦. સચિત્ત પાણીથી લિપ્ત, ૨૧. લીલી વનસ્પતિનાં ચૂર્ણથી લિપ્ત.

સંક્ષેપમાં કહીએ તો સચિત્ત અપ્‌કાય, પૃથ્વીકાય કે વનસ્પતિકાયથી સંશ્લિષ્ટ એવા. હાથ, પાત્ર, કડછી કે કોઈ પાત્ર દ્વારા કોઈ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આપે ત્યારે ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત..

૨૩૪ થી ૨૪૯.

૧. જે સાધુ–સાધ્વી ગ્રામારક્ષકને વશ કરે, ખુશામત કરે, આકર્ષિત કરે તો પ્રાયશ્ચિત્ત.

૨. જે સાધુ–સાધ્વી દેશારક્ષકને વશ કરે, ખુશામત કરે, આકર્ષિત કરે તો પ્રાયશ્ચિત્ત.

૩. જે સાધુ–સાધ્વી સીમારક્ષકને વશ કરે, ખુશામત કરે, આકર્ષિત કરે તો પ્રાયશ્ચિત્ત.

૪. જે સાધુ–સાધ્વી અરણ્યારક્ષકને વશ કરે, ખુશામત કરે, આકર્ષિત કરે તો પ્રાયશ્ચિત્ત.

૫. જે સાધુ–સાધ્વી સર્વારક્ષકને વશ કરે, ખુશામત કરે, આકર્ષિત કરે તો પ્રાયશ્ચિત્ત.

**એ પાંચે સૂત્રમાં ત્રણ વસ્તુ લીધી એટલે ૧૫–સૂત્રો થયા. ઉક્ત પંદર ક્રિયા પોતે કરે કે તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.**

૨૫૦ થી ૨૫૫. જે સાધુ–સાધ્વી પરસ્પર અર્થાત્ સાધુ–સાધુના કે સાધ્વી–સાધ્વીના પગને પરસ્પર

૧. એક કે અનેક વાર પ્રમાર્જે કે પ્રમાર્જનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨. એક કે અનેકવાર મર્દન કરે કે કરનારને અનુમોદે, તો પ્રાયશ્ચિત્ત.

૩. એક કે અનેક વાર તેલ, ઘી, ચરબી કે માખણથી અભ્યંજન કરે – કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૪. લોધ્ર, કલ્ક, ચૂર્ણ કે વર્ણ વડે એક કે અનેક વાર ઉબટન કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૫. અચિત્ત ઠંડા કે ગરમ પાણીથી એક કે અનેકવાર ધૂવે કે ધોનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૬. રંગે કે ચમકાવે – કે તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૫૬ થી ૨૬૧. જે સાધુ–સાધ્વી પરસ્પર સાધુ–સાધુની કે સાધ્વી–સાધ્વીની, કાયા–શરીરને ઉપર કહ્યા મુજબ પ્રમાર્જે. મર્દન કરે, અભ્યંજન કરે, ઉબટન કરે, ધુવે કે રંગે આદિ છ સૂત્ર.

૨૬૨ થી ૨૬૭. જે સાધુ–સાધ્વી પરસ્પર કાયાના વ્રણ–ઘાવને સૂત્ર–૨૫૦ થી ૨૫૫ મુજબ. પ્રમાર્જે, મર્દન કરે, અભ્યંજન કરે, ઉબટન કરે, ધૂવે કે રંગે આદિ છ સૂત્ર.

૨૬૮ થી ૨૭૩. જે સાધુ પરસ્પર કાયાના ગુમડા, ફોડલા, મસા, ભગંદર આદિ વ્રણો

૧. કોઈ તીક્ષ્ણ શસ્ત્ર વડે એક કે અનેકવાર છેદે કે છેદનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨. છેદીને લોહી કે પરુ કાઢે કે વિશુદ્ધિ કરે તો પ્રાયશ્ચિત્ત.

૩. વિશુદ્ધિ આદિ પછી અચિત્ત એવા શીત કે ઉષ્ણ પાણી વડે એક કે અનેકવાર પ્રક્ષાલે તો પ્રાયશ્ચિત્ત.

૪. પ્રક્ષાલન બાદ તેના ઉપર લેપ લગાડે તો પ્રાયશ્ચિત્ત.

૫. પછી તેલ–ઘી–ચરબી કે માખણથી મર્દન કરે તો પ્રાયશ્ચિત્ત.

૬. પછી કોઈપણ જાતના ધૂપ વડે સુગંધિત કરે અથવા ઉક્ત કાર્યો કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૭૪. જે સાધુ–સાધ્વી પરસ્પર, ગુદામાં કે નાભિમાં રહેલા ક્ષુદ્ર જીવો – કૃમિ આદિને આંગળી નાંખી–નાંખીને બહાર કાઢે કે કાઢનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૭૫. જે સાધુ–સાધ્વી એકબીજાના વધેલા નખના અગ્રભાગને કાપે, શોભા વધારવા સંસ્કારે કે તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૭૬ થી ૨૮૦. જે સાધુ–સાધ્વી એકબીજાના વધેલા ૧. જાંઘના વાળ, ૨. ગુહ્યભાગના વાશ, ૩. રોમરાજી, ૪. બગલના વાળ, ૫. દાઢી–મૂંછના વાળ કાપે, કાપનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨૮૧ થી ૨૯૭. જે સાધુ–સાધ્વી એકબીજાના દાંત ઘસે – ધૂવે કે રંગે હશે, ૨. હોઠ પ્રમાર્જે, પરિમર્દન કરે, માલિશ કરે, ઉબટન કરે, ધોવે કે રંગે. ૩. લાંબા વધેલા દાઢી–મૂંછના વાળ, નાકના વાળ, આંખની પાંપણના વાળ કાપે, ૪. આંખને પ્રક્ષાલે, પરિમર્દન કરે, માલિશ કરે, ઉબટન કરે, ધોવે કે રંગે કે ઉક્ત સર્વે કાર્ય કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**આ બધાં સૂત્રો સૂત્ર–૧૬૪ થી ૧૮૦ મુજબ જાણવા..**

૨૯૮, ૨૯૯. જે સાધુ–સાધ્વી એકબીજાના ૧. વધેલા ભ્રમરના વાળ ૨. પડખાના વાળ કાપે કે કાપનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩૦૦. જે સાધુ–સાધ્વી એકબીજાના આંખ–કાન–દાંત–નખનો મેલ કાઢે છે કે કાઢનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૩૦૧. જે સાધુ–સાધ્વી એકબીજાનો પરસેવો, મેલ, પંક કે મેલને કાઢે, વિશુદ્ધ કરાવે કે તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩૦૨. જે સાધુ–સાધ્વી એકબીજાના મસ્તકને ગ્રામાનુગ્રામ વિચરતા ઢાંકે કે ઢાંકનારને અનુમોદે પ્રાયશ્ચિત્ત.

**આ સૂત્ર–૨૫૦ થી ૩૦૨નો અર્થ સંક્ષિપ્ત કર્યો છે, કેમ કે પૂર્વે આ સૂત્ર–૧૧૩ થી ૧૮૫માં આવી ગયેલ છે. ફર્ક માત્ર એટલો છે કે ત્યાં આ દોષમાં 'સ્વયં કરે' એમ કહેલું. અહીં આ દોષ 'પરસ્પર સેવે' એમ કહેલ છે. આ બધામાં 'લઘુમાસ' પ્રાયશ્ચિત્ત.**

૩૦૩. જે સાધુ–સાધ્વી ચોથી પોરીસીના ચોથા ભાગમાં મળ–મૂત્ર ત્યાગની ભૂમિનું પ્રતિલેખન ન કરે, ન કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩૦૪. જે સાધુ–સાધ્વી ત્રણ મળ–મૂત્ર ત્યાગ ભૂમિનું પ્રતિલેખન ન કરે કે ન કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૩૦૫. જે સાધુ–સાધ્વી એક હાથની ઓછી લાંબી–પહોળી મળ–મૂત્ર ત્યાગ ભૂમિમાં મળ–મૂત્ર પરઠવે કે પરઠવ–નારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩૦૬. જે સાધુ–સાધ્વી મળ–મૂત્રનો ત્યાગ કર્યા પછી મળદ્ધારને સાફ ન કરે કે સાફ ન કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩૦૭. જે સાધુ–સાધ્વી મળ–મૂત્રનો ત્યાગ કર્યા પછી મળદ્ધારને સાફ ન કરે કે સાફ ન કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩૦૮. જે સાધુ–સાધ્વી મળ–મૂત્રનો ત્યાગ મળદ્ધારને લાકડાથી, વાંસની પટ્ટીથી, આંગળીથી, સળીથી સાફ કરે કે તેમ સાફ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩૦૯. જે સાધુ–સાધ્વી મળ–મૂત્ર ત્યાગી આચમન ન કરે તો પ્રાયશ્ચિત્ત.

૩૧૦. જે સાધુ–સાધ્વી જ્યાં મળ–મૂત્ર ત્યાગે, ત્યાં જ તેની ઉપર આચમન કરે કે આચમન કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩૧૧. જે સાધુ–સાધ્વી મળ–મૂત્રને ત્યાગીને ત્યાંથી ઘણે દૂર જઈને આચમન કરે કે આચમન કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩૧૨. જે સાધુ–સાધ્વી મળમૂત્રનો ત્યાગ કર્યા પછી ત્રણથી અધિક પસલી – ખોબા જેટલા પાણીથી શુદ્ધ કરે, કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩૧૩. જે સાધુ–સાધ્વી અપરિહારિ હોય એટલે કે જેને પરિહાર નામક પ્રાયશ્ચિત્ત આવેલ નથી તેવા શુદ્ધ આચારવાળા હોય તેવા સાધુ–સાધ્વી, પરિહાર નામક પ્રાયશ્ચિત્ત કરી રહેલા સાધુ–સાધ્વીને કહે કે હે આર્ય! હે આર્યા!. ચાલો આપણે બંને સાથે અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ગ્રહણ કરવાને માટે જઈએ. ગ્રહણ કરી પોતપોતાના સ્થાને આહાર–પાન કરીશું. જો તે આવું બોલે કે બોલનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**એ પ્રમાણે આ ઉદ્દેશા–૪માં કહ્યા મુજબ કોઈપણ એક કે વધુ દોષ સ્વયં સેવે, કે સેવનારને અનુમોદે તો માસિક પરિહારસ્થાન ઉદ્‌ઘાતિક અર્થાત્ લઘુમાસિક પ્રાયશ્ચિત્ત આવે..**

## નિશીથસૂત્ર-ઉદ્દેશા-૪ નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## ઉદ્દેશો-૫

નિશીથસૂત્રના આ પાંચમાં ઉદ્દેશામાં સૂત્ર–૩૧૪ થી ૩૯૨ એમ કુલ–૭૯ સૂત્રો છે. જેમાંના કોઈપણ દોષનું ત્રિવિધે સેવન કરનારને 'માસિયં પરિહારટ્ઠાણ ઉદ્‌ઘાતિક' નામનું પ્રાયશ્ચિત્ત આવે છે, જેને 'લઘુ માસિક પ્રાયશ્ચિત્ત' કહેવાય છે.

**૩૧૪ થી ૩૨૪. જે સાધુ–સાધ્વી સચિત્ત વૃક્ષના મૂળમાં – સ્કંધની આસપાસની સચિત્ત પૃથ્વી ઉપર રહીને આ ૧૧ દોષ સેવે કે આ ૧૧ દોષ સેવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત. તે આ પ્રમાણે –**

૩૧૪. એકવાર કે અનેકવાર આમ–તેમ અવલોકન કરે.

૩૧૫. કાયોત્સર્ગ, શયન કે નિષદ્યા કરે.

૩૧૬. અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આહાર કરે.

૩૧૭. મળ–મૂત્રનો ત્યાગ કરે.

૩૧૮. સ્વાધ્યાય કરે.

૩૧૯. સ્વાધ્યાયનો ઉદ્દેશો કરે.

૩૨૦. સ્વાધ્યાયનો સમુદ્દેશ કરે.

૩૨૧. સ્વાધ્યાયની અનુજ્ઞા કરે.

૩૨૨. સૂત્રાર્થ રૂપ સ્વાધ્યાયની વાચના આપે.

૩૨૩. સૂત્રાર્થ રૂપ સ્વાધ્યાયની વાચના ગ્રહણ કરે.

૩૨૪. સૂત્રાર્થ રૂપ સ્વાધ્યાયની પુનરાવર્તના કરે.

૩૨૫. જે સાધુ–સાધ્વી પોતાની સંઘાટિકા અર્થાત ઓઢવાનું વસ્ત્ર અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે સીવડાવે, સીવડાવનાર ને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩૨૬. જે–તે કપડાંને દીર્ઘસૂત્રી કરે – શોભાદિ માટે દોરી નંખાવે કે તેમ કરનારની અનુમોદના કરે.

૩૨૭. જે સાધુ–સાધ્વી લીમડા, પરવળ, બિલ્લીના પાનને અચિત્ત ઠંડા કે ગરમ પાણીમાં ધોઈ–પીસીને ખાય, ખાનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૩૨૮ થી ૩૩૧. જે સાધુ–સાધ્વી ગૃહસ્થના પાદપ્રોંછનકને કે પ્રાતિહારિક પાદપ્રોંછનકને આશ્રીને આ દોષ સેવે કે સેવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત..**

૩૨૮. ગૃહસ્થને આજે પાછું આપીશ કહી બીજા દિવસે આપે,

૩૨૯. ગૃહસ્થને કાલે પાછું આપવાનું કહી, તે જ દિવસે પાછું આપે,

૩૩૦. શય્યાતરને આજે પાછું આપવાનું કહી કાલે આપે.

૩૩૧. શય્યાતરને કાલે પાછું આપવાનું કહી આજે આપે.

**૩૩૨ થી ૩૩૫. જે સાધુ–સાધ્વી પ્રાતિહારિક કે શય્યાતરના દંડ, લાઠી, અવલેખનિકા, વાંસની સળી યાચી નીચેના બબ્બે દોષ સેવે કે સેવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.**

૩૩૨–૩૩૩. આજે જ પાછા આપવાના કહી કાલે આપે.

૩૩૪–૩૩૫. કાલે પાછા આપવાના કહી આજે આપી દે.

**૩૩૬ થી ૩૩૮. જે સાધુ–સાધ્વી ૧. પ્રાતિહારિક, ૨. સાગરિક, ૩. પ્રાતિહારિક અને સાગરિક ઉભયપક્ષી– શય્યા અને સંથારો પાછો આપ્યો નથી. બીજી વખત આજ્ઞા લીધા વિના ઉપયોગમાં લે કે લેનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.**

૩૩૯. જે સાધુ–સાધ્વી શણ – ઉન–પોંડ કે અમિલના કપાસથી દોરા ગૂંથે, દીર્ઘસૂત્રી કરે કે બીજા કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૩૪૦ થી ૩૪૮. જે સાધુ–સાધ્વી અહીં કહેલા સૂત્રાનુસાર – કાષ્ઠ દંડ, વેણુદંડ, વૈતદંડ સંબંધી દોષ સેવે કે સેવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત**

૩૪૦. સચિત્ત દંડાદિ કરવા – બનાવવા.

૩૪૧. સચિત્ત દંડાદિ ધારણ કરવા.

૩૪૨. અચિત્ત દંડાદિનો પરિભોગ કરવો.

૩૪૩–૩૪૫. દંડાદિને રંગીન બનાવવા–ધારવા–વાપરવા.

૩૪૬–૩૪૮. દંડાદિને વિવિધરંગી બનાવવા–ધારવા–વાપરવા.

૩૪૯. જે સાધુ–સાધ્વી નવા વસેલા ગામ, નગર, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પાટણ, આશ્રમ, સંનિવેશ, નિગમ, સંબાહ, રાજધાનીમાં પ્રવેશ કરીને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩૫૦. જે સાધુ–સાધ્વી લોઢા, તાંબા, તરુઆ, શીશા, ચાંદી, સોના કે વજ્રરત્નની ખાણ પાસે વસેલી નવી વસતિમાં જઈને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ગ્રહણ કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩૫૧ થી ૩૬૨. જે સાધુ–સાધ્વી ૧. મુખ, ૨. દાંત, ૩. હોઠ, ૪. નાક, ૫. બગલ, ૬. હાથ, ૭. નખ, ૮. પાન, ૯. પુષ્પ, ૧૦. ફળ, ૧૧. બીજ, ૧૨. હરિત – એ બારમાંથી કોઈપણને વીણા જેવા સૂર કાઢવાને યોગ્ય બનાવે કે બનાવનારને અનુમોદે.

૩૬૩ થી ૩૭૪. જે સાધુ–સાધ્વી ઉપરોક્ત મુખ, દાંત આદિ બાર સૂત્રો મુજબ કોઈ એકથી વીણા જેવા શબ્દો વગાડે કે વગાડનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩૭૫ થી ૩૭૭. જે સાધુ–સાધ્વી – ૧. ઔદ્દેશિક, ૨. સપ્રાભૃતિક, ૩. સપરિકર્મ જેવી શય્યામાં પ્રવેશે કે પ્રવેશનારને અનુમોદે.

૩૭૮. જે સાધુ–સાધ્વી 'સંભોગ પ્રત્યયિક ક્રિયા' માંડલી વ્યવહારાશ્રિત ક્રિયા ન લાગે તેમ બેસે, બેસનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩૭૯. જે સાધુ–સાધ્વી તુંબપાત્ર, કાષ્ઠપાત્ર, માટીપાત્ર જે પરિપૂર્ણ, દઢ, રાખવા યોગ્ય કે કલ્પનીય છે. તેને ટૂકડા કરી–કરીને પરઠવે કે પરઠવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩૮૦. જે સાધુ–સાધ્વી પરિપૂર્ણ, દઢ, રાખવા યોગ્ય કે કલ્પનીય વસ્ત્ર, કંબલ કે પાદપ્રોંછનકના ટૂકડે ટૂકડા કરીને પરઠવે કે પરઠવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩૮૧. જે સાધુ–સાધ્વી દંડ, લાઠી, અવલેખનિકા કે વાંસની સળી તોડી–તોડીને પરઠવે કે પરઠવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૩૮૨ થી ૩૯૨. જે સાધુ–સાધ્વી રજોહરણ સંબંધી આ ૧૧–માનો કોઈપણ દોષ સેવે કે સેવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.**

૩૮૨. પ્રમાણથી મોટું રજોહરણ રાખે.

૩૮૩. રજોહરણની દશી નાની બનાવે.

૩૮૪. રજોહરણને દડાની જેમ ગોળ–ગોળ સાંધે.

૩૮૫. રજોહરણને અવિધિથી બાંધે.

૩૮૬. રજોહરણને એક બંધનથી બાંધે.

૩૮૭. રજોહરણને ત્રણથી અધિક બંધને બાંધે.

૩૮૮. અનિસૃષ્ટ દોષવાળું રજોહરણ રાખે.

૩૮૯. રજોહરણને શરીર પ્રમાણ યોગથી દૂર રાખે.

૩૯૦. રજોહરણ ઉપર બેસે.

૩૯૧. રજોરણ ઉપર માથુ રાખીને સૂવે.

૩૯૨. રજોહરણ ઉપર સૂઈને પડખા ફેરવે.

**એ પ્રમાણે ઉદ્દેશા–૫માં જણાવેલ કોઈપણ દોષ સ્વયં સેવે યાવત્ તે દોષ સેવનારની અનુમોદના કરે, તો તેને માસિક પરિહારસ્થાન ઉદ્‌ઘાતિક નામક પ્રાયશ્ચિત્ત આવે.**

## નિશીથસૂત્ર-ઉદ્દેશા-૫ નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## ઉદ્દેશો-૬

આ ઉદ્દેશામાં સૂત્ર–૩૯૩ થી ૪૬૯ અર્થાત્ ૭૭–સૂત્રો છે. જેમાનાં કોઈપણ દોષનું ત્રિવિધે સેવન કરનારને 'ચાતુર્માસિક પરિહાસ સ્થાન અનુદ્‌ઘાતિક' નામનું પ્રાયશ્ચિત્ત આવે. જેને 'ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત' કહે છે.

પ્રત્યેક સૂત્રને અંતે પ્રાયશ્ચિત્ત આવે એમ જોડવાનું છે. અમે બધા સ્થાને એ નિર્દેશ કર્યો નથી. તો પણ તેમ સમજી લેવું.

૩૯૩. જે સાધુ મૈથુન સેવન માટે સ્ત્રીને (સાધ્વી હોય તો પુરુષને) વિનવણી કરે કે કરનારને અનુમોદે.

૩૯૪. જે સાધુ–સાધ્વી મૈથુન સેવનના સંકલ્પથી હસ્તકર્મ કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩૯૫. જે સાધુ–સાધ્વી મૈથુન સેવનના સંકલ્પથી જનનેન્દ્રિયને કાષ્ઠાદિથી સંચાલિત કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.,

૩૯૬. જે સાધુ–સાધ્વી મૈથુન સેવનના સંકલ્પથી જનનેન્દ્રિયનું મર્દન કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.,

૩૯૭. જે સાધુ–સાધ્વી મૈથુન સેવનના સંકલ્પથી તેલ આદિથી જનનેન્દ્રિયની માલિશ કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.,

૩૯૮. જે સાધુ–સાધ્વી મૈથુન સેવનના સંકલ્પથી કલ્કાદિ ગંધ દ્રવ્યથી ઉબટન કરે, કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩૯૯. જે સાધુ–સાધ્વી મૈથુન સેવનના સંકલ્પથી જળથી ધુવે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.,

૪૦૦. જે સાધુ–સાધ્વી મૈથુન સેવનના સંકલ્પથી ચામડી ઊંચી કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.,

૪૦૧. જે સાધુ–સાધ્વી મૈથુન સેવનના સંકલ્પથી જનનેન્દ્રિયને સૂંઘે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.,

૪૦૨. જે સાધુ–સાધ્વી મૈથુન સેવનના સંકલ્પથી કોઈ અચિત્ત શ્રોતાદિમાં વીર્ય કાઢે, સાધ્વી રજ કાઢે કે કાઢનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત..

૪૦૩ થી ૪૦૫. જે સાધુ મૈથુન સેવનની ઇચ્છાથી સ્ત્રીને (સાધ્વી – પુરુષને) આ પ્રમાણે કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧. સ્ત્રીને વસ્ત્રરહિત કરે કે વસ્ત્રરહિત થવા દે.

૨. કલહ કરે, કલહ ઉત્પાદક વચન કહે, કલહ માટે જાય.

૩. પત્ર લખે, લખાવે, લખવા માટે બહાર જાય.

૪૦૬ થી ૪૧૦. મૈથુન સેવનની ઇચ્છાથી જે સાધુ–સાધ્વી આ દોષ સેવે કે સેવનારને અનુમોદે–

૧. જનનેન્દ્રિય કે અપાન દ્વારના અગ્રભાગને ઔષધિ વિશેષથી પીડાયુક્ત કરે.

૨. એ રીતે પીડાયુક્ત કરીને તેને અચિત્ત ઠંડા કે ઉષ્ણ પાણીથી ધુવે.

૩. ધોઈને એક કે અનેક વખત આલેપન કરે.

૪. આલેપન કર્યા પછી તેલ વગેરેથી એક કે અનેક વાર માલિશ કરે.

૫. માલિશ કરીને કોઈ સુગંધી પદાર્થથી એક કે અનેક વખત સુવાસિત કરે.

૪૧૧ થી ૪૧૫. જે સાધુ–સાધ્વી મૈથુન સેવનની ઇચ્છા થકી આ પાંચમાને કોઈ દોષ સેવે કે સેવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧. અખંડ વસ્ત્રો ધારણ કરે–રાખે,

૨. અક્ષત્ વસ્ત્રો ધારણ કરે–રાખે,

૩. ધોઈને રંગેલા વસ્ત્રો ધારણ કરે કે મલિન વસ્ત્રો રાખે,

૪. અનેક રંગી વસ્ત્રો ધારણ કરે,

૫. અનેક રંગી કે ચિત્રિત વસ્ત્રો ધારણ કરે.

૪૧૬ થી ૪૬૮. અહીં કુલ–૫૩ સૂત્રો છે.

આ સૂત્રો પૂર્વે ઉદ્દેશા–૩ માં કહેલ સૂત્ર–૧૩૩ થી ૧૮૫ મુજબ છે. ફરક એટલો છે કે ત્યાં ૫૩ સૂત્રોમાં સાધુ–સાધ્વી સ્વયં કરે એમ કહ્યું.

આ જ ૫૩ સૂત્રોનો સંક્ષિપ્ત અર્થ ઉદ્દેશા–૪માં સૂત્ર–૨૫૦ થી ૩૦૨માં પણ કહ્યો છે. પણ ત્યાં આ દોષ સાધુ પરસ્પર સેવે તેમ કહેલ છે.

આ જ ૫૩ દોષ અહીં પણ લીધા છે. પરંતુ અહીં તે દોષોનું સેવન મૈથુન સેવનના સંકલ્પથી સાધુ કોઈપણ સ્ત્રી સાથે કરે (સાધ્વી–પુરુષ સાથે કરે) કે તેમ કરનારને અનુમોદે, માટે કહ્યું છે..

૪૧૬. એક કે અનેક વખત પગથી પ્રમાર્જના કરે ત્યાંથી લઈને.....

૪૬૮. એક ગામથી બીજે ગામ જતા મસ્તકનું આચ્છાદન કરે. ત્યાં સુધી આ દોષો સમજી લેવા. માત્ર આ બધી ક્રિયા મૈથુન સેવનની ઇચ્છાથી થઈ હોય. પ્રાયશ્ચિત્ત ગુરુ ચૌમાસી.

૪૬૯. જે સાધુ–સાધ્વી મૈથુન સેવનના સંકલ્પથી દૂધ, દહીં, માખણ, ઘી, ગોળ, ખાંડ, મિશ્રી આદિ પૌષ્ટિક આહાર કરે. આહાર કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

## નિશીથસૂત્ર-ઉદ્દેશા-૬ નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

# ઉદ્દેશો-૭

**નિશીથસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર–૪૭૦ થી ૫૬૦ એ પ્રમાણે કુલ–૯૧ સૂત્રો છે. જેમાનાં કોઈપણ દોષનું સેવન કરનારને 'ચાતુર્માસિક પરિહારસ્થાન અનુદ્‌ઘાતિક' પ્રાયશ્ચિત્ત આવે, જેનું બીજું નામ 'ગુરુ ચૌમાસી' પ્રાયશ્ચિત્ત છે.**

**અહીં પ્રત્યેક સૂત્રને અંતે 'ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે' આ વાક્ય જોડવું જરૂરી છે. અમે ક્યાંય નોંધેલ નથી પણ વાચકે બધે આ વાક્ય જોડીને જ સૂત્ર વાંચવું.**

૪૭૦ થી ૪૭૨. જે સાધુ–સ્ત્રી સાથે (સાધ્વી–પુરુષ સાથે) મૈથુન સેવનની ઈચ્છાથી તૃણ, મુંજ, કાષ્ઠ, મીણ, ભીંડ, મોરપીંછા, હાડકાં, દાંત, શંખ, શીંગડા, પાન, પુષ્પ, ફળ, બીજુ વનસ્પતિ એ ૧૬માંથી કોઈપણની માળા

૧. બનાવે કે બનાવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૨. ધારણ કરે કે ધારણ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૩. પહેરે કે પહેરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત

૪૭૩ થી ૪૭૫. જે સાધુ–સ્ત્રી સાથે સાધ્વી–પુરુષ સાથે. મૈથુન સેવનની ઈચ્છાથી લોઢાનું, તાંબાનું, ત્રપુષનું, શીશાનું, ચાંદીનું કે સોનાનું કડું

૧. બનાવે કે બનાવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૨. ધારણ કરે કે ધારણ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૩. પહેરે કે પહેરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૪૭૬ થી ૪૭૮. જે સાધુ–સ્ત્રી સાથે સાધ્વી–પુરુષ સાથે. મૈથુન સેવનની ઈચ્છાથી હાર, અર્ધહાર, એકાવલી, મુક્તાવલી, કનકાવલી, રત્નાવલી, કટિસૂત્ર, ભૂજબંધ, કેયૂર, કુંડલ, મુગટ, પ્રલંબસૂત્ર કે સુવર્ણસૂત્ર

૧. બનાવે કે બનાવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૨. ધારણ કરે કે ધારણ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૩. પહેરે કે પહેરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૪૭૯ થી ૪૮૧. જે સાધુ–સ્ત્રી સાથે સાધ્વી–પુરુષ સાથે. મૈથુન સેવનની ઈચ્છાથી મૃગચર્મ, સૂક્ષ્મવસ્ત્ર, સૂક્ષ્મ કલ્યાણક વસ્ત્ર, આજાતિ, કાયાતિ, ક્ષૌમિક, દુકુલક, તિરીડપટ્ટ, મલયજ, પત્રુહ્લ, અંશુક, ચિનાંશુક, દેશરાગ, અમ્લાય, ગજ્જલ, સ્ફટિક, કોનવ, કુંબલ, પાવર, ઉદ્ગ, પેશલ, પેસલેશ, કૃષ્ણ–નીલ–ગૌર–મૃગચર્મ, કાનક, કનકાંત, કનકપટ્ટ, કનક ખચિત, કનક સ્પર્શિત, વ્યાઘ્ર, ચિત્તો, આભરણયુક્ત, અનેક આભરણયુક્ત આ ચોંત્રીશમાંથી કોઈપણ પ્રકારના વસ્ત્રને

૧. બનાવે કે બનાવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૨. ધારણ કરે કે ધારણ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૩. પહેરે કે પહેરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૪૮૨. જે સાધુ, મૈથુન સેવનની ઈચ્છાથી કોઈ સ્ત્રીની કોઈપણ ઈન્દ્રિય, હૃદયપ્રદેશ, ઉદર કે સ્તનને ગ્રહણ કરીને તેનું સંચલન કરે કે કરનારને અનુમોદે–

૪૮૩ થી ૫૩૫. આ ૫૩ સૂત્રો છે.

જે ત્રીજા ઉદ્દેશાના ૧૩૩ થી ૧૮૫ સૂત્ર મુજબ જ સમજી લેવા.

**આ પ્રકારે ૫૩ સૂત્ર ત્રીજા ઉદ્દેશા પછી ચોથા અને છઠ્ઠા ઉદ્દેશામાં પણ આવેલ છે.**

સૂત્રો બધે જ આ જ છે, પણ તે ક્રિયા કરવા પાછળના હેતુમાં ફરક છે.

**આ ઉદ્દેશામાં 'મૈથુનની ઈચ્છાથી આ ક્રિયા પરસ્પર કરે' તે હેતુ છે.**

**જે સાધુ સ્ત્રી સાથે મૈથુનની ઇચ્છાથી સાધ્વી–પુરુષ સાથે મૈથુનેચ્છાથી. એકબીજાના પગ પ્રમાર્જે, પગનું મર્દન કરે, ઇત્યાદિથી આરંભીને છેક ૫૩ મું સૂત્ર. જે સાધુ–સ્ત્રી સાથે મૈથુન ઇચ્છાથી ગ્રામાનુગ્રામ વિચરતા એકબીજાના મસ્તકને આવરણ કરે કે તેમ કરનારને અનુમોદે તો 'ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત' આવે ત્યાં સુધીના સૂત્રો જાણવા.**

૫૩૬ થી ૫૪૪. જે સાધુ મૈથુન સેવનની ઇચ્છાથી કોઈ સ્ત્રીને (સાધ્વી હોય તો કોઈ પુરુષને)

૫૩૬. સચિત્ત પૃથ્વીની નિકટની ભૂમિ ઉપર,

૫૩૭. સચિત્ત જળથી સ્નિગ્ધ ભૂમિ ઉપર,

૫૩૮. સચિત્ત રજ યુક્ત ભૂમિ ઉપર,

૫૩૯. સચિત્ત માટી યુક્ત ભૂમિ ઉપર,

૫૪૦. સચિત્ત એવી પૃથ્વી ઉપર,

૫૪૧. સચિત્ત એવી શીલા ઉપર,

૫૪૨. સચિત્ત માટીના ઢેફા કે પથ્થર ઉપર –

૫૪૩. ધુણ લાગવાથી કે કાષ્ઠ જીવ યુક્ત હોય, તેની ઉપર તથા જે સ્થાન ઇંડા, ત્રસ જીવ, બીજ, લીલું ઘાસ, ઓસ, પાણી, કીડીના દર, લીલ–ફૂગ, ભીની માટી કે કરોળિયાના જાળા હોય તેવા સ્થાને–

૫૪૪. અર્ધ પલ્યંકાસન કે ખોળામાં–

**ઉક્ત નવે સ્થિતિમાં બેસાડે, સૂવડાવે કે બેસાડનાર અથવા સૂવડાવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.**

૫૪૫. જે સાધુ–સ્ત્રી સાથે મૈથુન સેવનની ઇચ્છાથી સ્ત્રીને જાંઘ ઉપર કે પલ્યંકાસને બેસાડી કે સૂવડાવીને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ખવડાવે કે પીવડાવે અથવા ખવડાવનાર, પીવડાવનારની અનુમોદના કરે.

૫૪૬, ૫૪૭. જે સાધુ સ્ત્રી સાથે સાધ્વી–પુરુષ સાથે. મૈથુન સેવનની ઇચ્છાથી તેને ધર્મશાળામાં, બગીચામાં, ગૃહસ્થના ઘેર, પરિવ્રાજકના સ્થાનમાં–

૧. બેસાડે, સૂવડાવે કે તેમ કરનારને અનુમોદે–

૨. બેસાડી કે સૂવડાવી અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ખવડાવે, પીવડાવે કે તેમ કરનારને અનુમોદે–

૫૪૮. જે સાધુ મૈથુનની ઇચ્છાથી સ્ત્રીની સાધ્વી–પુરુષની. કોઈ પ્રકારે ચિકિત્સા કરે કે કરનારને અનુમોદે.

૫૪૯. જે સાધુ મૈથુનની ઇચ્છાથી સ્ત્રીની (સાધ્વી–પુરુષની) અમનોજ્ઞ પુદ્‌ગલોને બહાર કાઢે કે તેમ કરનારને અનુમોદે તો પ્રાયાશ્ચિત્ત.

૫૫૦. જે સાધુ મૈથુનની ઇચ્છાથી સ્ત્રીની (સાધ્વી–પુરુષની) મનોરમ પુદ્‌ગલોનો પ્રક્ષેપ કરે. તેમ કરનારને અનુમોદે તો પ્રાયાશ્ચિત્ત

૫૫૧ થી ૫૫૩. જે સાધુ સાધ્વી. મૈથુન સેવનની ઇચ્છાથી કોઈપણ જાતિના પશુ કે પક્ષીના–

૧. પગ, પાર્શ્વભાગ, પૂંછ કે મસ્તકને પકડીને,

૨. ગુપ્તાંગમાં કાષ્ઠ, વાંસની સળી, આંગળી કે ધાતુ આદિની શલાકાનો પ્રવેશ કરાવીને,

૩. તેમને સ્ત્રી સમજીને આલિંગન કરે, દઢ સ્પર્શ કરે, સર્વગ ચુંબન કરે, નખ આદિથી છેદન કરે,

અથવા આવું કરનાર બીજાને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૫૫૪, ૫૫૫. જે સાધુ સાધ્વી. મૈથુન સેવનની ઇચ્છાથી સ્ત્રીને પુરુષને. અશન, પાન, ખાદિમ, સ્વાદિમ

૧. આપે કે આપનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨. લે કે લેનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૫૫૬, ૫૫૭. જે સાધુ મૈથુન સેવનની ઈચ્છાથી સ્ત્રીને કે સાધ્વી–પુરુષને. વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રૌંછન

૧. આપે કે આપનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત,

૨. લે અથવા લેનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત

૫૫૮, ૫૫૯. જે સાધુ સ્ત્રી સાથે સાધ્વી–પુરુષ સાથે. મૈથુન સેવનની ઈચ્છાથી સૂત્રાર્થની વાચના

૧. આપે કે આપનારને અનુમોદન કરે તો પ્રાયશ્ચિત્ત

૨. લે કે લેનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત

૫૬૦. જે સાધુ–સ્ત્રી સાથે સાધ્વી–પુરુષ સાથે. મૈથુન સેવનની ઈચ્છાથી કોઈપણ ઈન્દ્રિયનો આકાર બનાવે કે હાથ વગેરેથી તેવી કામચેષ્ટા કરે કે કરાવનારને અનુમોદે.

**એ પ્રમાણે ઉદ્દેશા–૭ માં કોઈપણ એક કે વધુ દોષનું સેવન કરે યાવત્ અનુમોદે. તેને ‘ચાતુર્માસિક પરિહારસ્થાન અનુદ્‌ઘાતિક’ અર્થાત્ ‘ગુરુ ચૌમાસી’ પ્રાયશ્ચિત્ત આવે..**

## નિશીથસૂત્ર-ઉદ્દેશા-૭ નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

# ઉદ્દેશો-૮

નિશીથસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર–૫૬૧ થી ૫૭૯ એ પ્રમાણે ૧૯–સૂત્રો છે. જેમાનાં કોઈપણ દોષનું ત્રિવિધે સેવન કરનારને 'ચાતુર્માસિક પરિહાસ સ્થાને અનુદ્‌ઘાતિક' નામનું પ્રાયશ્ચિત્ત આવે. જેને 'ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત' કહે છે.

પ્રત્યેક સૂત્રને અંતે અહીં 'ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત' આવે એ વાક્ય જોડવું. અમે તે વાક્ય નોંધેલ નથી.

૫૬૧ થી ૫૬૯. જે સાધુ એકલો હોય, એકલી સ્ત્રી સાથે નીચે કહેલા સ્થાનમાં વિચરે, સ્વાધ્યાય કરે, અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આહાર કરે, મળ–મૂત્ર પરઠવે કે કોઈ સાધુ અનાર્ય, નિષ્ઠુર, સાધુએ ન કહેવા યોગ્ય કથા કહે કે તેમ કહેનાર–કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત, તે સ્થાનો–

૫૬૧. ધર્મશાળા, ઉદ્યાનગૃહ, ગૃહસ્થઘર, આશ્રમમાં.

૫૬૨. ઉદ્યાન, ઉદ્યાનગૃહ, ઉદ્યાનશાળા, નિર્ગમન, નિર્યાણગૃહ, નિર્યાણશાળામાં.

૫૬૩. પ્રાસાદોપરીગૃહ, અટ્ટાલિકા, પ્રાકાર, ચરિકા, દ્વાર કે ગોપુરમાં.

૫૬૪. જળમાર્ગ, જળપથ, જળનીર, જળસ્થાનમાં.

૫૬૫. શૂન્યગૃહ, શૂન્યશાળા, ભિન્નગૃહ, ભિન્નશાળા, કૂટાગાર, કોષ્ઠાગારમાં.

૫૬૬. તૃણશાળા, તૃણગૃહ, તુસશાળા, તુસગૃહાદિમાં.

૫૬૭. યાનશાળા, યાનગૃહ, તુસશાળા, તુસગૃહાદિમાં.

૫૬૮. પણ્યશાળા, પણ્યગૃહ, પર્યાગશાળા, પર્યાગગૃહ, કુપ્યશાળા, કુપ્યગૃહમાં.

૫૬૯. ગૌશાળા, ગૌગૃહ, મહાશાળા, મહાગૃહમાં.

૫૭૦. જે સાધુ રાત્રિમાં કે વિકાળે સ્ત્રી પર્ષદામાં, સ્ત્રીયુક્ત પર્ષદામાં, સ્ત્રીઓથી ઘેરાયેલા રહીને અપરિમિત કથા કરે કે કથા કહેનારની અનુમોદના કરે–

(ઉક્ત દશે સૂત્રો સાધ્વી માટે – પુરુષના સંદર્ભમાં સમજવા..)

૫૭૧. જે સાધુ સ્વગચ્છ કે પરગચ્છના સાધ્વી સાથે, આગળ કે પાછળ ગ્રામાનુગ્રામ વિચરતા સંકલ્પ–વિકલ્પ કરે, ચિંતાતુર રહે, શોક–સાગરમાં ડૂબેલો રહે, હથેળી ઉપર મુખ રાખી આર્તધ્યાન કરે યાવત્ સાધુએ ન કહેવા યોગ્ય કથા કહે કે કહેનારની અનુમોદના કરે.

૫૭૨ થી ૫૭૪. જે સાધુ સ્વજનની, પરજનની, ઉપાસક કે અન્ય કોઈ સ્ત્રીને

૧. ઉપાશ્રયમાં અર્ધ રાત્રિ કે પૂર્ણ રાત્રિ સુધી રાખે રાખનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૨. તે નિમિત્તે ગમનાગમન કરે કે તેમ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૩. તેણીના નિમિત્તે પ્રવેશ કે નિર્ગમન કરે કે તેમ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૫૭૫ થી ૫૭૯. જે સાધુ (સાધ્વી) રાજા, ક્ષત્રિય, શુદ્ધ વંશવાળા, મુર્દ્ધાભિસિક્ત રાજાના નિમ્નોક્ત સ્થાનોમાં અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ગ્રહણ કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૫૭૫. જે સાધુ (સાધ્વી) રાજા, ક્ષત્રિય, શુદ્ધ વંશવાળા, મુર્દ્ધાભિસિક્ત રાજાના ગોષ્ઠીમાં પીંડદાનમાં, ઇંદ્ર મહોત્સવમાં, સ્કંદ મહોત્સવમાં, રુદ્ર મહોત્સવમાં, મુકુંદ મહોત્સવમાં, ભૂત મહોત્સવમાં, યક્ષ મહોત્સવમાં,નાગ મહોત્સવમાં, સ્તૂપ મહોત્સવમાં, ચૈત્ય મહોત્સવમાં, વૃક્ષ મહોત્સવમાં, ગિરિ મહોત્સવમાં, દરિ મહોત્સવમાં, અગડ મહોત્સવમાં, તડાગ મહોત્સવમાં, દ્રહ મહોત્સવમાં, નદી મહોત્સવમાં, સરોવર મહોત્સવમાં, સાગર મહોત્સવમાં, આકર મહોત્સવમાં, કે તેવા પ્રકારના અન્ય કોઈપણ મહોત્સવ હોય ત્યાં અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ગ્રહણ કરે કે

કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૫૭૬. જે સાધુ (સાધ્વી) રાજા, ક્ષત્રિય, શુદ્ધ વંશવાળા, મુર્દ્ધાભિસિક્ત રાજાની ઉત્તરશાળા કે ઉત્તરગૃહમાં હોય અને ત્યાં અશનાદિ આહાર કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૫૭૭. જે સાધુ (સાધ્વી) રાજા, ક્ષત્રિય, શુદ્ધ વંશવાળા, મુર્દ્ધાભિસિક્ત રાજાદિને ત્યાં રખાયેલ દૂધ, દહીં, માખણ, ઘી, તેલ, ગોળ, સાકરાદિ પદાર્થ કે તેવા આહારને લે કે લેનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૫૭૮. જે સાધુ (સાધ્વી) રાજા, ક્ષત્રિય, શુદ્ધ વંશવાળા, મુર્દ્ધાભિસિક્ત રાજાદિને ત્યાં કાગડા વગેરેને ફેંકવાના કે જમ્યા બાદ બીજાને આપવાના આહારને લે અથવા લેનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૫૭૯. જે સાધુ (સાધ્વી) રાજા, ક્ષત્રિય, શુદ્ધ વંશવાળા, મુર્દ્ધાભિસિક્ત રાજાદિને ત્યાં ઉત્સૃષ્ટપિંડ, સંસક્તપિંડ, અનાથપિંડ કે વનીપકપીંડ એમાંથી કોઈ પીંડ ગ્રહણ કરે કે અનુમોદે તો પ્રાયશ્ચિત્ત

## નિશીથસૂત્ર-ઉદ્દેશા-૮ નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

૦૦૦૦

# ઉદ્દેશો-૯

**નિશીથસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર–૫૮૦ થી ૬૦૭ એ પ્રમાણે ૨૮–સૂત્રો છે. જેમાનાં કોઈપણ દોષનું ત્રિવિધે સેવન કરનારને 'ચાતુર્માસિક પરિહાસ સ્થાને અનુદ્‌ઘાતિક' કે જે 'ગુરુ ચૌમાસી' નામે પણ ઓળખાય છે, તે પ્રાયશ્ચિત્ત આવે.**

**પ્રત્યેક સૂત્રને અંતે અહીં 'ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત' આવે એ વાક્ય જોડવું. અમે તે વાક્ય નોંધેલ નથી.**

૫૮૦. જે સાધુ–સાધ્વી રાજપીંડ ગ્રહણ કરે, કે તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૫૮૧. જે સાધુ–સાધ્વી રાજપીંડ ભોગવે કે તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત

૫૮૨. જે સાધુ–સાધ્વી રાજાના અંતઃપુરમાં પ્રવેશે કે પ્રવેશ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૫૮૩. જે સાધુ રાજાની અંતઃપુરિકાને કહે કે હે આયુષ્મતી રાયંતપુરિકા ! અમને રાજાના અંતઃપુરમાં પ્રવેશ કરવાનું કે નીકળવાનું કલ્પે નહીં, તેથી તું આ પાત્રને લઈને રાજાના અંતઃપુરમાં અશન, પાન, ખાદિમ, સ્વાદિમ અહીં લાવીને આપ. જો સાધુ તેણીને આવું કહે કે કહેનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૫૮૪. જો સાધુ ન કહે, પણ અંતઃપુરિકા કહે કે હે આયુષ્યમાન શ્રમણ ! તમને રાજાના અંતઃપુરમાં પ્રવેશવું કે નીકળવું કલ્પતુ નથી, તેથી આ પાત્ર મને આપો. હું અંતઃપુરથી અશનાદિ લાવીને આપું. જો તેણીના આ વચનને સ્વીકારે કે સ્વીકારનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૫૮૫. જે સાધુ–સાધ્વી, શુદ્ધ વંશજ મૂર્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાના દ્વારપાળ, પશુ, નોકર, સૈનિક, દાસ, ઘોડા, હાથી, અટવી, દુર્ભિક્ષ, દુષ્કાળ પીડિત, દીનજન, રોગી, વર્ષા પીડિત કે આગંતુકોના નિમિત્તે બનેલ ભોજન ગ્રહણ કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૫૮૬. જે સાધુ–સાધ્વી શુદ્ધ વંશજ મૂર્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાના આ છ દોષ સ્થાનોની ચાર–પાંચ દિવસમાં જાણકારી કર્યા વિના, પૂછ્યા વિના, ગવેષણા વિના ગાથાપતિના કુળોમાં આહાર માટે નીકળે કે પ્રવેશે કે તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

આ છ દોષસ્થાન આ પ્રમાણે કોષ્ઠાગાર, ભાંડાગાર, પાનશાળા, ક્ષીરશાળા, ગંજશાળા, મહાનસશાળા.

૫૮૭. જે સાધુ–સાધ્વી શુદ્ધવંશજ મૂર્દ્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાના આવાગમનના સમયે, તેમને જોવાના સંકલ્પથી એક ડગલું પણ ચાલે કે ચાલનારને અનુમોદે.

૫૮૮. જે સાધુ ઉક્ત રાજાની સર્વાલંકારોથી વિભૂષિત રાણીને જોવાની ઈચ્છાથી એક ડગલું ચાલે કે ચાલનારને અનુમોદે, તો પ્રાયશ્ચિત્ત.

૫૮૯. જે સાધુ ઉક્ત રાજા માંસ, મત્સ્ય, શરીરાદિ ખાવાને માટે બહાર ગયેલ હોય, તેના અશનાદિને ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે.

૫૯૦. જે સાધુ–સાધ્વી ઉક્ત રાજાના અન્ય અશનાદિમાંથી કોઈ એક શરીર પુષ્ટિકારક મનગમતી વસ્તુ જોઈને તેની જે પર્ષદા ઊઠી ન હોય, એક પણ માણસ ત્યાંથી નીકળેલ ન હોય, બધાં ચાલ્યા ન ગયા હોય, તે રાજાના અશનાદિ ગ્રહણ કરે.

૫૯૧. બીજું જ્યારે એમ જાણે કે આજ અહીં રાજા રોકાયેલ છે, ત્યારે જે સાધુ–સાધ્વી તે ઘરમાં, તે ઘરના કોઈ વિભાગમાં, તે ઘરની નજીક કોઈ સ્થાને રહે, સ્વાધ્યાય કરે, અશન–પાન–ખાદિમ–સ્વાદિમનો આહાર કરે, મળ–મૂત્ર ત્યાગે, અન્ય કોઈ અનાર્ય, નિષ્ઠુર, સાધુને યોગ્ય નહીં તેવી કથા કહે કે ઉક્ત બંને દોષ સેવનારને અનુમોદે.

**૫૯૨ થી ૫૯૭. જે સાધુ–સાધ્વી શુદ્ધવંશજ મૂર્દ્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાના અહીં કહેલ છ પ્રસંગોએ અશન, પાન,**

**ખાદિમ, સ્વાદિમ ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.તે આ છ પ્રસંગ–**

૫૯૨. રાજા યુદ્ધાદિ યાત્રાર્થે જતો હોય,

૫૯૩. રાજા યુદ્ધાદિની યાત્રાથી પાછો આવતો હોય,

૫૯૪. રાજા નદીની યાત્રાને માટે જતો હોય,

૫૯૫. રાજા નદીની યાત્રાથી પાછો ફરતો હોય,

૫૯૬. રાજા પર્વતની યાત્રાર્થે જતો હોય,

૫૯૭. રાજા પર્વતની યાત્રાથી પાછો આવતો હોય.

૫૯૮. જે સાધુ–સાધ્વી ઉક્ત રાજાના મહાન અભિષેકના સમયે ત્યાં પ્રવેશે કે બહાર નીકળે કે તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૫૯૯. શુદ્ધવંશીય મૂર્દ્ધાભિષિક્ત રાજાઓના રાજ્યાભિષેકની નગરી, જે રાજધાની કહેવાય છે તે દશ છે. પોતાના નામથી પ્રસિદ્ધ છે. આ રાજધાનીમાં જે સાધુ–સાધ્વી એક માસમાં બે કે ત્રણ વખત આવાગમન કરે કે આવાગમન કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

આ દશ નામ આ પ્રમાણે છે – ચંપા, મથુરા, વારાણસી, શ્રાવસ્તી, સાકેત પુર, કાંપિલ્યનગર, કૌશાંબી, મિથિલા, હસ્તિનાપુર અને રાજગૃહી.

૬૦૦. જે સાધુ–સાધ્વી શુદ્ધવંશીય, મુદ્રાધારી, મૂર્દ્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાના અંગરક્ષક, આધીન રાજા, કુરાજા, રાજ આશ્રિત કે આ ચારેના સેવકો માટે કઢાયેલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ગ્રહણ કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૬૦૧. જે સાધુ–સાધ્વી શુદ્ધવંશીય, મુદ્રાધારી, મૂર્દ્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાના નટ, નૃત્યકાર, રજ્જુનર્તક, જલનર્તક, મલ્લ, મૌષ્ટિક, વેલંબક, કથક, પ્લવક, લાસક આદિ માટે કઢાયેલ, અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ગ્રહણ કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૬૦૨. જે સાધુ–સાધ્વી શુદ્ધવંશીય, મુદ્રાધારી, મૂર્દ્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાના અશ્વ, હસ્તિ, મહિષ, વૃષભ, સિંહ, વાઘ, બકરી, કબૂતર, મૃગ, શ્વાન, શૂકર, મેંઢા, કુર્કુટ, વાંદરો, તીતર, બતક, લાવક, ચિલ્લક, હંસ, મોર, પોપટ આ પશુ–પક્ષીના પોષણ કરનાર, તેને પાળનાર કે રક્ષણ કરનાર માટે કઢાયેલ, અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ગ્રહણ કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૬૦૩. જે સાધુ–સાધ્વી શુદ્ધવંશીય, મુદ્રાધારી, મૂર્દ્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાના અશ્વદમક અને હસ્તિદમક અર્થાત્ વસ્ત્ર આદિથી સુસજ્જિત કરનારા માટે કઢાયેલ, અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ગ્રહણ કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૬૦૪. જે સાધુ–સાધ્વી શુદ્ધવંશીય, મુદ્રાધારી, મૂર્દ્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાના અશ્વ અને હાથી ઉક્ત યુદ્ધાદિમાં આરૂઢ થનારા કે સવારી કરનારાઓ માટે કઢાયેલ, અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ગ્રહણ કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૬૦૫. જે સાધુ–સાધ્વી શુદ્ધવંશીય, મુદ્રાધારી, મૂર્દ્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાના સંદેશદાતા, મર્દન કરનારા, માલિશ કરનારા, ઉબટન કરનારા, સ્નાન કરનારા, આભૂષણ પહેરાવનારા, છત્ર ધારણ કરાવનાર, ચામર ધારણ કરાવનારા, આભૂષણોની પેટી રાખનારા, બદલવાના વસ્ત્ર રાખનારા, દીપક રાખનારા, તલવાર ધારી, ત્રિશૂલધારી, ભાલાધારી એ બધા માટે કઢાયેલ, અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ગ્રહણ કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૬૦૬. જે સાધુ–સાધ્વી શુદ્ધવંશીય, મુદ્રાધારી, મૂર્દ્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાના વર્ષધર–અંતઃપુર રક્ષક, કંચૂકી, અંતઃપુરમાં રહેનાર જન્મ નપુંસક, અંતઃપુરના દ્વારપાલ અને દંડરક્ષક માટે કઢાયેલ, અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ગ્રહણ કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૬૦૭. જે સાધુ–સાધ્વી શુદ્ધવંશીય, મુદ્રાધારી, મૂર્દ્ધાભિષિક્ત ક્ષત્રિય રાજાના કુબ્જા, કિરાતિકા, વામની, વડભી, બર્બરી, બકુશી, યવની, પલ્હવી, ઇસીનિકા, થારુકિલી, લાસીકી, લકુશિકી, સિંહલી, દ્રવિડી, આરબી, પુલિંદી, પકવણી, બહલી, મુરુંડી, શબરી, પારસી આ બધી દાસીઓ માટે કઢાયેલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ગ્રહણ કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

## નિશીથસૂત્ર-ઉદ્દેશા-૯નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

# ઉદ્દેશો-૧૦

**નિશીથસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર–૬૦૮ થી ૬૫૪ એ રીતે ૪૭–સૂત્રો છે. એમાનાં કોઈપણ દોષનું સેવન કરનારને 'ચાતુર્માસિક પરિહાસ સ્થાને અનુદ્‌ઘાતિક' નામનું પ્રાયશ્ચિત્ત આવે.**

**પ્રત્યેક સૂત્રને અંતે આ 'ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત' આવે એ વાક્ય જોડવું. અમે તે વાક્ય નોંધેલ નથી.**

૬૦૮. જે સાધુ–સાધ્વી આચાર્યાદિને રોષયુક્ત, વચન બોલે કે બોલનારની અનુમોદના કરે, તો પ્રાયશ્ચિત્ત.

૬૦૯.. જે સાધુ–સાધ્વી આચાર્યાદિને. રૂક્ષ, વચન બોલે કે બોલનારની અનુમોદના કરે, તો પ્રાયશ્ચિત્ત.

૬૧૦. જે સાધુ–સાધ્વી આચાર્યાદિને રોષયુક્ત રૂક્ષ વચન બોલે કે બોલનારની અનુમોદના કરે, પ્રાયશ્ચિત્ત.

૬૧૧. જે સાધુ–સાધ્વી આચાર્યાદિની અન્ય કોઈ પ્રકારે આશાતના કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૬૧૨. જે સાધુ–સાધ્વી અનંતકાય યુક્ત આહાર કરે, કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૬૧૩. જે સાધુ–સાધ્વી આધાકર્મી ભોગવે કે તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૬૧૫. જે સાધુ–સાધ્વી વર્તમાન સંબંધી નિમિત્ત કહે કે કહેનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૬૧૫. જે સાધુ–સાધ્વી ભવિષ્ય સંબંધી નિમિત્ત કહે કે કહેનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૬૧૭. જે સાધુ–સાધ્વી બીજાના શિષ્યનું અપહરણ કરે, કે કરનારને અનુમોદે.

૬૧૭. જે સાધુ–સાધ્વી શિષ્યના ભાવોનું પરિવર્તન કરે કે તેમ કરનારને અનુમોદે.

૬૧૮. જે સાધુ–સાધ્વી નવી દીક્ષિતનું અપહરણ કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૬૧૯. જે સાધુ–સાધ્વી નવ દીક્ષિતના ભાવોનું વિપરીણમન કરે કે તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૬૨૦. જે સાધુ–સાધ્વી અન્ય ગચ્છથી આવેલ સાધુને પૂછતાછ કર્યા વિના ત્રણ દિનથી અધિક સાથે રાખે કે સાથે રાખનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૬૨૧. જેણે કલેશ કરીને ઉપશાંત કરેલ નથી, તેનું પ્રાયશ્ચિત્ત કરેલ નથી. તેને કોઈ પૂછીને પૂછ્યા વિના જે સાધુ તેની સાથે ત્રણ દિવસથી અધિક આહાર કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૬૨૨ થી ૬૨૫. જે સાધુ–સાધ્વી વિપરીત પ્રાયશ્ચિત્ત કહે કે આપે

૧. ઉદ્‌ઘાતિકને અનુદ્‌ઘાતિક કહે કે તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨. અનુદ્‌ઘાતિકને ઉદ્‌ઘાતિક કહે કે તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩. ઉદ્‌ઘાતિકને અનુદ્‌ઘાતિક આપે કે તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૪. અનુદ્‌ઘાતિકને ઉદ્‌ઘાતિક આપે કે તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૬૨૬ થી ૬૨૯. જે સાધુ ૧. ઉદ્‌ઘાતિક પ્રાયશ્ચિત્ત સેવન, ૨. ઉદ્‌ઘાતિક પ્રાયશ્ચિત્તનો હેતુ, ૩. ઉદ્‌ઘાતિક પ્રાયશ્ચિત્તનો સંકલ્પ, ૪. એ ત્રણે સાંભળીને કે જાણીને તે સાધુ સાથે આહારાદિ વ્યવહાર રાખે કે રાખનારને અનુમોદે.

૬૩૦ થી ૬૩૩. જે સાધુ ૧. અનુદ્‌ઘાતિક પ્રાયશ્ચિત્ત સેવન, ૨. અનુદ્‌ઘાતિક પ્રાયશ્ચિત્તનો હેતુ, ૩. અનુદ્–ઘાતિક પ્રાયશ્ચિત્તનો સંકલ્પ, ૪. એ ત્રણે સાંભળીને કે જાણીને તે સાધુ સાથે આહારાદિ વ્યવહાર રાખે કે રાખનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૬૩૪ થી ૬૩૭. જે સાધુ ૧. ઉદ્‌ઘાતિક કે અનુદ્‌ઘાતિક પ્રાયશ્ચિત્ત સેવન, ૨. તેનો હેતુ, ૩. તેનો સંકલ્પ, ૪. એ ત્રણે વિશે સાંભળીને કે જાણીને તે સાધુ સાથે આહારાદિ વ્યવહાર રાખે કે રાખનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૬૩૮ થી ૬૪૧. જે સાધુ-સાધ્વી નો સૂર્યોદય પછી અને સૂર્યાસ્ત પહેલાં આહાર લાવવાનો અને ખાવાનો

સંકલ્પ હોય છે. તેમાં

૧. જે સમર્થ ભિક્ષુ સંદેહ રહિત આત્મપરિણામોથી,

૨. જે સમર્થ ભિક્ષુ સંદેહયુક્ત આત્મપરિણામોથી,

૩. જે અસમર્થ ભિક્ષુ સંદેહ રહિત આત્મપરિણામોથી,

૪. જે અસમર્થ ભિક્ષુ સંદેહયુક્ત આત્મપરિણામોથી.

આ ચાર વિકલ્પોએ ચાર સૂત્રો છે. આ ચારે સાથે સૂત્રનો સંબંધ આગળ આ રીતે જોડેલ છે.. અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, ગ્રહણ કરીને ખાતા–ખાતા એમ જાણે કે – 'સૂર્યોદય થયો નથી અથવા સૂર્યાસ્ત થઈ ગયો છે.' તો તે સમયે જે આહાર મોઢામાં કે હાથમાં લીધેલ હોય કે પાત્રમાં રાખેલ હોય તેને કાઢીને પરઠવતા એવો તથા મોઢું, હાથ અને પાત્રને પૂર્ણ વિશુદ્ધ કરતો એવો જિનાજ્ઞા ઉલ્લંઘન કરતા નથી. પણ...

જે શેષ આહારને ખાય છે કે ખાનારનું અનુમોદન કરે છે, તે સાધુ–સાધ્વીને ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

૬૪૨. જે સાધુ–સાધ્વી રાત્રે કે સંધ્યા સમયે પાણીનો કે ભોજનનો ઓડકાર આવે અર્થાત્ ઉછાળો આવે ત્યારે તેને મોઢામાંથી બહાર કાઢવાને બદલે ગળે ઊતારી જાય કે ગળે ઊતારનારનું અનુમોદન કરે તો પ્રાયશ્ચિત્ત.

૬૪૩. જે સાધુ–સાધ્વી ગ્લાન સાધુ–સાધ્વીના સમાચાર જાણે પછી તેની ગવેષણા ન કરે કે ગવેષણા ન કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત.

જે સાધુ–સાધ્વી ગ્લાન સાધુ–સાધ્વીના સમાચાર જાણે પછી તે ગ્લાન તરફ જનારો માર્ગ છોડીને, બીજા માર્ગે અથવા પ્રતિપથે ચાલ્યો જાય કે જનારાની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૬૪૩. જે સાધુ–સાધ્વી ગ્લાન સાધુ–સાધ્વીના સમાચાર જાણે પછી તેની ગવેષણા ન કરે કે ગવેષણા ન કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૬૪૪. જે સાધુ–સાધ્વી ગ્લાન સાધુ–સાધ્વીના સમાચાર જાણે પછી તે ગ્લાન તરફ જનારો માર્ગ છોડીને, બીજા માર્ગે અથવા પ્રતિપથે ચાલ્યો જાય કે જનારાની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૬૪૫, ૬૪૬. જે સાધુ ગ્લાનની સેવામાં ઉપસ્થિત થઈને પોતાના લાભથી ગ્લાનનો નિર્વાહ ન થવા ઉપર તેની સમીપે ખેદ પ્રગટ ન કરે કે ન કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૬૪૫, ૬૪૬. જે સાધુ ગ્લાનની સેવામાં ઉપસ્થિત થઈને તે ગ્લાન યોગ્ય ઔષધ, પથ્ય આદિ ન મળે ત્યારે ગ્લાનને આવીને ન કહે કે ન કહેનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૬૪૭. જે સાધુ–સાધ્વી વર્ષાઋતુમાં ગ્રામાનુગ્રામ વિહાર કરે કે વિહાર કરનારાનું અનુમોદન કરે તો પ્રાયશ્ચિત્ત.

૬૪૮. જે સાધુ–સાધ્વી પર્યુષણ કર્યા પછી ગ્રામાનુગ્રામ વિહાર કરે કે વિહાર કરનારાનું અનુમોદન કરે તો પ્રાયશ્ચિત્ત.

૬૪૯. જે સાધુ–સાધ્વી પર્યુષણામાં પર્યુષણા ન કરે કે ન કરનારાને અનુમોદે. તો ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે..

૬૫૦. અપર્યુષણામાં પર્યુષણા કરે કે પર્યુષણા કરનારની અનુમોદના કરે, તો ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે.

**સૂત્ર સાર એ છે કે નિયત દિવસે સંવત્સરી ન કરે, ન કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.**

૬૫૧. જે સાધુ–સાધ્વી પર્યુષણને દિવસે સંવત્સરી દિને. ગાયના રોમ જેટલા વાળા રાખે કે રાખનારની

અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૬૫૨. જે સાધુ–સાધ્વી પર્યુષણા સંવત્સરી દિને. થોડો પણ આહાર કરે કે કરનારની અનુમોદના કરે તો ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે

૬૫૩. જે સાધુ–સાધ્વી અન્યતીર્થિક કે ગૃહસ્થને પર્યુષણા કલ્પ સંભળાવે કે તેમ કરનારને અનુમોદે તો ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે

.

**૬૫૪. જે સાધુ–સાધ્વી ઉક્ત કોઈપણ દોષ સેવે યાવત્ અનુમોદે તો તેને ચાતુર્માસિક પરિહારસ્થાન અનુદ્‌ઘાતિક પ્રાયશ્ચિત્ત આવે.**

## નિશીથસૂત્ર-ઉદ્દેશા-૧૦નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

# ઉદ્દેશો-૧૧

નિશીથસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર–૬૫૫ થી ૭૪૬ એટલે કે કુલ ૯૨–સૂત્રો છે. આ સૂત્રોક્ત કોઈપણ દોષનું ત્રિવિધે સેવન કરવાથી 'ચાતુર્માસિક પરિહારસ્થાન અનુદ્‌ઘાતિક' અર્થાત્ બીજા શબ્દોમાં 'ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત' આવે.

અહીં નોંધેલા પ્રત્યેક સૂત્રને અંતે 'ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે' આ વાક્ય જોડવું ફરજિયાત છે. અમે માત્ર સૂત્રાનુવાદ લખ્યો છે. પણ અભ્યાસ કે આ 'પ્રાયશ્ચિત્ત આવે' વાક્ય સ્વયં જોડી લેવું.

૬૫૫ થી ૬૫૭. જે સાધુ–સાધ્વી લોઢાના, તાંબાના, તરવાના, શીશાના, ચાંદીના, સોનાના, રૂપાના, પિત્તળના, રત્નજડિત લોઢાના, મણિના, કાચના, મોતીના, કાંસાના, શંખના, શીંગડાના, દાંતના, વસ્ત્રના વજ્રના, પથ્થરના કે ચામડાના પાત્રો

૧. બનાવે કે બનાવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨. રાખે કે રાખનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩. પરિભોગ કરે કે ભોગવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૬૫૮ થી ૬૬૦. જે સાધુ–સાધ્વી લોઢાના યાવત્ ચર્મના

૧. બંધન બનાવે કે બનાવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૨. રાખે કે રાખનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૩. પરિભોગ કરે કે પરિભોગ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૬૬૧. જે સાધુ–સાધ્વી અડધા યોજનથી આગળ પાત્રાને માટે જાય કે જનારની અનુમોદના કરે.

૬૬૨. જે સાધુ–સાધ્વી વિઘ્નવાળા માર્ગને કારણે અડધા યોજનન મર્યાદાની બહારથી સામેથી લાવીને આપેલ પાત્ર ગ્રહણ કરે કે ગ્રહણ કરનારની અનુમોદના કરે.

૬૬૩. જે સાધુ–સાધ્વી ધર્મની નિંદા કરે કે નિંદાને અનુમોદે.

૬૬૪. જે સાધુ અધર્મની પ્રશંસા કરે કે પ્રશંસકને અનુમોદે.

૬૬૫ થી ૭૧૭. જે સાધુ–સાધ્વી ૧. અન્યતીર્થિક કે ગૃહસ્થના પગ એક કે અનેક વખત પ્રમાર્જન કરે કે કરનારને અનુમોદે.

આ સૂત્રથી લઈને છેક ૫૩.મું સૂત્ર આવશે.

જે સાધુ–સાધ્વી એક ગામથી બીજે ગામ જતાં વિચરણ કરતા અન્યતીર્થિક કે ગૃહસ્થના મસ્તકને આવરણ કરે, કરનારને અનુમોદે.

**અહીં કુલ–૫૩ સૂત્રો છે. આ સૂત્રો પૂર્વે ઉદ્દેશા–૩ માં સૂત્ર૧૩૩ થી ૧૮૫માં આવ્યા, ત્યાં સાધુ–સાધ્વી આ દોષ 'સ્વયં આચરે' તેમ કહેલ પછી ઉદ્દેશા–૪ માં સૂત્ર–૨૫૦ થી ૩૦૨ના ક્રમમાં આવ્યા ત્યાં સાધુ આ દોષનું પરસ્પર સેવન કરે તેમ કહ્યું..**

**પછી ઉદ્દેશા–૬ માં સૂત્ર ૪૧૬ થી ૪૬૮ના ક્રમમાં આવ્યા ત્યાં સાધુ આ દોષનું સેવન મૈથુનની ઈચ્છાથી કરે તેમ કહ્યું.**

**પછી ઉદ્દેશા–૭ માં સૂત્ર ૪૮૩ થી ૫૩૫ ના ક્રમમાં આવ્યા ત્યાં સાધુ આ દોષનું સેવન મૈથુનની ઈચ્છાથી પરસ્પર કરે તેમ કહ્યું.**

**આ ઉદ્દેશા–૧૧ માં સૂત્ર–૬૬૫થી ૭૧૭ ના ક્રમમાં આવ્યા. અહીં આ જ ૫૩ દોષનું સેવન અન્યતીર્થિક કે ગૃહસ્થને આશ્રીને કરે તેમ કહ્યું.**

૭૧૮. જે સાધુ–સાધ્વી પોતાને બીવડાવે કે બીવડાવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૭૧૯. જે સાધુ-સાધ્વી બીજાને બીવડાવે કે બીવડાવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૭૨૦. જે સાધુ-સાધ્વી પોતાને વિસ્મિત કરે કે વિસ્મિત કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૭૨૧. જે સાધુ-સાધ્વી બીજાને – વિસ્મિત કરે કે વિસ્મિત કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૭૨૨. જે સાધુ-સાધ્વી પોતાને વિપરીત રૂપે બતાવે કે બનાવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૭૨૩. જે સાધુ-સાધ્વી બીજાને – વિપરીત રૂપે બતાવે કે બનાવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૭૨૪. જે સાધુ-સાધ્વી જિનપ્રણિત વસ્તુથી વિપરીત અન્ય ધર્મની પ્રશંસા કરે કે પ્રશંસા કરનારને અનુમોદે.

૭૨૫. બે રાજ્યોનો પરસ્પર વિરોધ હોય, પરસ્પર રાજ્યમાં ગમનાગમન નિષેધ હોય, ત્યાં સાધુ-સાધ્વી વારંવાર ગમન, આગમન કે ગમનાગમન કરે તો પ્રાયશ્ચિત્ત.

૭૨૬. જે સાધુ-સાધ્વી દિવસના ભોજન કરનારની નિંદા કરે કે નિંદા કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૭૨૭. જે સાધુ-સાધ્વી રાત્રિ ભોજનની પ્રશંસા કરે કે પ્રશંસા કરનારની અનુમોદના કરે.

૭૨૮. જે સાધુ-સાધ્વી દિવસના અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ગ્રહણ કરીને રાત્રિના રાખીને બીજે દિવસે-દિવસમાં ખાય કે ખાનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૭૨૯. જે સાધુ-સાધ્વી દિવસના અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ગ્રહણ કરીને રાત્રિના ખાય કે રાત્રે ખાનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૭૩૦. જે સાધુ-સાધ્વી રાત્રિમાં અશન, પાન, ખાદિમ કે સ્વાદિમ ગ્રહણ કરીને દિવસના ખાય કે ખાનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૭૩૧. જે સાધુ-સાધ્વી રાત્રિમાં અશન, પાન, ખાદિમ કે સ્વાદિમ ગ્રહણ કરીને ૨. રાત્રિના ખાય કે રાત્રે ખાનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૭૩૨. જે સાધુ-સાધ્વી આગાઢ કારણ સિવાય અશન, પાન, ખાદિમ, સ્વાદિમ રાત્રિના રાખે કે રાખનારને અનુમોદે.

૭૩૩. જે સાધુ-સાધ્વી અનાગાઢ કારણે રાત્રિમાં અશન, પાન, ખાદિમ, સ્વાદિમને ત્વચાપ્રમાણ, ભૂમિ પ્રમાણ, બિંદુ પ્રમાણ, આહાર પણ કરે કે કરનારાને અનુમોદે.

૭૩૪. જે સાધુ-સાધ્વી જ્યાં ભોજન પહેલાં માંસ કે મચ્છી અપાતી હોય, બીજું ભોજન અપાતું હોય, જ્યાં માંસ કે મચ્છી પકાવાતા હોય તે સ્થાન, ભોજનગૃહમાંથી જે લેવાતું હોય કે બીજે લઈ જવાનું હોય, વિવાહ આદિ માટે જે ભોજન તૈયાર થતું હોય, મૃત ભોજન કે તેવા પ્રકારનું અન્ય ભોજન એકથી બીજે સ્થળે લઈ જવાતું જોઈને–

ઉક્ત ભોજનની ઇચ્છાથી કે તૃષાથી અર્થાત્ ભોજનની અભિલાષાથી તે રાત્રિએ અન્યત્ર નિવાસ કરે એટલે શય્યાતરને બદલે બીજે સ્થાને રાત્રિ પસાર કરે કે કરનારાને અનુમોદે.

૭૩૫. જે સાધુ-સાધ્વી નૈવૈદ્યપીંડ ખાય કે ખાનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૭૩૬. જે સાધુ-સાધ્વી સ્વચ્છંદાચારીની પ્રશંસા કરે કે પ્રશંસા કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૭૩૭. જે સાધુ-સાધ્વી સ્વચ્છંદાચારીને વાંદે કે વાંદનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૭૩૮. જે સાધુ-સાધ્વી જાણીતા-સ્વજનાદિ, અજાણ્યા સ્વજન સિવાયના સેવા અયોગ્ય ઉપાસક કે અનુપાસકને પ્રવ્રજ્યા-દીક્ષા આપે કે દીક્ષા આપનારને અનુમોદે તો પ્રાયશ્ચિત,

૭૩૯. જે સાધુ-સાધ્વી જાણીતા-સ્વજનાદિ, અજાણ્યા સ્વજન સિવાયના સેવા અયોગ્ય ઉપાસક કે અનુપાસકને તેમના ઉપસ્થાપિત કરે કે ઉપસ્થાપિત કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત

૭૪૦. જે સાધુ-સાધ્વી અયોગ્ય અસમર્થ. પાસે વૈયાવચ્ચ સેવા કરાવે કે કરાવનારની અનુમોદના કરે.

૭૪૧. જે સચેલક સાધુ સચેલક સાધ્વીની સાથે રહે કે સ્થવિર કલ્પી અન્ય સામાચારીવાળા કે જિન કલ્પી સાથે રહે આ રીતે રહેનારની અનુમોદના કરે તેને ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત.

૭૪૨. જે સચેલક સાધુ અચેલક સાધ્વી સાથે રહે કે જિનકલ્પી સ્થવિરકલ્પી સાથે રહે. આ રીતે રહેનારની અનુમોદના કરે તેને ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત.

૭૪૩. જે અચેલક સાધુ છે તે સચેલક સાધ્વી સાથે કે જિનકલ્પી સ્થવિરકલ્પી સાથે રહે કે તેમ રહેનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૭૪૪. જે અચેલક સાધુ છે તે અચેલક સાધ્વી સાથે કે અન્ય અચેલક કલ્પી સાથે રહે કે તેમ રહેનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૭૪૫. જે સાધુ–સાધ્વી રાત્રે રાખેલ પીપર, પીપર ચૂર્ણ, સૂંઠ, સૂંઠ ચૂર્ણ, ખારી માટી, મીઠું, સિંધાલુણ આદિનો આહાર કરે કે આહાર કરનારને અનુમોદે.

૭૪૬. જે સાધુ–સાધ્વી ગિરિપતન, મરુત્પતન, ભૃગુ પતન, વૃક્ષપત્તનથી મરણ કે પર્વત, મરુત, ભૃગુ, વૃક્ષથી કૂદીને મરણ, જળ કે અગ્નિમાં પ્રવેશીને મરવું, જળ કે અગ્નિમાં કૂદીને મરવું, વિષ ભક્ષણથી મરવું, શસ્ત્રોત્પાટનથી મરણ, વલય–વશાર્ત્ત, તદ્‌ભવ અંતઃશલ્ય કે વેહાયસ મરણથી મરવું, ગૃધ્રપૃષ્ઠ મરણે મરવું અથવા આવા પ્રકારના અન્ય કોઈ બાળમરણથી મરવાને પ્રશંસે કે તેવી પ્રશંસા કરનારને અનુમોદે.

**ઉપરોક્ત સૂત્રમાં કહેલા કોઈપણ દોષને સેવે યાવત્ સેવનારની અનુમોદના કરે તેને 'ચાતુર્માસિક અનુદ્‌ઘાતિક પ્રાયશ્ચિત્ત' અર્થાત્ ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે..**

## નિશીથસૂત્ર-ઉદ્દેશા-૧૧નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

# ઉદ્દેશો-૧૨

**આ ઉદ્દેશામાં સૂત્ર–૭૪૭ થી ૭૮૮ એટલે કે કુલ ૪૨–સૂત્રો છે. એમાનાં કોઈપણ દોષનું ત્રિવિધે સેવન કરનારને 'ચાતુર્માસિક પરિહારસ્થાન ઉદ્‌ઘાતિક' અર્થાત્ 'લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત' કહે છે.**

**ઉદ્દેશા–૧માં જણાવ્યા મુજબ પ્રત્યેક સૂત્રને અંતે પ્રાયશ્ચિત્ત આવે તેમ કહે છે. તે રીતે અહીં પણ પ્રત્યેક સૂત્રને અંતે 'લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે' એ વાક્ય જોડી દેવું.**

૭૪૭. જે સાધુ–સાધ્વી કરુણાભાવથી કોઈ ત્રસ પ્રાણીને તૃણપાશથી, મુંજપાશથી, કાષ્ઠપાશથી, ચર્મપાશથી, વેગ પાશથી, રજ્જૂપાશથી કે સૂત્રાપાશથી બાંધે કે બાંધનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૭૪૮. જે સાધુ–સાધ્વી કરુણા ભાવથી કોઈ ત્રસ પ્રાણીને તૃણપાશ યાવત્ ચર્મપાશબદ્ધ હોય તો તેને મુક્ત કરે કે કરાવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૭૪૯. જે સાધુ–સાધ્વી વારંવાર પ્રત્યાખ્યાન ભંગ કરે કે ભંગ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૭૫૦. જે સાધુ–સાધ્વી પ્રત્યેક કાર્ય મિશ્રિત આહાર કરે કે આહાર કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૭૫૧. જે સાધુ–સાધ્વી રોમયુક્ત ચામડાનો ઉપયોગ કરે કે કરનારનું અનુમોદન કરે તો પ્રાયશ્ચિત્ત.

૭૫૨. જે સાધુ–સાધ્વી ગૃહસ્થના વસ્ત્રથી ઢંકેલ ઘાસની, પરાલની, છાણની, નેતરની કે લાકડાની પીઠ ઉપર બેસે, બેસનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૭૫૩. જે સાધુ–સાધ્વીની કે સાધ્વી, સાધુની. સંઘાટિકા–ઓઢવાનો કપડો અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે સીવડાવે કે સીવડાવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૭૫૪. જે સાધુ–સાધ્વી પૃથ્વી, અપ્, અગ્નિ, વાયુ, વનસ્પતિકાયની અલ્પ માત્રામાં પણ હિંસા કરે કે કરનારનું અનુમોદન કરે તો લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત.

૭૫૫. જે સાધુ–સચિત્ત વૃક્ષે ચડે કે ચડનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૭૫૬. જે સાધુ–સાધ્વી ગૃહસ્થના પાત્રમાં આહાર કરે કે આહાર કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૭૫૭. જે સાધુ–સાધ્વી ગૃહસ્થના વસ્ત્ર પહેરે કે પહેરનારાની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૭૫૮. જે સાધુ–સાધ્વી ગૃહસ્થની નિષદ્યા–આસનાદિ પર બેસે કે બેસનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૭૫૯. જે સાધુ–સાધ્વી ગૃહસ્થની ચિકિત્સા કરે અથવા કરાવનારની અનુમોદના કરે.

૭૬૦. જે સાધુ–સાધ્વી પૂર્વ કર્મદોષથી યુક્ત હાથથી, માટીના વાસણથી, કડછીથી, ધાતુના વાસણથી અશન, પાન, ખાદિમ કે સ્વાદિમ ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૭૬૧. જે સાધુ–સાધ્વી ગૃહસ્થ કે અન્યતીર્થિકના સચિત્ત પાણીથી યુક્ત ભીના હાથથી યાવત્ ધાતુના વાસણથી અશનાદિ ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૭૬૨ થી ૭૭૪. જે સાધુ–સાધ્વી ચક્ષુદર્શન અર્થાત્ જોવાની અભિલાષાથી નીચે મુજબના દર્શનીય સ્થળો જોવાને જાય કે જનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.**

૭૬૨. કાષ્ઠકર્મ, ચિત્રકર્મ, પુસ્તક કર્મ, દંત કર્મ, મણિ કર્મ, પથ્થર કર્મ, ગ્રંથિમ, વેષ્ટિમ, પૂરિમ, સંઘાતિમ, માળાદિ બનાવવાના સ્થળ, પત્રછેદ્ય કે વિવિધ કર્મોના સ્થળ.

૭૬૩. કિલ્લા, ખાઈ, ઉત્પલ, પલ્લલ, ઉજ્ઝર, નિર્ઝર, વાવ, પુષ્કરિણી, દીર્ઘિકા, ગુંજાલિકા, સરોવર, સરપંક્તિ કે સરસરપંક્તિ બીજી પ્રતમાં થોડા પાઠભેદ છે..

૭૬૪. કચ્છ, ગહન, નૂમ, વન, વનવિદુર્ગ, પર્વતો, પર્વત વિદુર્ગ. બીજી પ્રતમાં થોડા પાઠ ભેદ છે..

૭૬૫. ગામ, નગર, ખેડ, કર્બટ, મંડલી, દ્રોણમુખ, પટ્ટણ, આકર, સંબાહ, સન્નિવેશ.

૭૬૬. ગ્રામ મહોત્સવ યાવત્ સન્નિવેશ મહોત્સવ.

૭૬૭. ગ્રામઘાત યાવત્ સન્નિવેશ ઘાત.

૭૬૮. ગ્રામ માર્ગ યાવત્ સન્નિવેશ માર્ગ.

૭૬૯. અશ્વ, હાથી, ઊંટ, વૃષભ, મહિષ, સુકર આદિને શિક્ષિત કરવાના સ્થાન. બીજી પ્રતમાં પાઠભેદ છે..

૭૭૦. અશ્વયુદ્ધ યાવત્ શૂકરયુદ્ધ.

૭૭૧. વિવાહ મંડપ, ગજયૂથ સ્થળ, વધસ્થાનાદિ.

૭૭૨. અભિષેક સ્થાન, સભા સ્થાન, માનોન્માન સ્થાન, મહાન શબ્દ કરતા વગાડાઈ રહેલા વાદ્ય, નૃત્ય, ગીત, વાજિંત્ર, તંત્રી, તાલ, ત્રુટિત આદિને કુશળ વગાડનારથી વગાડાતા સ્થાનો.

૭૭૩. ડિંબ, ડમર, ખાર, વૈર, મહાયુદ્ધ, મહાસંગ્રામ, કલહ, બોલ, ઈત્યાદિ કલહ સ્થાનો.

૭૭૪. અનેક પ્રકારના મહોત્સવોમાં જ્યાં અનેક સ્ત્રી, પુરુષ, સ્થવિર, યુવાન આદિ સામાન્ય વેશમાં કે વસ્ત્રા–ભૂષણથી સુસજ્જિત થઈ ગાતા, વગાડતા, નાચતા, હસતા, ક્રીડા કરતા, મોહિત કરતા, વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, આહાર કરતા હોય કે પરિભાગ કરતા હોય.

**ઉક્ત–૧૩ સૂત્રોમાં જણાવેલ સ્થાન જોવા જનારા કે જનારની અનુમોદના કરનારને લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે.**

૭૭૫. જે સાધુ–સાધ્વી ઈહલૌકીક કે પારલૌકીક, પૂર્વે જોયેલા કે ન જોયેલા, સાંભળેલા કે ન સાંભળેલા, જાણેલા કે ન જાણેલા એવા રૂપોને વિશે આસક્ત થાય, રાગવાળા થાય, ગૃદ્ધિવાળા થાય, અતિ રક્ત બને. આસક્તાદિ થનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૭૭૬. જે સાધુ–સાધ્વી પહેલાં પ્રહરમાં ગ્રહણ કરેલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ચોથા પ્રહર સુધી રાખે–રાખનારને અનુમોદે.

૭૭૭. જે સાધુ–સાધ્વી બે કોશની મર્યાદાથી આગળ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ લઈ જાય, લઈ જનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૭૭૮. જે સાધુ–સાધ્વી દિવસના ગોબર ગ્રહણ કરીને બીજે દિવસે આલેપન, વિલેપન કરે કે કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૭૭૯. જે સાધુ–સાધ્વી દિવસના ગોબર ગ્રહણ કરીને રાત્રિના શરીરના વ્રણ–ઘાવ ઉપર આલેપન, વિલેપન કરે કે કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૭૮૦. જે સાધુ–સાધ્વી રાત્રિના ગ્રહણ કરેલ ગોબરથી દિવસના શરીરના વ્રણ–ઘાવ ઉપર આલેપન વિલેપન કરે કે કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૭૮૦, ૭૮૧. જે સાધુ–સાધ્વી રાત્રિના ગ્રહણ કરેલ ગોબરથી રાત્રિમાં શરીરના વ્રણ–ઘાવ ઉપર આલેપન વિલેપન કરે કે કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૭૮૨. જે સાધુ–સાધ્વી દિવસના વિલેપન પદાર્થ ગ્રહણ કરીને બીજે દિવસે શરીરના વ્રણ–ઘાવ ઉપર આલેપન–વિલેપન કરે કે કરનારાને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૭૮૩. જે સાધુ–સાધ્વી દિવસના વિલેપન પદાર્થ ગ્રહણ કરીને બીજે દિવસની રાત્રિમાં શરીરના વ્રણ–ઘાવ ઉપર આલેપન–વિલેપન કરે કે કરનારાને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૭૮૪. જે સાધુ–સાધ્વી રાત્રિમાં વિલેપન પદાર્થ ગ્રહણ કરી રાત્રિમાં, શરીરના વ્રણ–ઘાવ ઉપર આલેપન–

વિલેપન કરે કે કરનારાને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૭૮૫. જે સાધુ–સાધ્વી રાત્રિમાં વિલેપન પદાર્થ ગ્રહણ કરી દિવસમાં શરીરના વ્રણ–ઘાવ ઉપર આલેપન–વિલેપન કરે કે કરનારાને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૭૮૬. જે સાધુ–સાધ્વી અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે પોતાની ઉપધિ વહન કરાવે કે વહન કરનારાને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૭૮૭. જે સાધુ–સાધ્વી ભાર વહન કરાવવાના નિમિત્તે તેમને અશનાદિ આપે કે આપનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૭૮૮. જે સાધુ–સાધ્વી ગંગા, જમુના, સરયૂ, ઐરાવતી, મહી આ પાંચ મહાનદી કહેવાઈ–ગણાવાઈ કે પ્રસિદ્ધ છે, તેને એક માસમાં બે કે ત્રણ વખત ઊતરીને કે તરીને પાર કરે કે પાર કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**ઉપરોક્ત ૪૨–સૂત્રો છે. એમાનાં કોઈપણ દોષનું ત્રિવિધે સેવન કરનારને 'ચાતુર્માસિક પરિહારસ્થાન ઉદ્‌ઘાતિક' અર્થાત્ 'લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત' કહે છે.**

## નિશીથસૂત્ર-ઉદ્દેશા-૧૨નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

# ઉદ્દેશો-૧૩

નિશીથસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર–૭૮૯ થી ૮૬૨ એટલે કે કુલ ૭૪–સૂત્રો છે. તેમાં જણાવેલા કોઈ દોષનું ત્રિવિધે સેવન કરનારને ચાતુર્માસિક પરિહારસ્થાન ઉદ્‌ઘાતિક પ્રાયશ્ચિત્ત આવે જેને લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત કહે છે.

અહીં નોંધાયેલ બધા જ સૂત્રોને અંતે 'લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે' તે વાક્ય ઉમેરવું.

૭૮૯ થી ૭૯૫. જે સાધુ–સાધ્વી અહીં કહેલા સાત સ્થાને ઊભા રહે, સૂવે કે બેસે અથવા તેમ કરનારને અનુમોદે તો લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે.

૭૮૯. સચિત્ત પૃથ્વીની નિકટની ભૂમિ ઉપર.

૭૯૦. સચિત્ત જળથી સ્નિગ્ધ ભૂમિ ઉપર.

૭૯૧. સચિત્ત રજયુક્ત ભૂમિ ઉપર.

૭૯૨. સચિત્ત માટી યુક્ત ભૂમિ ઉપર.

૭૯૩. સચિત્ત પૃથ્વીની ઉપર.

૭૯૪. સચિત્ત શિલાખંડ કે પથ્થર ઉપર.

૭૯૫. સચિત્ત શિલાખંડ કે પથ્થર ઉપર.

૭૯૬. જે સાધુ–સાધ્વી ધુણા આદિ લાગેલ જીવયુક્ત કાષ્ઠ ઉપર તથા ઇંડા યાવત્ કરોળિયાના જાળાથી યુક્ત સ્થાને ઊભા રહે, સૂવે કે બેસે અથવા તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૭૯૭. જે સાધુ–સાધ્વી સ્તંભ, દેહલી, ઉખલ કે સ્નાન કરવાની ચોકડી આદિ જે સ્થિર ન હોય, સારી રીતે રાખેલ ન હોય, નિષ્કંપન હોય, ચલાયમાન હોય, તેના ઉપર ઊભો રહે, બેસે કે તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૭૯૮. જે સાધુ–સાધ્વી સોપાન, ભીંત, શિલા કે પથ્થર, શિલાખેડાદિ ઊંચા સ્થાન, કે જે સ્થિર ન હોય યાવત્ ચલિત હોય તેના ઉપર ઊભો રહે, સૂવે, બેસે કે તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૭૯૯. જે સાધુ–સાધ્વી સ્કંધ, ફલક, મંચ, મંડપ, માળો, પ્રસાદ, હવેલીનું શિખર ઇત્યાદિ ઊંચા સ્થાન કે જે અસ્થિર યાવત્ ચલાયમાન હોય, તેના ઉપર ઊભો રહે, સૂવે કે બેસે અથવા તેમ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૮૦૦. જે સાધુ–સાધ્વી અન્યતીર્થિક કે ગૃહસ્થને શિલ્પ, શ્લોક, પાસા, કાંકરી, વ્યુદ્‌ગ્રહ, કાવ્યકળાદિ શીખવે કે શીખવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૮૦૧ થી ૮૦૪. જે સાધુ–સાધ્વી અન્યતીર્થિક કે ગૃહસ્થને

૧. સરોષ વચન કહે ૨. કઠોર વચન કહે ૩. સરોષ કઠોર વચન કહે

૪. કોઈપણ પ્રકારે અતિ આશાતના કરે અથવા આ ચારે સેવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૮૦૫ થી ૮૧૪. જે સાધુ–સાધ્વી અન્યતીર્થિકો કે ગૃહસ્થો સાથે નીચે જણાવેલા કાર્ય કરે કે તેવા કાર્ય કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત –

૮૦૫. કૌતુક કર્મ કરે કે કરનારને અનુમોદે,

૮૦૬. ભૂતિ કર્મ કરે કે કરનારને અનુમોદે,,

૮૦૭. કૌતુક પ્રશ્નો કરે કે કરનારને અનુમોદે,

૮૦૮. કૌતુક પ્રશ્નોના ઉત્તર આપે કે આપનારને અનુમોદે,,

૮૦૯. ભૂતકાળ સંબંધી નિમિત્તનું કથન કરે કે કરનારને અનુમોદે

૮૧૦. શરીરના લક્ષણોને ફળ કહે કે કહેનારને અનુમોદે,,

૮૧૧. સ્વપ્નના ફળનું કથન કહે કે કહેનારને અનુમોદે,

૮૧૨. વિદ્યાનો પ્રયોગ કરે કે કરનારને અનુમોદે,,

૮૧૩. મંત્રનો પ્રયોગ કરે કે કરનારને અનુમોદે,,

૮૧૪. યોગ–તંત્ર પ્રયોગ કરે કે કરનારને અનુમોદે,

૮૧૫. જે સાધુ–સાધ્વી માર્ગ ભૂલેલા, દિશામૂઢ થયેલ કે વિપરીત દિશામાં ગયેલ અન્યતીર્થિક કે ગૃહસ્થોને માર્ગ બતાવે કે માર્ગ સંધિ બતાવે અથવા માર્ગથી સંધિ બતાવે કે સંધિથી માર્ગ બતાવે અથવા બતાવનારને અનુમોદે.

૮૧૬. જે સાધુ–સાધ્વી અન્યતીર્થિકો કે ગૃહસ્થોને ધાતુ દેખાડે કે તે દેખાડનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૮૧૭. જે સાધુ–સાધ્વી અન્યતીર્થિકો કે ગૃહસ્થોને નિધિ દેખાડે કે તે દેખાડનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૮૧૮ થી ૮૨૫. જે સાધુ–સાધ્વી આ આઠ વસ્તુમાં પોતાનું પ્રતિબિંબ જુએ અથવા જોનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૧. પાત્રમાં, ૨. દર્પણમાં, ૩. તલવારમાં, ૪. મણિમાં, ૫. કુંડાદિના પાણીમાં, ૬. તેલમાં, ૭. ગોળમાં અને ૮. ચરબીમાં.

**આ સૂત્રના ભાષ્ય–૪૩૧૮માં આપેલ ગાથામાં બાર વસ્તુમાં પોતાનું પ્રતિબિંબ જુએ તેમ કહેલ છે, તે મુજબ બાર સૂત્રો અહીં થાય.**

૮૨૬. જે સાધુ વમન કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૮૨૭. જે સાધુ વિરેચન કરે કે કરનારને અનુમોદે, તો પ્રાયશ્ચિત્ત.

૮૨૮. જે સાધુ વમન–વિરેચન કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૮૨૯. જે સાધુ રોગ ન હોવા છતાં પણ ઉપચાર કરે કે ઉપચાર કરાવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૮૩૦. જે સાધુ–સાધ્વી પાર્શ્વસ્થાને વંદન કરે, કે વાંદનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૮૩૧. જે સાધુ–સાધ્વી પાર્શ્વસ્થાને પ્રશંસે કે પ્રશંસનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૮૩૨. જે સાધુ–સાધ્વી અવસન્નાને વંદન કરે, કે વાંદનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૮૩૩. જે સાધુ–સાધ્વી અવસન્નાને પ્રશંસે કે પ્રશંસનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૮૩૪. જે સાધુ–સાધ્વી કુશીલને વંદન કરે, કે વાંદનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૮૩૫. જે સાધુ–સાધ્વી કુશીલને પ્રશંસે કે પ્રશંસનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૮૩૬. જે સાધુ–સાધ્વી નિત્યક (નિત્યપીંડ ખાનાર)ને પ્રશંસે કે પ્રશંસનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૮૩૭. જે સાધુ–સાધ્વી નિત્યક (નિત્યપીંડ ખાનાર)ને વાંદે કે વાંદનાર અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૮૩૮. જે સાધુ–સાધ્વી સંસક્ત (ચારિત્ર વિરાધકને) વાંદે કે વાંદનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૮૩૯. જે સાધુ–સાધ્વી સંસક્ત (ચારિત્ર વિરાધક)ને પ્રશંસે કે પ્રશંસનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૮૪૦. જે સાધુ–સાધ્વી કાથિક (અશનાદિ માટે કથા કરે) તેને વાંદે કે વાંદનાર ની અનુમોદના કરે.

૮૪૧. જે સાધુ–સાધ્વી કાથિક (અશનાદિ માટે કથા કરે) તેને પ્રશંસે કે પ્રશંસનાર ની અનુમોદના કરે.

૮૪૨. જે સાધુ–સાધ્વી નૃત્યાદિ જોનારને વંદન કરે, કે વાંદનારની અનુમોદના કરે.

૮૪૩. જે સાધુ–સાધ્વી નૃત્યાદિ જોનારને પ્રશંસે કે પ્રશંસનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૮૪૪. જે સાધુ–સાધ્વી મમત્વ રાખનારને વંદન કરે કે વાંદનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૮૪૫. જે સાધુ–સાધ્વી મમત્વ રાખનારને પ્રશંસે કે પ્રશંસનારની અનુમોદના કરે.

૮૪૬. જે સાધુ–સાધ્વી અસંયતોના આરંભકાર્યના નિર્દેશન કરનારને વાંદે કે વાંદનારનીની અનુમોદના કરે.

૮૪૭. જે સાધુ–સાધ્વી અસંયતોના આરંભ–કાર્યના નિર્દેશન કરનારને પ્રશંસે કે તેની અનુમોદના કરે.

૮૪૮ થી ૮૬૨. **જે સાધુ–સાધ્વી અહીં દર્શાવેલા પંદર ભેદોમાંના કોઈ પીંડ આહારને ભોગવે કે ભોગવનારને અનુમોદે લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે.**

૧. ધાત્રિપીંડ – બાળકને રમાડી ગૌચરી મેળવે.

૨. દૂતિપીંડ – બાળકને રમાડીને ગૌચરી મેળવે.

૩. નિમિત્તપીંડ – સંદેશાની આપ–લે કરી ગૌચરી મેળવે.

૪. આજીવક પીંડ – જાતિ, કળા, પ્રશંસાથી નિર્વાહ કરે.

૫. વનીપક પીંડ – દીનતાપૂર્વક યાચે.

૬. ક્રોધ ૭. માન ૮. માયા ૯. લોભપીંડ

૧૦. વિદ્યાપીંડ – સ્ત્રી દેવતાધિષ્ઠિત સાધનાથી.

૧૧. મંત્રપીંડ – પુરુષ દેવતાધિષ્ઠિત સાધનાથી.

૧૨. ચિકિત્સાપીંડ – રોગાદિ માટે ઔષધ આપીને.

૧૩. ચૂર્ણપીંડ – અનેક વસ્તુ મિશ્રિત ચૂર્ણ આપીને.

૧૪. યોગપીંડ – વશીકરણાદિ પ્રયોગથી.

૧૫. અંતર્દ્ધાન પીંડ – અદૃષ્ટ રહી ગ્રહણ કરેલ આહાર.

**એ પ્રમાણે આ ઉદ્દેશામાં જણાવેલ કોઈપણ દોષને સેવે યાવત્ સેવનારને અનુમોદે તો ચાતુર્માસિક પરિહારસ્થાન અર્થાત્ લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે.**

## નિશીથસૂત્ર-ઉદ્દેશા-૧૩નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

# ઉદ્દેશો-૧૪

આ ઉદ્દેશામાં સૂત્ર–૮૬૩ થી ૯૦૪ એટલે કે કુલ ૪૧–સૂત્રો છે. તેમાં કહ્યા મુજબનાં કોઈપણ દોષનું સેવન કરનારને 'ચાતુર્માસિક પરિહારસ્થાન ઉદ્ઘાતિક' પ્રાયશ્ચિત્ત આવે જેને 'લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત' પણ કહે છે.

પ્રત્યેક સૂત્રને અંતે આ 'લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે' એ વાક્ય જોડી દેવું.

૮૬૩. જે સાધુ–સાધ્વી પાત્ર ખરીદે, ખરીદાવે, ખરીદીને લાવેલું કોઈ આપે તે લે કે લેનારને અનુમોદે.

૮૬૪. જે સાધુ–સાધ્વી પાત્ર ઉધાર લે, ઉધાર લેવડાવે, ઉધાર લાવેલું કોઈ આપે તે લે કે લેનારને અનુમોદે.

૮૬૫. જે સાધુ–સાધ્વી ગૃહસ્થ અન્ય પાત્ર સાથે બદલે, બદલાવડાવે, બદલેલ કોઈ આપે તે લે, લેનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૮૬૬. જે સાધુ–સાધ્વી છીનવેલું, અનિસૃષ્ટ, અભ્યાહૃત પાત્ર કોઈ આપે તો લે, લેનારની અનુમોદના કરે.

૮૬૭. જે સાધુ–સાધ્વી ગણીના નિમિત્તે અધિક પાત્ર લઈ ગણીને પૂછ્યા વગર કે નિમંત્ર્યા વગર બીજાને આપે કે અનુમોદે તો પ્રાયશ્ચિત્ત..

૮૬૮. જે સાધુ બાળ સાધુ–સાધ્વી માટે કે વૃદ્ધ સાધુ–સાધ્વી જેના હાથ, પગ, કાન, નાક, હોઠ છેદાયા નથી, અશક્ત છે, તેને અતિરિક્ત પાત્ર રાખવા અનુરૂપ દે કે દેનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૮૬૯. જે સાધુ ઉપરોક્ત બાળ આદિમાં જેના હાથ–પગ યાહી છેદાયા છે, તેવા અશક્તને વધુ પાત્ર રાખવા અનુજ્ઞાન આપે કે ન આપનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૮૭૦. જે સાધુ–સાધ્વી ખંડિત, અસ્થિર, અધ્રુવ, અધારણીય પાત્રને ધારણ કરે કે ધારણ કરનારને અનુમોદે.

૮૭૧. જે સાધુ–સાધ્વી અખંડિત, સ્થિર, ધ્રુવ, ધારણીય પાત્રને ધારણ ન કરે કે ધારણ ન કરનારને અનુમોદે.

૮૭૨. જે સાધુ–સાધ્વી સારા વર્ણવાળા પાત્રને વિવર્ણ કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૮૭૩. જે સાધુ–સાધ્વી વિવર્ણ પાત્રને સારા વર્ણવાળા કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૮૭૪ થી ૮૭૭. **જે સાધુ–સાધ્વી 'મને નવું પાત્ર મળતું નથી' એવું વિચારી ઘણા દિવસ સુધી અહીં કહેલા ચાર દોષ સેવે કે સેવનારની અનુમોદના કરે તો'લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત'**

૮૭૪. પાત્રને થોડાં કે ઘણા સચિત્ત શીત કે ઉષ્ણ પાણી વડે એકવાર કે વારંવાર ધુવે.

૮૭૫. પાત્રને સાથે રાખેલા અચિત્ત શીત કે ઉષ્ણ પાણી વડે એકવાર કે વારંવાર ધુવે.

૮૭૬. પાત્રને થોડાં કે ઘણાં લોધ્ર, કલ્ક, ચૂર્ણ કે વર્ણ વડે એકવાર કે વારંવાર લેપ કરે.

૮૭૭. રાત્રે રાખેલા લોધ્રાદિથી એક કે અનેકવાર લેપ કરે.

૮૭૮ થી ૮૮૧. **જે સાધુ–સાધ્વી 'મને દુર્ગંધવાળું પાત્ર મળેલ છે' એમ વિચારી ઘણા દિવસ સુધી આ ચાર દોષ સેવે તો'લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત'–**

૮૭૮. પાત્રને થોડા કે ઘણા સચિત્ત શીત કે ઉષ્ણ જળથી એક કે અનેકવાર ધુવે કે ધોનારને અનુમોદે.

૮૭૯. સાથે રાખેલા અચિતશીત કે ઉષ્ણ જળથી એક કે અનેકવાર પાત્રને ધુવે કે ધોનારને અનુમોદે.

૮૮૦. પાત્રને થોડા કે ઘણા લોધ્રાદિથી એક કે અનેકવાર પાત્રને ધુવે કે ધોનારને અનુમોદે.

૮૮૧. રાત્રે રાખેલા લોધ્રાદિથી એક કે અનેકવાર લેપ કરે.

૮૮૨ થી ૮૯૨. **જે સાધુ–સાધ્વી નીચે કહેલા ૧૧ સ્થાનોમાં પાત્રને સૂકાવે કે પાત્ર સૂકાવનારને અનુમોદે તો તો'લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત'**

૮૮૨. સચિત્ત પૃથ્વીની નિકટ અચિત્ત પૃથ્વીની ઉપર.

૮૮૩. સચિત્ત જળથી સ્નિગ્ધ પૃથ્વી ઉપર.

૮૮૪. સચિત્ત રજથી યુક્ત પૃથ્વી ઉપર.

૮૮૫. સચિત્ત માટી વિખેરાવેલ પૃથ્વી ઉપર.

૮૮૬. સચિત્ત પૃથ્વી ઉપર સીધા જ.

૮૮૭. સચિત્ત શિલા ઉપર.

૮૮૮. સચિત્ત શિલાખંડ આદિ ઉપર.

૮૮૯. ધૂણા કે ઉધઈ આદિ જીવયુક્ત કાષ્ઠ ઉપર તથા ઈંડાવાળા યાવત્ કરોળિયાના જાળાયુક્ત સ્થાને.

૮૯૦. સ્તંભ, દેહલી, ઉખલ કે સ્નાન કરવાની ચોકડી ઉપર અથવા બીજા આવા આકાશીય ઊંચા સ્થાને કે જે સારી રીતે બાંધેલ ન હોય યાવત્ અલાયમાન હોય ત્યાં–

૮૯૧. માટીની દીવાલ ઉપર, ઈંટની દીવાલ ઉપર, શિલા કે શિલાખંડાદિ ઉપર અથવા બીજા આવા આકાશીય ઊંચા સ્થાને જે સારી રીતે બાંધેલ ન હોય યાવત્ ચલાયમાન હોય ત્યાં–

૮૯૨. સ્કંધ ઉપર યાવત્ મહેલની છત ઉપર અથવા બીજા પણ આવા આકાશીય ઊંચા સ્થાને. જે સારી રીતે બાંધેલ નથી યાવત્ ચલાયમાન છે. તે સ્થાને.

૮૯૩ થી ૮૯૮. **જે સાધુ–સાધ્વી પાત્રમાં પડેલ આ છ પ્રકારના જીવોને કાઢે, કઢાવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત**

૧. સચિત્ત પૃથ્વીકાયને, ૨. સચિત્ત અપ્કાયને, ૩. સચિત્ત તેઉકાયને,

૪. સચિત્ત કંદ, મૂલ, પત્ર, પુષ્પ, ફળને

૫. સચિત્ત ઔષધિ–વનસ્પતિને

૬. સચિત્ત ત્રસ પ્રાણીને. આ છમાંની કોઈ વસ્તુ કાઢી–કઢાવીને આપે કે અનુમોદે.

૮૯૯. જે સાધુ–સાધ્વી પાત્ર ઉપર કોરણી કરે, કોરણી કરાવે, કોરણી કરાવેલા પાત્ર કોઈ સામેથી આપે તો ગ્રહણ કરે કે તે રીતે ગ્રહણ કરાવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૯૦૦. જે સાધુ–સાધ્વી સ્વજનથી કે પરજનથી શ્રાવક પાસેથી કે અશ્રાવક પાસેથી ગામમાં કે ગામપથમાં ઉઠાવીને – માંગી માંગીને પાત્રની યાચના કરે અથવા યાચના કરનારાની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૯૦૧. જે સાધુ–સાધ્વી સ્વજનથી કે પરજનથી શ્રાવક પાસેથી કે અશ્રાવક પાસેથી પર્ષદામાંથી ઉઠાવીને – માંગી માંગીને પાત્રની યાચના કરે અથવા યાચના કરનારાની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત

૯૦૨. જે સાધુ–સાધ્વી પાત્રા માટે ઋતુબદ્ધ કાળમાં રહે છે કે રહેનારની અનુમોદના કરે છે તો પ્રાયશ્ચિત્ત

૯૦૩. જે સાધુ–સાધ્વી પાત્રા માટે વર્ષાવારમાં રહે છે કે રહેનારની અનુમોદના કરે છે તો પ્રાયશ્ચિત્ત

૯૦૪. **એ પ્રમાણે ઉક્ત ઉદ્દેશોનો કોઈપણ દોષ સેવે યાવત્ સેવનારને અનુમોદે તો ચાતુર્માસિક પરિહારસ્થાન ઉદ્‌ઘાતિક એટલે કે લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે.**

## નિશીથસૂત્ર-ઉદ્દેશા-૧૪ નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

# ઉદ્દેશો-૧૫

આ ઉદ્દેશામાં સૂત્ર–૯૦૫ થી ૧૦૫૮ એટલે કે કુલ ૧૫૪–સૂત્રો છે. તેમાં કહ્યા મુજબનાં કોઈપણ દોષનું સેવન કરનારને 'ચાતુર્માસિક પરિહારસ્થાન ઉદ્‌ઘાતિક' પ્રાયશ્ચિત્ત આવે જેને 'લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત' પણ કહે છે.

પ્રત્યેક સૂત્રને અંતે આ 'લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે' એ વાક્ય જોડી દેવું.

૯૦૫ થી ૯૦૮. જે સાધુ–સાધ્વી બીજા સાધુ–સાધ્વીને

૧. આક્રોશ યુક્ત ૨. કઠોર ૩. આક્રોશ યુક્ત કઠોર વચનો કહે કે તેમ કહેનારને અનુમોદે તથા બીજા કોઈ પ્રકારની આશાતન કરે અથવા કરનારાની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૯૦૯ થી ૯૧૬. જે સાધુ–સાધ્વી

૧. સચિત્ત કેરી ખાય કે ખાનારને અનુમોદે

૨. સચિત્ત કેરી ચૂસે કે ચૂસનારની અનુમોદના કરે

૩. સચિત્ત પ્રતિષ્ઠિત કેરી ખાય કે ખાનારની અનુમોદના કરે ૪. સચિત્ત પ્રતિષ્ઠિત કેરી ચૂસે કે ચૂસનારની અનુમોદના કરે.

જે સાધુ–સાધ્વી

૧. સચિત્ત કેરી, કેરીની પેશી, કેરીનો અર્ધભાગ, કેરીના છીલકા, કેરીના ટૂકડા, કેરીની કેસરા એ છ વસ્તુને ખાય કે ખાનારની અનુમોદના કરે અને

૨. સચિત્ત કેરી, કેરીની પેશી યાવત્ કેરીની કેસરા ચૂસે કે ચૂસનારને અનુમોદે.

જે સાધુ–સાધ્વી

૧. સચિત્ત પ્રતિષ્ઠિત કેરી તે યાવત્ કેરીની કેસરાને ખાય કે ખાનારને અનુમોદે

૨. સચિત્ત પ્રતિષ્ઠિત કેરી યાવત્ કેરીની કેસરાને ચૂસે કે સૂચનારને અનુમોદે.

૯૧૭ થી ૯૭૦. જે સાધુ–સાધ્વી

૧. અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે પોતાના પગને એક વખત કે અનેક વખત પ્રમાર્જાવે કે પ્રમાર્જન કરાવનારની અનુમોદના કરે. ત્યાંથી આરંભીને ૫૩. એક ગામથી બીજે ગામ જતાં અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે પોતાના માથાનું આચ્છાદન કરાવે કે આચ્છાદન કરાવનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

ઉપર સૂત્ર–૯૧૭ થી ૯૭૦ એટલે કે કુલ–૫૩ સૂત્રો છે.

આ ૫૩ સૂત્રો સર્વ પ્રથમ ઉદ્દેશા–૩ માં પ્રયોજાયા. તેનો સૂત્રક્રમ હતો ૧૩૩ થી ૧૮૫ ત્યાં આ ૫૩ દોષનું સેવન 'સાધુ સ્વયં કરે કે કરનારને અનુમોદે' એમ કહી દોષનું વર્ણન છે.

આ જ ૫૩ દોષનું વર્ણન પદની ઉદ્દેશા–૪ માં આવેલ છે. ત્યાં સૂત્રક્રમ છે ૨૫૦ થી ૩૦૨. ત્યાં આ દોષનું સેવન 'સાધુ પરસ્પર સેવે' એમ કહીને કરાયેલ છે. પણ દોષ આ ૫૩ જ છે.

આ જ ૫૩ દોષનું વર્ણન પછી ઉદ્દેશા–૬ માં સૂત્ર–૪૧૬ થી ૪૬૮ના ક્રમમાં છે. ત્યાં દોષ તો આ ત્રેપન જ છે, પણ તેનું સેવન 'મૈથુનની ઈચ્છાથી કરે' એ પ્રમાણે કરેલ છે.

આ જ ૫૩ દોષનું વર્ણન પછી ઉદ્દેશા–૭ માં સૂત્ર ૪૮૩ થી ૫૩૫ના ક્રમથી કરાયેલ છે. પણ હેતુ બદલાય છે. ત્યાં આ દોષનું સેવન 'મૈથુનની ઈચ્છાથી પરસ્પર કરે' એમ કહેલ છે.

ઉદ્દેશા–૧૧ માં આ જ ત્રેપન સૂત્રોને સૂત્ર–૬૬૫ થી ૭૧૭ ના ક્રમે કહેવામાં આવેલ છે. પણ હેતુ છે 'અન્યતીર્થિક કે ગૃહસ્થ માટે સાધુ આ દોષ સેવે.'

જ્યારે આ ઉદ્દેશા–૧૫ માં સૂત્ર–૯૧૭ થી ૯૭૦માં જણાવે છે કે અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે સાધુ આ ત્રેપન દોષ

પોતાના માટે સેવડાવે.

૯૭૧ થી ૯૭૯. જે સાધુ–સાધ્વી નીચે કહેલા સ્થાને મળ–મૂત્ર ત્યાગ કરે કે કરનારને અનુમોદે. ઉદ્દેશા–૮ માં આ જ સૂત્રો ૫૬૧ થી ૫૬૯ માં આવેલ છે.

૯૭૧. ધર્મશાળા, ઉદ્યાનગૃહ, ગૃહસ્થઘર, આશ્રમમાં.

૯૭૨. ઉદ્યાન, ઉદ્યાનગૃહ, ઉદ્યાનશાળા, નિર્ગમન, નિર્યાણગૃહ, નિર્યાણશાળામાં.

૯૭૩. પ્રાસાદોપરીગૃહ, અટ્ટાલિકા, પ્રાકાર, ચરિકા, દ્વાર કે ગોપુરમાં.

૯૭૪. જળમાર્ગ, જળપથ, જળનીર, જળસ્થાનમાં.

૯૭૫. શૂન્યગૃહ, શૂન્યશાળા, ભિન્નગૃહ, ભિન્નશાળા, કૂટાગાર, કોષ્ઠાગારમાં.

૯૭૬. તૃણશાળા, તૃણગૃહ, તુસશાળા, તુસગૃહાદિમાં.

૯૭૭. યાનશાળા, યાનગૃહ, તુસશાળા, તુસગૃહાદિમાં.

૯૭૮. પણ્યશાળા, પણ્યગૃહ, પર્યાગશાળા, પર્યાગગૃહ, કુપ્યશાળા, કુપ્યગૃહમાં.

૯૭૯. ગૌશાળા, ગૌગૃહ, મહાશાળા, મહાગૃહમાં.

૯૮૦. જે સાધુ–સાધ્વી અન્યતિર્થીક કે ગૃહસ્થને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આપે કે આપનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૯૮૧. જે સાધુ–સાધ્વી અન્યતિર્થીક કે ગૃહસ્થને વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછનક આપે કે આપનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

જે સાધુ–સાધ્વી–

૯૮૨. જે સાધુ–સાધ્વી પાર્શ્વસ્થાને અશનાદિ ચાર પ્રકારનો આહાર આપે કે આપનારને અનુમોદે

૯૮૩. જે સાધુ–સાધ્વી પાર્શ્વસ્થા પાસેથી અશનાદિ ચાર પ્રકારનો આહાર લે કે લેનારને અનુમોદે

૯૮૪. જે સાધુ–સાધ્વી પાર્શ્વસ્થાને વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછનક આપે કે આપનારને અનુમોદે

૯૮૫. જે સાધુ–સાધ્વી પાર્શ્વસ્થા પાસેથી વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછનક લે કે લેનારને અનુમોદે

૯૮૬. જે સાધુ–સાધ્વી અવસન્નાને અશનાદિ ચાર પ્રકારનો આહાર આપે કે આપનારને અનુમોદે

૯૮૭. જે સાધુ–સાધ્વી અવસન્ના પાસેથી અશનાદિ ચાર પ્રકારનો આહાર લે કે લેનારને અનુમોદે

૯૮૮. જે સાધુ–સાધ્વી અવસન્નાને વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછનક આપે કે આપનારને અનુમોદે

૯૮૯. જે સાધુ–સાધ્વી અવસન્ના પાસેથી વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછનક લે કે લેનારને અનુમોદે

૯૯૦. જે સાધુ–સાધ્વી કુશીલને અશનાદિ ચાર પ્રકારનો આહાર આપે કે આપનારને અનુમોદે

૯૯૧. જે સાધુ–સાધ્વી કુશીલને પાસેથી અશનાદિ ચાર પ્રકારનો આહાર લે કે લેનારને અનુમોદે

૯૯૨. જે સાધુ–સાધ્વી કુશીલને વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછનક આપે કે આપનારને અનુમોદે

૯૯૩. જે સાધુ–સાધ્વી કુશીલને પાસેથી વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછનક લે કે લેનારને અનુમોદે.

૯૯૪. જે સાધુ–સાધ્વી નિત્યપીંડ ખાનારને અશનાદિ ચાર પ્રકારનો આહાર આપે કે આપનારને અનુમોદે

૯૯૫. જે સાધુ–સાધ્વી નિત્યપીંડ ખાનાર પાસેથી અશનાદિ ચાર પ્રકારનો આહાર લે કે લેનારને અનુમોદે

૯૯૬. જે સાધુ–સાધ્વી નિત્યપીંડ ખાનારને વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછનક આપે કે આપનારને અનુમોદે

૯૯૭. જે સાધુ–સાધ્વી નિત્યપીંડખાનાર પાસેથી વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછનક લે કે લેનારને અનુમોદે.

૯૯૮. જે સાધુ–સાધ્વી સંસક્તને અશનાદિ ચાર પ્રકારનો આહાર આપે કે આપનારને અનુમોદે

૯૯૯. જે સાધુ–સાધ્વી સંસક્ત પાસેથી અશનાદિ ચાર પ્રકારનો આહાર લે કે લેનારને અનુમોદે

૧૦૦૦. જે સાધુ–સાધ્વી સંસક્તને વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રૌંછનક આપે કે આપનારને અનુમોદે

૧૦૦૧. જે સાધુ–સાધ્વી સંસક્ત પાસેથી વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રૌંછનક લે કે લેનારને અનુમોદે.

૧૦૦૨. જે સાધુ–સાધ્વી કોઈએ નિત્ય પહેરવાના, સ્નાનના, વિવાહના, રાજ્યસભાના વસ્ત્ર સિવાયનું માંગવાથી પ્રાપ્ત થયેલું કે નિમંત્રણ પૂર્વક મેળવેલું વસ્ત્ર ક્યાંથી આવ્યું કે કઈ રીતે તૈયાર થયું તે જાણ્યા સિવાય, તે વિશે પૂછ્યા સિવાય, તેની ગવેષણા કર્યા સિવાય તે બંને પ્રકારના વસ્ત્રો ગ્રહણ કરે કે કરાવનારને અનુમોદે.

૧૦૦૩ થી ૧૦૫૬. જે સાધુ–સાધ્વી વિભૂષા નિમિત્તે અર્થાત્ શોભા આદિ વધારવાની બુદ્ધિથી

૧. પોતાના પગને એકવાર કે અનેક વાર પ્રમાર્જે અથવા પ્રમાર્જનારની અનુમોદના કરે, ત્યાંથી શરૂ કરી ૫૩. ગ્રામાનુગ્રામ વિચરતા પોતાના મસ્તકને ઢાંકે કે ઢાંકનારની અનુમોદના કરે. એમ ત્રેપન (ચોપન)?. સૂત્રો જાણવા.

આ બધા સૂત્રોનો વિસ્તાર અને સંપૂર્ણ સૂત્રાર્થ

**ઉદ્દેશા–૩ માં આવેલ સૂત્ર–૧૩૩થી ૧૮૫ મુજબ જ જાણવો – સમજી લેવો.**

**આ બાબતે વિશેષ નોંધ – આ જ ઉદ્દેશા– ૧૫માં આવેલ સૂત્ર–૯૧૭ થી ૯૭૦ મુજબ જાણવી, અહીં પુનરુક્તિ કરેલ નથી.**

**સૂત્રસંખ્યા ૫૩ છે કે ૫૪? એક સંપાદનમાં ૫૩ સૂત્રો છે, બીજા સંપાદનમાં ૫૪ સૂત્રો છે. તેમાં તાત્વિક તફાવત નથી. ૧–સૂત્ર કેટલાક સંપાદનમાં સાથે જોડાઈ ગયેલ હોવાથી સંખ્યા–૫૩ થઈ જાય છે.**

૧૦૫૭. જે સાધુ–સાધ્વી વિભૂષાના સંકલ્પથી વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રૌંછના કે અન્ય કોઈ ઉપકરણ –રાખે કે રાખનારને અનુમોદે છે,

૧૦૫૮. જે સાધુ–સાધ્વી વિભૂષાના સંકલ્પથી વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રૌંછના કે અન્ય કોઈ ઉપકરણ ધોવે કે ધોનારને અનુમોદે.

## નિશીથસૂત્ર-ઉદ્દેશા-૧૫ નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

# ઉદ્દેશો-૧૬

આ ઉદ્દેશામાં સૂત્ર–૧૦૫૯ થી ૧૧૦૮ એટલે કે કુલ ૫૦–સૂત્રો છે. તેમાંનાં કોઈપણ દોષનું સેવન કરનારને 'ચાતુર્માસિક પરિહારસ્થાન ઉદ્‌ઘાતિક' પ્રાયશ્ચિત્ત આવે જેને 'લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત' પણ કહે છે.

પ્રત્યેક સૂત્રને અંતે આ 'લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે' એ વાક્ય જોડી દેવું.

૧૦૫૯ થી ૧૦૬૧. જે સાધુ–સાધ્વી

૧. ગૃહસ્થયુક્ત વસતીમાં રહે, ૨. સચિત્ત જળયુક્ત વસતીમાં રહે, ૩. સચિત્ત અગ્નિયુક્ત વસતીમાં રહે કે આ ત્રણેમાં રહેનારાની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૧૦૬૨ થી ૧૦૬૯. ઉદ્દેશા–૧૫ માં સૂત્ર ૯૦૯ થી ૯૧૬ એ આઠ સૂત્રો માફક જ આ આઠ સૂત્રો છે, માત્ર ત્યાં 'કેરી' છે, અહીં 'શેરડી' છે.

જે સાધુ–સાધ્વી ૧. સચિત્ત શેરડી ખાય ૨. સચિત્ત શેરડી ચૂસે, ૩. સચિત્ત – શેરડીના પર્વનો મધ્ય ભાગ, છોતરા સહિતનો ખંડ, છોતરા, છોતરા વગરનો ખંડ, શેરડી રસ, શેરડીના નાના–નાના ટૂકડાને ખાય, ૪. સચિત્ત શેરડીના પર્વનો મધ્ય ભાગ યાવત્ શેરડીના નાના–નાના ટૂકડાને ચૂસે અથવા આ ચારે કાર્ય કરનારાને અનુમોદે.

જે સાધુ–સાધ્વી ૧. સચિત્ત પ્રતિષ્ઠિત શેરડી ખાય, ૨. સચિત્ત પ્રતિષ્ઠિત શેરડી ચૂસે, ૩. સચિત્ત પ્રતિષ્ઠિત શેરડીના પર્વનો મધ્યભાગ આદિ ખાય, ૪. સચિત્ત પ્રતિષ્ઠિત શેરડીના પર્વનો મધ્યભાગ આદિ ચૂસે અથવા આ ચારે કાર્ય કરનારાને અનુમોદે.

૧૦૭૦. જે સાધુ–સાધ્વી અરણ્યમાં રહેનારા, વનમાં ગયેલાના, અટવીની યાત્રાએ જનારા, અટવીની યાત્રાથી પાછા ફરનારના અશન, પાન, ખાદિમ, સ્વાદિમ લે કે લેનારને અનુમોદે.

૧૦૭૧. જે સાધુ–સાધ્વી વિશેષ ચારિત્ર ગુણસંપન્નને અલ્પ ચરિત્ર ગુણવાળા કહે, કે તેમ કહેનારને અનુમોદે.

૧૦૭૨. જે સાધુ–સાધ્વી અલ્પ ચારિત્ર ગુણવાળાને ચારિત્ર ગુણસંપન્ન કહે કે તેમ કહેનારને અનુમોદે.

૧૦૭૩. જે સાધુ–સાધ્વી વિશેષ ચારિત્ર ગુણસંપન્ન ગણથી અલ્પ ચરિત્રિ ગુણવાળા ગણમાં સંક્રમણ કરે કે સંક્રમણ કરનારાની અનુમોદના કરે.

૧૦૭૪ થી ૧૦૮૨. જે સાધુ–સાધ્વી વ્યુદ્‌ગ્રાહિત કે કદાગ્રહવાળા સાધુ સાધ્વી. સાથે આ નવ દોષ સેવે–

૧. એવા અલગ વિચરનારને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આપે કે આપનારને અનુમોદે.

૨. તેમની પાસેથી અશનાદિ લે કે લેનારને અનુમોદે.

૩. તેમને વસ્ત્ર, પાત્ર, કંબલ કે પાદપ્રૌંછનક આપે કે આપનારની અનુમોદના કરે.

૪. તેમના વસ્ત્રાદિ લે કે લેનારને અનુમોદે.

૫. તેમને વસતી આપે કે આપનારને અનુમોદે.

૬. તેમની વસતી લે કે લેનારને અનુમોદે.

૭. તેમની વસતીમાં પ્રવેશે કે પ્રવેશનારને અનુમોદે.

૮. તેમને વાંચના દે કે દેનારને અનુમોદે.

૯. તેમની પાસેથી વાંચના લે કે લેનારને અનુમોદે.

૧૦૮૩. જે સાધુ–સાધ્વી આહારાદિ સુવિધાથી પ્રાપ્ત થનારા ક્ષેત્રો હોવા છતાં પણ –ઘણા દિવસ લાગે એવા લાંબા માર્ગેથી જવાનો સંકલ્પ કરે –અથવા આમ કરનારાને અનુમોદે.

૧૦૮૪. જે સાધુ–સાધ્વી આહારાદિ સુવિધાથી પ્રાપ્ત થનારા ક્ષેત્રો હોવા છતાં પણ –અનાર્ય, મ્લેચ્છ તથા સીમા ઉપર રહેનારા ચોર–લૂંટારા આદિ રહેતા હોય તે માર્ગે વિહાર કરે અથવા આમ કરનારાને અનુમોદે.

**૧૦૮૫ થી ૧૦૯૦. જે સાધુ–સાધ્વી જુગુપ્સિત કે નિંદિત કુળોમાં આ છ દોષ સેવે કે સેવનારને અનુમોદે.**

૧. ત્યાંથી અશનાદિ આહાર ગ્રહણ કરે.

૨. ત્યાંથી વસ્ત્ર, પાત્ર, કંબલાદિ ગ્રહણ કરે.

૩. ત્યાંની શય્યા–વસતી ગ્રહણ કરે.

૪. ત્યાં સ્વાધ્યાયની વાંચના આપે.

૫. ત્યાં સ્વાધ્યાયનો ઉદ્દેશો કરે.

૬. ત્યાં સ્વાધ્યાયની વાચના લે.

૧૦૯૧ થી ૧૦૯૩. જે સાધુ–સાધ્વી અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આહાર આ ત્રણ સ્થાને રાખે કે રાખનારાને અનુમોદે.

૧. ભૂમિ ઉપર રાખે. ૨. સંથારા ઉપર રાખે. ૩. સીક્કા કે ખીંટી આદિએ રાખે.

૧૦૯૪, ૧૦૯૫. જે સાધુ–સાધ્વી અન્યતીર્થિક કે ગૃહસ્થોની સાથે –

૧. નજીક બેસીને, ૨. ઘેરાઈને – કંઈક દૂર બેઠા હોય ત્યાં આહાર કરે કે કરનારાનું અનુમોદન કરે.

૧૦૯૬. જે સાધુ–સાધ્વી આચાર્ય–ઉપાધ્યાયના શય્યા–સંથારાને પગનો સ્પર્શ થઈ જાય ત્યારે હાથ વડે વિનય કર્યા વિના, મિથ્યા દુષ્કૃત આપ્યા વિના ચાલ્યા જાય કે ચાલ્યા જનારાની અનુમોદના કરે.

૧૦૯૭. જે સાધુ–સાધ્વી શાસ્ત્રોક્ત પ્રમાણ કે ગણનસંખ્યા કરતા અધિક ઉપધિ રાખે કે રાખનારની અનુમોદના કરે.

૧૦૯૮ થી ૧૧૦૮. જે સાધુ–સાધ્વી નીચેમાના કોઈપણ સ્થાને મળ–મૂત્ર પરઠવે કે પરઠવનારને અનુમોદે. આ પ્રમાણેના ૧૧–સૂત્રો પૂર્વે ઉદ્દેશા–૧૩ માં સૂત્ર–૭૮૯થી ૭૯૯માં આવેલ જ છે..

૧. સચિત્ત પૃથ્વીની નિકટ, ૨. સ્નિગ્ધ પૃથ્વી ઉપર, ૩. સચિત્ત રજવાળી પૃથ્વી ઉપર, ૪. સચિત્ત પૃથ્વી પર, ૫. સચિત્ત શિલા પર, ૬. સચિત્ત શિલાખંડ ઉપર, ૭. ઉધઈ આદિ લાગેલા જીવયુક્ત કાષ્ઠ ઉપર તથા ઇંડા યાવત્ કરોળિયાના જાળાયુક્ત સ્થાને–

દુર્બદ્ધ, દુર્નિક્ષિપ્ત, અનિષ્કંપ કે ચલાયમાન એવા– ૮. સ્થંભ, દેહલી, સ્નાનપીઠાદિ ઊંચા સ્થાને,
૯. માટી કે ઇંટ આદિની દીવાર, શિલાખંડાદિ ઊંચા સ્થાને,૧૦. સ્કંધ, માંચા, મંડપ, માળા, હવેલી આદિ ઊંચા સ્થાને–

**ઉક્ત દોષમાંનો કોઈપણ દોષ સેવે યાવત્ સેવનારને અનુમોદે તો લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે.**

## નિશીથસૂત્ર-ઉદ્દેશા-૧૬નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

# ઉદ્દેશો-૧૭

**આ ઉદ્દેશામાં સૂત્ર–૧૧૦૯ થી ૧૨૫૯ એટલે કે કુલ ૧૫૧–સૂત્રો છે. તેમાંનાં કોઈપણ દોષનું સેવન કરનારને 'ચાતુર્માસિક પરિહારસ્થાન ઉદ્‌ઘાતિક' પ્રાયશ્ચિત્ત આવે જેને 'લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત' પણ કહે છે.**

**પ્રત્યેક સૂત્રને અંતે આ 'લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે' એ વાક્ય જોડી દેવું.**

૧૧૦૯, ૧૧૧૦. જે સાધુ–સાધ્વી કુતૂહલવૃત્તિથી કોઈ ત્રસ પ્રાણીને

૧. તૃણપાશ, મુંજપાશ, કાષ્ઠપાશ, ચર્મપાશ, વેંતપાશ, રજ્જુપાશ કે સૂત્રપાશથી બાંધે – બાંધનારને અનુમોદે.

૨. તૃણપાશ યાવત્ સૂત્રપાશથી બાંધલા ત્રસ પ્રાણીને ખોલે અથવા ખોલનારની અનુમોદના કરે.

૧૧૧૧ થી ૧૧૧૩. જે સાધુ–સાધ્વી કુતૂહલવૃત્તિથી – તૃણની, મુંજની, વેંતની, કાષ્ઠની, મીણની, ભીંડની, પીંછાની, હડ્ડીની, દાંતની, શંખની, શીંગડાની, પત્રની, પુષ્પની, ફળની, બીજની, વનસ્પતિની – આમાંથી કોઈપણ માળા– ૧. બનાવે, ૨. રાખે, ૩. પહેરે અથવા તેમ કરનારની અનુમોદના કરે.

૧૧૧૪ થી ૧૧૧૬. જે સાધુ–સાધ્વી કુતૂહલવૃત્તિથી – લોઢાના, તાંબાના, ત્રપુષના, શીશાના, ચાંદીના, સોનાના કડાં– ૧. બનાવે, ૨. રાખે, ૩. પહેરે કે તેમ કરનારને અનુમોદે.

૧૧૧૭ થી ૧૧૧૯. જે સાધુ–સાધ્વી કુતૂહલવૃત્તિથી – હાર, અર્ધ હાર, એકાવલી, મુક્તાવલી, કનકાવલી, રત્નાવલી, કટિસૂત્ર, ભૂજબંધ, કેયૂર, કુંડલ, પટ્ટ, મુગટ, પ્રલંબસૂત્ર, સુવર્ણસૂત્ર –

૧. બનાવે, ૨. રાખે, ૩. પહેરે કે તેમ કરનારને અનુમોદે.

૧૧૨૦ થી ૧૧૨૨. જે સાધુ–સાધ્વી આજિનક યાવત્ પશુની સૂક્ષ્મ પરમીથી નિષ્પન્ન વસ્ત્ર –

૧. બનાવે, ૨. રાખે, ૩. પહેરે અથવા આ ત્રણેમાંથી જે કોઈ કાંઈ કરે તેની અનુમોદના કરે.

૧૧૨૩ થી ૧૧૭૫. જે કોઈ સાધ્વી અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે

૧. સાધુના પગને એકવાર કે અનેકવાર પ્રમાર્જન કરાવે કે કરાવનારની અનુમોદના કરે. ત્યાંથી આરંભીને ૫૩. સાધુના મસ્તકને આચ્છાદન કરાવે કે કરનારની અનુમોદના કરે.

૧૧૭૬ થી ૧૨૨૯. જે કોઈ સાધુ અન્યતીર્થિક કે ગૃહસ્થને કહીને,

૧. સાધ્વીના પગને એકવાર કે અનેકવાર પ્રમાર્જન કરાવે કે કરનારની અનુમોદના કરે. ત્યાંથી આરંભીને ૫૩ વિકલ્પે ૫૪મું સૂત્ર. સાધ્વીના મસ્તકને આચ્છાદન કરાવે કે કરાવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

ઉપર ત્રેપન–ત્રેપન ચોપન?. સૂત્રના બે સંપુટો વિશે અતિદેશ–આદેશ કરેલ છે. ૫૩ કે ૫૪ સંખ્યા તફાવતની સ્પષ્ટતા પૂર્વે ઉદ્દેશા–૧૫ માં સૂત્ર–૧૦૦૩ થી ૧૦૫૬માં કહેલી છે.

**... સૌ પ્રથમ આ – ૫૩–સૂત્રનો વિસ્તાર અને સૂત્રાર્થ ઉદ્દેશા–૩, સૂત્ર–૧૩૩ થી ૧૮૫માં કહેવાઈ ગયેલ છે, તે ત્યાંથી જોવો.**

**આ જ ૫૩/૫૪. સૂત્રોનો ઉલ્લેખ આ નિશીથસૂત્રમાં કુલ–૯ વખત થયો. પ્રત્યેકમાં હેતુ બદલાયેલ છે. પણ સૂત્ર તો આ જ ત્રેપન છે. તેથી ફક્ત એક વખત સૂત્રાર્થ લખી છોડી દીધેલ છે.**

| ઉદ્દેશો | સૂત્ર ક્રમ | દોષ સેવનારનો હેતુ કે નિમિત્ત |
|---|---|---|
| ૩ | ૧૩૩ થી ૧૮૫ | – સાધુ સ્વયં આ દોષ સેવે |
| ૪ | ૨૫૦ થી ૩૦૨ | – સાધુ પરસ્પર આ દોષો સેવે |
| ૬ | ૪૧૬ થી ૪૬૮ | – મૈથુનની ઇચ્છાથી આ દોષો સેવે |
| ૭ | ૪૮૩ થી ૫૩૫ | – મૈથુનની ઇચ્છાથી પરસ્પર સેવે |
| ૧૧ | ૬૬૫ થી ૭૧૭ | – ગૃહસ્થાદિ માટે સાધુ દોષ સેવે |

| | | |
|---|---|---|
| ૧૫ | ૯૧૭ થી ૯૭૦ | – ગૃહસ્થાદિ પાસે સાધુ દોષ સેવડાવે |
| ૧૭ | ૧૧૨૩ થી ૧૧૭૫ | – સાધ્વી, સાધુ માટે દોષો સેવડાવે |
| ૧૭ | ૧૧૭૬ થી ૧૨૨૯ | – સાધુ, સાધ્વી માટે દોષો સેવડાવે |

૧૨૩૦. સમાન સામાચારીવાળા પોતાની વસતીમાં આવેલા – સાધુને જો કોઈ સાધુ, પોતાના ઉપાશ્રયમાં સ્થાન હોવા છતાં પણ રહેવાને માટે સ્થાન ન આપે અથવા સ્થાન ન આપનારને અનુમોદે.

૧૨૩૦. સમાન સામાચારીવાળા પોતાની વસતીમાં આવેલા સાધ્વીને જો કોઈ સાધ્વી – પોતાના ઉપાશ્રયમાં સ્થાન હોવા છતાં પણ રહેવાને માટે સ્થાન ન આપે અથવા સ્થાન ન આપનારને અનુમોદે.

૧૨૩૨ થી ૧૨૩૪. જે સાધુ–સાધ્વી આ ત્રણ પ્રકારે દેવાતા અશન, પાન, ખાદિમ, સ્વાદિમને ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે – ૧. માલાપહૃત–માળેથી ઊતારેલ, ૨. કોઠામાં રાખેલ હોય ત્યાંથી ઊંચા થઈને કે નીચા નમીને કાઢેલ, ૩. માટીથી લિપ્ત વાસણમાં રહેલ ને લેપ ચોડીને આપે. ગ્રહણ કરતા પ્રાયશ્ચિત્ત.

૧૨૩૫ થી ૧૨૩૮. જે સાધુ–સાધ્વી આ ચાર પ્રકારે પ્રતિષ્ઠિત રહેલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ રૂપ આહાર ગ્રહણ કરે કે ગ્રહણ કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૧. સચિત્ત પૃથ્વી ઉપર રહેલ,

૨. સચિત્ત પાણી ઉપર રહેલ,

૩. સચિત્ત અગ્નિ ઉપર રહેલ,

૪. સચિત્ત વનસ્પતિ ઉપર રહેલ.

૧૨૩૯. જે સાધુ–સાધ્વી અત્યંત ઉષ્ણ અશન, પાન, ખાદિમ, સ્વાદિમરૂપ આહારને અહીં કહ્યા મુજબ કોઈ એક રીતે ઠંડો કરીને આપે ત્યારે ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે.

૧. સૂર્પ–મુખના વાયુથી અથવા પાત્રવિશેષથી હલાવીને.

૨. વિહુણ–વીંઝણા વડે ઘૂમાવીને.

૩. તાલિયંટ–તાલવૃંત–પંખા વડે હવા નાંખીને.

| | |
|---|---|
| ૪. પત્ર–પાંદડા વડે | ૫. પાંદડાના ટૂકડા વડે |
| ૬. શાખા–ડાળી વડે | ૭. શાખાના ટૂકડા વડે |
| ૮. મોરપંખથી | ૯. મોરપીંછાથી |
| ૧૦. વસ્ત્ર વડે | ૧૧. વસ્ત્રના ટૂકડાથી |
| ૧૨. હાથ વડે | ૧૩. મૂળ વડે ફૂંકીને |

ઉક્ત કોઈપણ રીતે હવા નાંખીને ઠંડો કરાયેલ આહાર આપે.

૧૨૪૦. જે સાધુ–સાધ્વી ૧. ઉત્સ્વેદિમ, ૨. સંસ્વેદિમ, ૩. ચોખાનું ધોવાણ, ૪. વારોદક, ૫. તલનું ધોવાણ, ૬. તુષનું ધોવાણ, ૭. જવનું ધોવાણ, ૮. ઓસામણ, ૯. કાંજી, ૧૦. આમ્લકાંજિક અને ૧૧. શુદ્ધ પ્રાસુક જળ – આ અગિયારમાંનું કોઈપણ પાણી–

૧. જે તત્કાળ ધોયેલ હોય, ૨. જેનો રસ ન બદલાયેલો હોય, ૩. જીવોનું અતિક્રમણ થયું ન હોય, ૪. શસ્ત્ર પરિણત ન હોય, ૫. પૂર્ણરૂપે અચિત્ત થયું ન હોય.

આવું પાણી ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે.

૧૨૪૧. જે સાધુ–સાધ્વી પોતાને આચાર્યના લક્ષણથી સંપન્ન કહે છે કે કહેનારને અનુમોદે તેને પ્રાયશ્ચિત્ત.

૧૨૪૨. જે સાધુ–સાધ્વી ૧. સ્વરગાન કરે, ૨. હસે, ૩. વાદ્ય વગાડે, ૪. નાચે, ૫. અભિનય કરે,

૬. ઘોડાની જેમ હણહણે, ૭. હાથીની જેમ ગર્જના કરે, ૮. સિંહનાદ કરે અથવા આવું કરનારા બીજાને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૨૪૩. જે સાધુ–સાધ્વી ૧. ભેરી, ૨. પટહ, ૩. મુરજ, ૪. મૃદંગ, ૫. નાંદી, ૬. ઝાલર, ૭. વલ્લરી, ૮. ડમરુ, ૯. મડુય, ૧૦. સદુય, ૧૧. પ્રદેશ, ૧૨. ગોલુકી – આ બધાના શબ્દોને કે બીજા પણ તેવા પ્રકારના વાદ્યોના શબ્દો સાંભળવાના સંકલ્પથી જાય કે જનારને અનુમોદે.

૧૨૪૪. જે સાધુ–સાધ્વી ૧. વીણા, ૨. વિપંચી, ૩. તૂણ, ૪. બલ્બીસગ, ૫. વીણાદિ, ૬. તુંબવીણા, ૭. ઝોટક, ૮. ઢંકુણ – આ બધાનાં શબ્દો કે આવા પ્રકારના અન્ય વાદ્યોના શબ્દો સાંભળવાના સંકલ્પથી જાય કે જનારાની અનુમોદના કરે.

૧૨૪૫. જે સાધુ–સાધ્વી ૧. તાલ, ૨. કરાતાલ, ૩. લત્તિક, ૪. ગોહિક, ૫. મકરી, ૬. કચ્છીભિ, ૭. મહતી, ૮. રજનાલિકા, ૯. વલીકી – આ બધાના શબ્દો કે આવા પ્રકારના અન્ય વાદ્યોના શબ્દો સાંભળવાના સંકલ્પથી જાય કે જનારની અનુમોદના કરે.

૧૨૪૬. જે સાધુ–સાધ્વી ૧. શંખ, ૨. વાંસડી, ૩. વેણુ, ૪. ખરમુખી, ૫. પરિલિ, ૬. ચેચા – આ બધાના શબ્દો કે આવા પ્રકારના અન્ય વાદ્યોના શબ્દો સાંભળવાના સંકલ્પથી જાય કે જનારાની અનુમોદના કરે.

૧૨૪૭ થી ૧૨૫૮. આ બાર સૂત્રો છે. જે પૂર્વે ૧૨–માં ઉદ્દેશામાં સૂત્ર–૭૬૩ થી ૭૭૪ના ક્રમે નોંધાયેલા છે.

**સૂત્રનો વિસ્તાર કે સંપૂર્ણ અર્થ ત્યાં આપેલ છે, તે મુજબ જાણી–સમજી લેવો, અત્રે પુનરુક્તિ કરેલ નથી.**

**તફાવત માત્ર એટલો છે કે ત્યાં આ બારે સૂત્રોનું વર્ણન ચક્ષુ ઇન્દ્રિયને આશ્રીને કરાયેલ હતું. અહીં આ બારે સૂત્રો શ્રવણેન્દ્રિયને આશ્રીને સાંભળવાના સંકલ્પથી કહ્યા છે.**

જે સાધુ વપ્ર દુર્ગ., ખાઈને યાવત્ ભવનગૃહોના શબ્દ સાંભળવાના સંકલ્પથી જાય છે અથવા જનારાનું અનુમોદન કરે છે તેને લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે.

અહીં બારે સૂત્રોના તમામ સ્થાનો પૂર્વવત્ કહેવા જોઈએ..

૧૨૫૯. જે સાધુ–સાધ્વી ઇહલૌકીક કે પરલૌકીક શબ્દોમાં, પૂર્વે જોયેલા કે ન જોયેલા શબ્દોમાં, પૂર્વે સાંભળેલા કે ન સાંભળેલા શબ્દોમાં, પૂર્વે જાણેલા કે ન જાણેલા શબ્દોમાં–

આસક્ત, અનુરક્ત, ગૃદ્ધ, અત્યધિક ગૃદ્ધ અથવા આસક્ત, અનુરક્ત, ગૃદ્ધ કે અત્યધિક ગૃદ્ધ થનારને અનુમોદે.

**– એ પ્રમાણે આ ઉદ્દેશા–૧૭ માંના કોઈપણ દોષનું જે કોઈ સાધુ–સાધ્વી પોતે સેવન કરે યાવત્ સેવન કરનારની અનુમોદના કરે તો તેને ચાતુર્માસિક પરિહારસ્થાન ઉદ્‌ઘાતિક અર્થાત્ 'લઘુ ચૌમાસી' નામક પ્રાયશ્ચિત્ત આવે.**

## નિશીથસૂત્ર-ઉદ્દેશા-૧૭ નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

# ઉદ્દેશો-૧૮

નિશીથસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર–૧૨૬૦ થી ૧૩૩૨ એટલે કે કુલ ૭૩–સૂત્રો છે. જેમાં કહેવાયેલ કોઈપણ દોષનું ત્રિવિધે સેવન કરનારને 'ચાતુર્માસિક પરિહારસ્થાન ઉદ્‌ઘાતિક' નામક પ્રાયશ્ચિત્ત આવે, જેને 'લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત' કહે છે. અહીં અનુવાદ કરાયેલા પ્રત્યેક સૂત્રને અંતે આ 'લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે' એ વાક્ય જોડી દેવું.

૧૨૬૦. જે સાધુ–સાધ્વી પ્રયોજન વિના નાવમાં બેસે કે બેસનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૧૨૬૧. જે સાધુ–સાધ્વી નાવ ખરીદે, ખરીદાવે કે ખરીદેલ નાવ કોઈ આપે તો તેમાં બેસે કે બેસનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૧૨૬૨. જે સાધુ–સાધ્વી નાવ ઉધાર લે, ઉધાર લેવડાવે, ઉધાર લીધેલી કોઈ આપે તો તેમાં બેસે કે બેસનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૨૬૩. જે સાધુ–સાધ્વી નાવ પરસ્પર બદલે, બદલાવડાવે, બદલાવેલી નાવ કોઈ આપે તો તેમાં બેસે કે બેસનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૨૬૪. જે સાધુ–સાધ્વી છીનવેલી, થોડા સમય માટે લઈને આપેલી કે સામેથી લાવેલી નાવમાં બેસે કે બેસનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૨૬૫. જે સાધુ–સાધ્વી નાવને પાણીમાં ઊતરાવે કે ઊતરાવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૧૨૬૬. જે સાધુ–સાધ્વી નાવને સ્થળ ઉપર રાખે, રખાવે કે રખાવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૧૨૬૭. જે સાધુ–સાધ્વી પાણીથી પૂરી ભરેલી નાવને ખાલી કરાવે, ખાલી કરાવનારની અનુમોદના કરે.

૧૨૬૮. જે સાધુ–સાધ્વી કીચડમાં ફસાયેલી નાવ બહાર કઢાવે, બહાર કઢાવનારની અનુમોદના કરે.

૧૨૬૯. જે સાધુ–સાધ્વી મોટી નાવમાં જવા માટે નાની નાવમાં બેસે – પ્રતિનાવા કરે કે કરાવનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૧૨૭૦. જે સાધુ–સાધ્વી ઉર્ધ્વગામીની કે અધોગામીની નાવમાં બેસે કે બેસનારાની અનુમોદના કરે.

૧૨૭૧. જે સાધુ–સાધ્વી યોજનથી અધિક પ્રવાહમાં જનારી અથવા અર્ધયોજનથી અધિક પ્રવાહમાં જનારી નાવમાં બેસે અથવા બેસનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

૧૨૭૨. જે સાધુ–સાધ્વી નાવને કિનારે ખેંચે, જળમાં ખેંચે, લંગર નાંખીને બાંધે કે દોરડાથી ખેંચીને બાંધે–બાંધનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૨૭૩. જે સાધુ–સાધ્વી નાવને હલેસાથી, ઉપકરણ વિશેષથી, વાંસ ઇત્યાદિથી ચલાવે, ચલાવનારાને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૨૭૪. જે સાધુ–સાધ્વી નાવમાંથી વાસણ, પાત્ર, માટીના ભાજન કે ઉત્સિંચનક દ્વારા પાણી કાઢે કે કાઢનારને અનુમોદે.

૧૨૭૫. જે સાધુ–સાધ્વી નાવના છિદ્રમાંથી પાણી આવતા કે નાવને ડૂબતી જોઈને હાથ, પગ, પીપલ કે કુસના પત્ર સમૂહ વડે, માટી કે વસ્ત્રખંડથી તેના છેદને બંધ કરે – બંધ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૨૭૬. નાવમાં રહેલ સાધુ નાવમાંના ગૃહસ્થ પાસેથી અશનાદિ આહાર ગ્રહણ કરે કે કરનારને અનુમોદે.

૧૨૭૭. નાવમાં રહેલ સાધુ પાણીમાં રહેલા ગૃહસ્થ પાસેથી અશનાદિ આહાર ગ્રહણ કરે કે કરનારને અનુમોદે

૧૨૭૮. નાવમાં રહેલ સાધુ કીચડમાં રહેલા ગૃહસ્થ પાસેથી અશનાદિ આહાર ગ્રહણ કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

૧૨૭૯. નાવમાં રહેલ સાધુ ભૂમિ ઉપર રહેલા ગૃહસ્થ પાસેથી અશનાદિ ગ્રહણ કરે કે કરનારને અનુમોદે.

૧૨૮૦ થી ૧૨૮૩. જળમાં રહેલ સાધુ –

૧. નાવમાં રહેલ ગૃહસ્થ પાસેથી, ૨. જળમાં રહેલ ગૃહસ્થ પાસેથી,

૩. કીચડમાં રહેલ ગૃહસ્થ પાસેથી, ૪. ભૂમિ ઉપર રહેલ ગૃહસ્થ પાસેથી

અશનાદિ આહાર ગ્રહણ કરે કે કરનારને અનુમોદે.

૧૨૮૪ થી ૧૨૮૭. કીચડમાં રહેલ સાધુ –

૧. નાવમાં રહેલ ગૃહસ્થ પાસેથી, ૨. જળમાં રહેલ ગૃહસ્થ પાસેથી,

૩. કીચડમાં રહેલ, ૪. ભૂમિ ઉપર રહેલ ગૃહસ્થ પાસેથી

અશનાદિ આહાર ગ્રહણ કરે કે કરનારને અનુમોદે.

૧૨૮૮ થી ૧૨૯૨. સ્થળ ઉપર રહેલ સાધુ –

૧. નાવમાં રહેલ ગૃહસ્થ પાસેથી, ૨. જળમાં રહેલ ગૃહસ્થ પાસેથી,

૩. કીચડમાં રહેલ ગૃહસ્થ પાસેથી, ૪. ભૂમિ ઉપર રહેલ ગૃહસ્થ પાસેથી

અશનાદિ આહાર ગ્રહણ કરે કે કરનારને અનુમોદે.

**અહીં સૂત્ર ૧૨૭૬થી ૧૨૯૧માં કુલ ૧૬–સૂત્રો આપેલા છે. જેમાં ચાર પ્રકારે ચાર ભેદ દર્શાવેલા છે. ૧. નાવ, ૨. જળ, ૩. કીચડ, ૪. ભૂમિ. આ ચાર સ્થળને આશ્રીને સાધુ તથા ગૃહસ્થની ચતુર્ભંગીઓ બતાવેલી છે.**

૧૨૯૨ થી ૧૩૩૨. જે સાધુ–સાધ્વી વસ્ત્ર ખરીદે છે, ખરીદાવે છે અથવા સાધુને માટે ખરીદીને લાવેલ હોય તેને ગ્રહણ કરે અથવા ગ્રહણ કરનારાનું અનુમોદન કરે તો પ્રાયશ્ચિત્ત. આ સૂત્રથી આરંભીને... જે સાધુ–સાધ્વી – અહીં મને વસ્ત્ર પ્રાપ્ત થશે તેવી બુદ્ધિથી વર્ષાવાસ રહે કે રહેનારની અનુમોદના કરે.

**નોંધ – ઉદ્દેશા–૧૪ માં સૂત્ર–૮૬૩ થી ૯૦૩ એમ કુલ ૪૧ સૂત્રો છે. આ બધાં જ સૂત્રો – પાત્રના સંબંધમાં કહેવાયેલા છે. આ જ ૪૧ સૂત્રો અહીં વસ્ત્રના સંબંધમાં છે. તેથી સૂત્રો, સૂત્રાર્થ કે સૂત્રવિસ્તાર બધો જ ઉદ્દેશા–૧૪ પ્રમાણે જ છે. માત્ર 'પાત્ર' શબ્દના સ્થાને 'વસ્ત્ર' શબ્દ કહેવો. બાકી બધું તેમજ જાણવું – સમજવું.**

**એ પ્રમાણે ઉદ્દેશા–૧૮માં જણાવેલ કોઈપણ દોષનું સાધુ–સાધ્વી સ્વયં સેવન કરે યાવત્ સેવન કરનારને અનુમોદે તો 'ચાતુર્માસિક પરિહારસ્થાન ઉદ્‌ઘાતિક' પ્રાયશ્ચિત્ત આવે. જેને 'લઘુ ચૌમાસિક પ્રાયશ્ચિત્ત' કહે છે.**

## નિશીથસૂત્ર-ઉદ્દેશા-૧૮ નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## ઉદ્દેશો-૧૯

**નિશીથસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર–૧૩૩૩ થી ૧૩૬૯ એટલે કે કુલ ૩૭–સૂત્રો છે. તેમાં કહેવાયેલ કોઈપણ દોષનું ત્રિવિધે સેવન કરનારને 'ચાતુર્માસિક પરિહારસ્થાન ઉદ્‌ઘાતિક' નામક પ્રાયશ્ચિત્ત આવે, જેને 'લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત' કહે છે.**

**પ્રત્યેક સૂત્રાર્થના અંતે 'લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે' એ વાક્ય જોડી દેવું. જેથી પ્રાયશ્ચિત્ત અધિકાર સ્પષ્ટ સમજાય.**

**૧૩૩૩.** જે સાધુ–સાધ્વી ઔષધ ખરીદે, ખરીદાવે, સાધુને માટે ખરીદીને આપે, તે ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૩૩૪.** જે સાધુ–સાધ્વી ઔષધ ઉધાર લાવે, ઉધાર લેવડાવે, ઉધાર લાવનાર પાસેથી ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૩૩૫.** જે સાધુ–સાધ્વી ઔષધને બદલાવે, બદલાવડાવે, બદલાવીને દેનાર પાસેથી ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૩૩૬.** જે સાધુ–સાધ્વી છીનવીને લાવેલ, સ્વામીની આજ્ઞા વિના લવાયેલી અથવા સામેથી લાવેલ ઔષધ ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૩૩૭.** જે સાધુ–સાધ્વી ત્રણ માત્રાથી અધિક ઔષધ ગ્રહણ કરે કે કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૩૩૮.** જે સાધુ–સાધ્વી ઔષધ સાથે લઈને ગ્રામાનુગ્રામ વિચરે કે વિચરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૩૩૯.** જે સાધુ–સાધ્વી ઔષધને સ્વયં ગાળે, ગળાવે, ગાળીને દેનાર પાસેથી ગ્રહણ કરે કે ગ્રહણ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૩૪૦.** જે સાધુ–સાધ્વી પ્રાતઃકાળાદિ ચાર સંધ્યામાં અર્થાત્ સૂર્યોદય, મધ્યાહ્ન, સંધ્યા, મધ્યરાત્રિ એ ચાર સંધ્યામાં સ્વાધ્યાય કરે કે સ્વાધ્યાય કરનારાની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**૧૩૪૧.** જે સાધુ–સાધ્વી કાલિકશ્રુતની ત્રણ પૃચ્છાથી અધિક પૃચ્છા અકાળમાં પૂછે કે પૂછનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**૧૩૪૨.** જે સાધુ–સાધ્વી દૃષ્ટિવાદની સાત પૃચ્છાથી અધિક પૃચ્છા અકાલમાં કરે કે પૂછનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**૧૩૪૩.** જે સાધુ–સાધ્વી ઈન્દ્ર–સ્કંદ–યક્ષ–ભૂત એ ચાર મહોત્સવોમાં સ્વાધ્યાય કરે કે સ્વાધ્યાય કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૩૪૪.** જે સાધુ–સાધ્વી આશ્વિની, કાર્તિકી, ચૈત્રી, આષાઢી એ ચાર મહાપ્રતિપદાઓમાં અર્થાત આસો, કારતક, ચૈત્ર અને આષાઢ પૂર્ણિમા પછીની એકમે સ્વાધ્યાય કરે કે સ્વાધ્યાય કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**૧૩૪૫.** જે સાધુ–સાધ્વી ચારે સ્વાધ્યાયકાળ (ચારે પોરીસીમાં) અર્થાત્ દિવસ અને રાત્રે, પહેલા–છેલ્લા પ્રહરમાં જે સ્વાધ્યાય કર્યા વિના વ્યતીત કરે અથવા કરનારનું અનુમોદન કરે તો લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત.

**૧૩૪૬.** જે સાધુ–સાધ્વી અસ્વાધ્યાયકાળમાં સ્વાધ્યાય કરે છે અથવા સ્વાધ્યાય કરનારની અનુમોદના કરે.

**૧૩૪૭.** જે સાધુ–સાધ્વી પોતાના શારીરિક અસ્વાધ્યાયમાં સ્વાધ્યાય કરે છે કે સ્વાધ્યાય કરનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**૧૩૪૮.** જે સાધુ–સાધ્વી પહેલા વાંચના દેવા યોગ્ય સૂત્રોની વાંચના આપ્યા સિવાય પછી વાંચના દેવા યોગ્ય સૂત્રોની વાંચના આપે છે અથવા તેવી વાંચના આપનારને અનુમોદે છે તો પ્રાયશ્ચિત્ત.

**૧૩૪૯.** જે સાધુ–સાધ્વી 'નવબ્રહ્મચર્ય' અધ્યયન નામક પહેલા શ્રુતસ્કંધની વાંચના આપ્યા વિના ઉત્તમ શ્રુતની વાંચના આપે છે અર્થાત્ આચારાંગના પહેલા શ્રુતસ્કંધની વાંચના આપ્યા સિવાય સીધી જ છેદસૂત્ર કે

દૃષ્ટિવાદની વાંચના આપે કે આપનારની અનુમોદના કરે તો પ્રાયશ્ચિત્ત.

**૧૩૫૦.** જે સાધુ-સાધ્વી અપાત્ર-અયોગ્યને વાંચના આપે અથવા વાંચના આપનારને અનુમોદે છે.

**૧૩૫૧.** જે સાધુ-સાધ્વી પાત્ર-યોગ્યને વાંચના ન આપે અથવા વાંચના આપનારને અનુમોદે.

**૧૩૫૨.** જે સાધુ-સાધ્વી અપ્રાપ્ત-અવિનિતને વાંચના આપે છે અથવા વાંચના આપનારને અનુમોદે છે.

**૧૩૫૩.** જે સાધુ-સાધ્વી પ્રાપ્ત-વિનિતને વાંચના ન આપે અથવા ન આપનારની અનુમોદના કરે.

**૧૩૫૪.** જે સાધુ-સાધ્વી અવ્યક્ત-૧૬ વર્ષનો ન થયો હોય તેવાને વાંચના આપે કે આપનારને અનુમોદે.

**૧૩૫૫.** જે સાધુ-સાધ્વી વ્યક્ત-૧૬ વર્ષની ઉંમરનાને વાચના ન આપે કે ન આપનારને અનુમોદે.

**૧૩૫૬.** જે સાધુ-સાધ્વી બે સમાન યોગ્યતાવાળા હોય તેવા શિષ્યોમાં એક ને શિક્ષિત કરે છે અને એકને શિક્ષિત કરતા નથી. એકને વાચના આપે છે અને એકને વાચના આપતા નથી. આવુ સ્વયં કરે યાવત્ કરનારને અનુમોદે તો પ્રાયશ્ચિત્ત.

**૧૩૫૭.** જે સાધુ-સાધ્વી, આચાર્ય અને ઉપાધ્યાયે આપ્યા વિના વાચના લે અથવા લેનારાને અનુમોદે.

**૧૩૫૮.** જે સાધુ પાર્શ્વસ્થને વાચના આપે છે અથવા વાચના આપનારને અનુમોદે છે.

**૧૩૫૯.** જે સાધુ પાર્શ્વસ્થ પાસેથી વાચના લે કે વાચના લેનારની અનુમોદના કરે.

**૧૩૬૦.** જે સાધુ અવસન્નને વાચના આપે છે અથવા વાચના આપનારને અનુમોદે છે.

**૧૩૬૧.** જે સાધુ અવસન્ન પાસેથી વાચના લે છે અથવા વાચના લેનારને અનુમોદે છે.

**૧૩૬૨.** જે સાધુ અન્યતીર્થિક કે ગૃહસ્થને વાચના આપે છે અથવા આપનારની અનુમોદના કરે છે.

**૧૩૬૩.** જે સાધુ અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસેથી વાચના લે છે અથવા લેનારની અનુમોદના કરે છે.

**૧૩૬૪.** જે સાધુ કુશીલને વાચના આપે છે અથવા તેવાને વાચના આપનારની અનુમોદના કરે છે.

**૧૩૬૫.** જે સાધુ કુશીલ પાસેથી વાચના લે છે અથવા તેવા પાસેથી વાચના લેનારની અનુમોદના કરે છે.

**૧૩૬૬.** જે સાધુ નિત્યક પાસેથી વાચના લે છે અથવા તેવા વાચના લેનારની અનુમોદના કરે છે.

**૧૩૬૭.** જે સાધુ નિત્યક જે વાચના આપે છે અથવા તેવાને વાચના આપનારની અનુમોદના કરે છે.

**૧૩૬૮.** જે સાધુ સંસક્તને વાચના આપે છે અથવા તેવાને વાચના આપનારની અનુમોદના કરે છે.

**૧૩૬૯.** જે સાધુ નિત્યક પાસેથી વાચના લે છે અથવા વાચના લેનારની અનુમોદના કરે છે.

**નોંધ – પાસત્થા, અવસન્ન, કુશીલ, નિત્યક, સંસક્ત આ શબ્દોની વ્યાખ્યા ઉદ્દેશા-૧૩ના સૂત્ર-૮૩૦ થી ૮૪૭માં અપાયેલી છે ત્યાંથી જાણી-સમજી લેવી. પુનરુક્તિ કરી નથી..**

**એ પ્રમાણે ઉદ્દેશા-૧૯માં જણાવેલા કોઈપણ દોષનું સેવન સ્વયં કરે યાવત્ કરાવનારની અનુમોદના કરે તો-'ચાતુર્માસિક પરિહારસ્થાન ઉદ્‌ઘાતિક' પ્રાયશ્ચિત્ત આવે જેને 'લઘુ ચૌમાસી' પ્રાયશ્ચિત્ત આવે છે.**

## નિશીથસૂત્ર-ઉદ્દેશા-૧૯નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

# ઉદ્દેશો-૨૦

નિશીથસૂત્રના આ વીસમા અને છેલ્લા ઉદ્દેશામાં સૂત્ર–૧૩૭૦ થી ૧૪૨૦ એટલે કે ૫૧ સૂત્રો છે. આ ઉદ્દેશામાં પ્રાયશ્ચિત્તની વિશુદ્ધિ માટે પ્રાયશ્ચિત્ત શું કરવું ? તે જણાવેલ છે. ૧ થી ૧૯ ઉદ્દેશામાં કહેલા દોષોનું સેવન કર્યા બાદ આલોચકોને આલોચના અનુસાર પ્રાયશ્ચિત્ત દેવાના વિભિન્ન વિકલ્પો રૂપ ચૌદ સૂત્રોથી આ ઉદ્દેશાનો આરંભ થાય છે. સૂત્રો સમજવાને ભાષ્ય અને ચૂર્ણિનો સંદર્ભ સન્મુખ હોવો ખૂબ જરૂરી છે.

૧૩૭૦. જે સાધુ એક વખત માસિક પરિહારસ્થાનની પ્રતિસેવના કરીને આલોચના કરે તો તેને...
માયારહિત આલોચના કરે તો એક માસનું પ્રાયશ્ચિત્ત આવે છે અને
માયાસહિત આલોચના કરે તો બે માસનું પ્રાયશ્ચિત્ત આવે છે.
૧૩૭૧. જે સાધુ એક વખત બેમાસી પરિહારસ્થાનની પ્રતિસેવના કરીને આલોચના કરે તો તેને...
માયારહિત આલોચના કરે તો બેમાસી પ્રાયશ્ચિત્ત આવે છે અને
માયા સહિત આલોચના કરે તો ત્રણ માસનું પ્રાયશ્ચિત્ત આવે છે.
૧૩૭૨. જે સાધુ એક વખત ત્રિમાસી પરિહારસ્થાનની પ્રતિસેવના કરીને આલોચના કરે તો તેને...
માયારહિત આલોચના કરે તો ત્રિમાસિક પ્રાયશ્ચિત્ત આવે અને
માયા સહિત આલોચના કરે તો ચાતુર્માસિક પ્રાયશ્ચિત્ત આવે છે.
૧૩૭૩. જે સાધુ એક વખત ચારમાસી પરિહારસ્થાનની પ્રતિસેવના કરીને આલોચના કરે તો તેને...
માયા રહિત આલોચના કરતા ચારમાસી પ્રાયશ્ચિત્ત આવે અને
માયા સહિત આલોચના કરતા પંચમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.
૧૩૭૪. જે સાધુ એક વખત પાંચમાસી પરિહારસ્થાનની પ્રતિસેવના કરીને આલોચના કરે તો...
માયા રહિત આલોચના કરતા પંચમાસી પ્રાયશ્ચિત્ત આવે અને
માયા સહિત આલોચના કરતા છમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.
તેનાથી ઉપરાંત માયા સહિત કે માયા રહિત આલોચના કરે તો પણ છમાસી પ્રાયશ્ચિત્ત જ આવે.

૧૩૭૫. જે સાધુ અનેકવાર માસિક પરિહારસ્થાનની પ્રતિસેવના કરીને આલોચના કરે તો તેને...
માયારહિત આલોચના કરતા એક માસનું પ્રાયશ્ચિત્ત આવે અને
માયા સહિત આલોચના કરતા બેમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.
૧૩૭૬. જે સાધુ અનેકવાર બેમાસી પરિહારસ્થાનની પ્રતિસેવના કરીને આલોચના કરે તો તેને...
માયારહિત આલોચના કરતા બેમાસી પ્રાયશ્ચિત્ત આવે છે અને
માયા સહિત આલોચના કરતા ત્રણમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.
૧૩૭૭. જે સાધુ અનેકવાર ત્રણમાસી પરિહારસ્થાનની પ્રતિસેવના કરીને આલોચના કરે તો તેને...
માયા રહિત આલોચના કરતા ત્રણમાસની પ્રાયશ્ચિત્ત આવે છે અને
માયા સહિત આલચોના કરતા ચારમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.
૧૩૭૮. જે સાધુ અનેકવાર ચારમાસી પરિહારસ્થાનની પ્રતિસેવના કરીને આલોચના કરે તો તેને...
માયારહિત આલોચના કરતા ચારમાસી પ્રાયશ્ચિત્ત આવે છે અને
માયાસહિત આલોચના કરતા પંચમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

૧૩૭૯. જે સાધુ અનેકવાર પંચમાસી પરિહારસ્થાનની પ્રતિસેવના કરીને આલોચના કરે તો તેને...
માયારહિત આલોચના કરે તો તેને માયારહિત આલોચના કરતા પંચમાસી પ્રાયશ્ચિત્ત આવે અને
માયા સહિતા આલોચના કરતા છમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.
તેનાથી આગળ માયા સહિત કે માયા રહિત આલોચના કરે તો પણ છમાસી જ પ્રાયશ્ચિત્ત આવે છે.

**સશલ્ય કે નિઃશલ્ય આલોચનાનું મહત્તમ પ્રાયશ્ચિત્ત છ માસ જ જાણવું, તેથી અધિક નહીં. વર્તમાન શાસનમાં છ માસ કરતા વધારે પ્રાયશ્ચિત્તનું વિધાન નથી..**

૧૩૮૦. જે સાધુ માસિક, બેમાસી, ત્રણમાસી, ચારમાસી, પાંચમાસી એ પરિહારસ્થાનોમાંથી કોઈ એક પરિહાર સ્થાનની એક વખત પ્રતિસેવના કરીને આલોચના કરે તો–

તેને માયા રહિત આલોચના કરતા આસેવિત પરિહારસ્થાન અનુસાર અનુક્રમે માસિક યાવત્ પંચમાસી પ્રાયશ્ચિત્ત આવે.

માયા સહિત આલોચના કરતા આસેવિત પરિહારસ્થાન અનુસાર બેમાસી યાવત્ છમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

તેનાથી ઉપરાંત માયા સહિત કે માયા રહિત આલોચના કરતા તે છમાસી પ્રાયશ્ચિત્ત જ આવે છે.

૧૩૮૧. જે સાધુ માસિક યાવત્ પંચમાસી એ પરિહારસ્થાનોમાંથી કોઈ એક પરિહારસ્થાનની અનેકવાર પ્રતિ સેવના કરીને આલોચના કરે તો તેને

માયા રહિત આલોચના કરતા આસેવિત પરિહારસ્થાન અનુસાર માસિક યાવત પંચમાસી પ્રાયશ્ચિત્ત આવે છે

અને માયાસહિત આલોચના કરતા આસેવિત પરિહારસ્થાન અનુસાર બેમાસી યાવત્ છમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

તેનાથી આગળ માયા સહિત કે માયા રહિત આલોચના કરે તો પણ તે જ છમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

૧૩૮૨. જે સાધુ ચાતુર્માસિક કે સાધિક ચાતુર્માસિક પંચમાસી કે સાધિક પંચમાસી આ પરિહાર સ્થાનોમાંથી કોઈ એક પરિહાર સ્થાનની એક વખત પ્રતિસેવના કરીને આલોચના કરે તો તેને

માયા રહિત આલોચના કરતા આસેવિત પરિહારસ્થાન અનુસાર ચાતુર્માસિક, સાધિક ચાતુર્માસિક, સાધિક પંચમાસી પ્રાયશ્ચિત્ત આવે,

માયા સહિત આલોચના કરતા આસેવિત પરિહારસ્થાન અનુસાર પંચમાસી, સાધિક પંચમાસી, છમાસી પ્રાયશ્ચિત્ત આવે.

તેનાથી આગળ માયા સહિત કે માયા રહિત આલોચના કરતા તે જ છમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

૧૩૮૩. જે સાધુ અનેકવાર ચાતુર્માસી કે અનેકવાર સાધિક ચારમાસી અનેકવાર પંચમાસી કે અનેકવાર સાધિક પંચમાસી પરિહારસ્થાનમાં કોઈ એક પરિહારસ્થાનની પ્રતિસેવિના કરી આલોચના કરે તો તેને

માયા રહિત આલોચના કરતા આસેવિત પરિહારસ્થાન અનુસાર ચારમાસી આદિ પ્રાયશ્ચિત્ત આવે.

માયા સહિત આલોચના કરતા પંચમાસી, સાધિક પંચમાસી કે છમાસી પ્રાયશ્ચિત્ત આવે.

તેનાથી આગળ માયાસહિત કે માયારહિત આલોચના કરતા તે જ છમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

**૧૩૮૪ થી ૧૩૮૭. જે સાધુ ચાતુર્માસિક, સાધિક ચાતુર્માસિક, પંચમાસિક કે સાધિક પંચમાસિક એ પરિહાર સ્થાનોમાંથી કોઈ એક પરિહારસ્થાનની–**

૧૩૮૪. એકવાર પ્રતિસેવના કરી આલોચના કરે.

૧૩૮૫. અનેકવાર પ્રતિસેવના કરી આલોચના કરે.

૧૩૮૬. તે આલોચના માયારહિત કરે.

૧૩૮૭. તે આલોચના માયા સહિત કરે.

ઉક્ત ચારે સૂત્રોમાં ચાર સંજોગોમાં. શું કરે ? તેની વિધિ–

– પરિહારસ્થાન પાપનું પ્રાયશ્ચિત્ત તપ કરી રહેલા સાધુની સહાયાદિ માટે પરિહારિક ને અનુકૂળવર્તી કોઈ સાધુ નિયત કરાય તેને આ પરિહાર તપસીની વૈયાવચ્ચ કરવાને માટે સ્થાપના કર્યા પછી પણ કોઈ પાપ સ્થાનનું સેવન કરે અને પછી કહે કે મેં અમુક પાપનું સેવન કર્યું છે ત્યારે સઘળું પૂર્વે સેવેલ પ્રાયશ્ચિત્ત ફરી સેવે.

અહીં પાપ સ્થાનકને પૂર્વ પશ્ચાત્ સેવવાના વિષયમાં ચતુર્ભંગી છે, તે આ રીતે.

૧. પહેલાં સેવેલા પાપની પહેલા આલોચના કરી હોય,

૨. પહેલાં સેવેલા પાપની પછી આલોચના કરી હોય,

૩. પછી સેવેલા પાપની પહેલાં આલોચના કરી હોય,

૪. પછી સેવેલા પાપની પછી આલોચના કરી હોય.

પાપ આલોચના ક્રમ કહ્યા પછી પરિહાર સેવન કરનારના ભાવને આશ્રીને ચતુર્ભંગી જણાવે છે..

૧. સંકલ્પ કાળે અને આલોચના સમયે માયારહિતપણું,

૨. સંકલ્પ કાળે માયારહિત પણ આલોચના સમયે માયા સહિત

૩. સંકલ્પકાળે માયા સહિત પણ આલોચના કાળે માયા રહિત.

૪. સંકલ્પકાળે અને આલોચનાકાળે બંને સમયમાં માયા સહિત હોય.

આમાંથી કોઈપણ પ્રકારના ભંગથી આલોચના કરતા તેના બધા જ સ્વકૃત વેળા પણ પુનઃ કોઈ પ્રકારની પ્રતિસેવના કરે તો તેને સંપૂર્ણ પ્રાયશ્ચિત્ત પણ પૂર્વ પ્રદત્ત પ્રાયશ્ચિત્તમાં આરોપિત કરી દેવું જોઈએ અર્થાત્ તે જ ક્રમમાં ફરી પ્રાયશ્ચિત્ત તપ આદરે.

૧૩૮૮. છ માસિક પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ જે પ્રાયશ્ચિત્ત વહન કાલના આરંભમાં, મધ્યમાં કે અંતમાં પ્રયોજન હેતુ કે કારણથી બેમાસ પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષનું સેવન કરીને આલોચના કરે તો તેને...

અન્યૂનાધિક ૨૦ રાત્રિની આરોપણાનું પ્રાયશ્ચિત્ત આવે છે. તેના પછી ફરી દોષનું સેવન કરે તો બે માસ અને ૨૦ રાત્રિનું પ્રાયશ્ચિત્ત આવે છે.

૧૩૮૯. પાંચમાસી પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ જો પ્રાયશ્ચિત્ત વહનકાળના આરંભે, મધ્યે કે અંતે પ્રયોજન હેતુ કે કારણે બેમાસ પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષનું સેવન કરીને આલોચના કરે તો તેને...

અન્યૂનાધિક ૨૦ રાત્રિની આરોપણનું પ્રાયશ્ચિત્ત આવે. તેને પછી ફરી દોષ સેવે તો બે માસ અને વીસ રાત્રિનું પ્રાયશ્ચિત્ત આવે છે.

૧૩૯૦. ચારમાસી પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ જો પ્રાયશ્ચિત્ત વહનકાળના આરંભે, મધ્યમાં કે અંતે પ્રયોજન હેતુ કારણથી બેમાસ પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષનું સેવન કરીને આલોચના કરે તો તેને

અન્યૂનાધિક ૨૦ રાત્રિનું આરોપણ પ્રાયશ્ચિત્ત આવે છે. ત્યારપછી ફરી દોષ સેવે તો બે માસ અને વીસ

રાત્રિનું પ્રાયશ્ચિત્ત આવે.

**૧૩૯૧.** ત્રણમાસી પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુને જો પ્રાયશ્ચિત્ત વહનકાળના ઈત્યાદિ બધું ઉપર મુજબ–

**૧૩૯૨.** બેમાસી પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુને જો પ્રાયશ્ચિત્ત વહનકાળના ઈત્યાદિ બધું ઉપર મુજબ–

**૧૩૯૩.** માસિક પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ જો પ્રાયશ્ચિત્ત વહનકાળના ઈત્યાદિ બધું ઉપર મુજબ યાવત્ બે માસ અને વીસ રાત્રિનું પ્રાયશ્ચિત્ત આવે.

**૧૩૯૪.** બે માસ અને વીસ રાત્રિનું પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ જો પ્રાયશ્ચિત્ત વહનકાળના આરંભે કે મધ્યે કે અંતે પ્રયોજન હેતુ કે કારણથી બે માસ પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષનું સેવન કરીને આલોચના કરે તો તેને...

અન્યૂનાધિક વીસ રાત્રિની આરોપણાનું પ્રાયશ્ચિત્ત આવે જેને ઉમેરીને ત્રણ માસ અને દશ અહોરાત્રની પ્રસ્થાપના થાય છે.

**૧૩૯૫.** ત્રણ માસ અને દશ રાત્રિનું પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ જો પ્રાયશ્ચિત્ત વહનકાળના આરંભે, મધ્યે કે અંતે પ્રયોજન હેતુ કે કારણથી બેમાસ પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષનું સેવન કરી આલોચના કરે તો તેને

અન્યૂનાધિક વીસ રાત્રિની આરોપણાનું પ્રાયશ્ચિત્ત આવે જેને ઉમેરવાથી ચારમાસની પ્રસ્થાપના થાય છે.

**૧૩૯૬.** ચારમાસી પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ બધું ઉપર મુજબ કહેવું. યાવત્ વીસ રાત્રિનું આરોપણ પ્રાયશ્ચિત્ત આવે છે,

જેને ઉમેરવાથી ચારમાસ અને વીસ રાત્રિની પ્રસ્થાપના થાય છે.

**૧૩૯૭.** ચારમાસ અને વીસ રાત્રિનું પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ બધું ઉપર મુજબ કહેવું. યાવત્ વીસ રાત્રિનું પ્રાયશ્ચિત્ત આવે છે,

જેને ઉમેરવાથી પાંચમાસ અને દશ રાત્રિની પ્રસ્થાપના થાય છે.

**૧૩૯૮.** પાંચમાસ અને દશ રાત્રિનું પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ બધું ઉપર મુજબ કહેવું. યાવત્ વીસ રાત્રિનું આરોપણ પ્રાયશ્ચિત્ત આવે છે.

જેને ઉમેરવાથી છ માસની પ્રસ્થાપના થાય છે.

**૧૩૯૯.** છમાસી પ્રાયશ્ચિત્ત વહન કરનારા સાધુ જો પ્રાયશ્ચિત્ત વહનકાળના આરંભે, મધ્યે કે અંતે પ્રયોજન હેતુ કે કારણથી માસિક પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષનું સેવન કરીને આલોચના કરે તો તેને...

અન્યૂનાધિક એક પક્ષની આરોપણાનું પ્રાયશ્ચિત્ત આવે છે. ત્યારપછી પુનઃ દોષ સેવન કરે તો દોઢ માસનું પ્રાયશ્ચિત્ત આવે છે.

**૧૪૦૦.** પાંચમાસી પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ બાકી સૂત્ર–**૧૩૯૯** મુજબ.
યાવત્ દોઢ માસનું પ્રાયશ્ચિત્ત આવે.

**૧૪૦૧.** ચારમાસી પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ બાકી સૂત્ર–**૧૩૯૯** મુજબ.
યાવત્ દોઢ માસનું પ્રાયશ્ચિત્ત આવે.

**૧૪૦૨.** ત્રણમાસી પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ બાકી સૂત્ર–**૧૩૯૯** મુજબ.
યાવત્ દોઢ માસનું પ્રાયશ્ચિત્ત આવે.

**૧૪૦૩.** બેમાસી પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ બાકી સૂત્ર–**૧૩૯૯** મુજબ.

યાવત્ દોઢ માસનું પ્રાયશ્ચિત્ત આવે.

૧૪૦૪. માસિક પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ બાકી સૂત્ર–૧૩૯૯ મુજબ.

યાવત્ દોઢ માસનું પ્રાયશ્ચિત્ત આવે.

૧૪૦૫. દોઢમાસી પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ જો પ્રાયશ્ચિત્ત વહનકાળના આરંભે, મધ્યે કે અંતમાં પ્રયોજન હેતુ કે કારણથી માસિક પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષ સેવન કરીને આલોચના કરે તો તેને...

અન્યૂનાધિક એકપક્ષની આરોપણાનું પ્રાયશ્ચિત્ત આવે છે. જેને ઉમેરતા બે માસની પ્રસ્થાપના થાય.

૧૪૦૬ થી ૧૪૧૩. આ આઠ સૂત્રો છે. આ આઠે સૂત્રોનો આલાવો સૂત્ર–૧૪૦૫ની સમાન જ છે.

ફરક માત્ર એટલો કે દોઢમાસીને સ્થાને પ્રાયશ્ચિત્ત વહનનો કાળ પંદર–પંદર દિવસ વધતો જાય છે અને છેલ્લે સંયુક્ત પ્રાયશ્ચિત્ત કાળ પણ પંદર દિન વધે છે. આ આઠે સૂત્રોનો સંક્ષેપ આ રીતે છે.

| | |
|---|---|
| ૦ – ૦ ૧૪૦૬. બે માસ પ્રાયશ્ચિત્ત. | સંયુક્તકાળ અઢી માસ. |
| ૦ – ૦ ૧૪૦૭. અઢી માસ પ્રાયશ્ચિત્ત. | સંયુક્તકાળ ત્રણ માસ. |
| ૦ – ૦ ૧૪૦૮. ત્રણ માસ પ્રાયશ્ચિત્ત. | સંયુક્તકાળ સાડા ત્રણ માસ. |
| ૦ – ૦ ૧૪૦૯. સાડા ત્રણ માસ પ્રાયશ્ચિત્ત. | સંયુક્તકાળ ચાર માસ. |
| ૦ – ૦ ૧૪૧૦. ચાર માસ પ્રાયશ્ચિત્ત. | સંયુક્તકાળ સાડા ચાર માસ. |
| ૦ – ૦ ૧૪૧૧. સાડા ચાર માસ પ્રાયશ્ચિત્ત. | સંયુક્તકાળ પાંચ માસ. |
| ૦ – ૦ ૧૪૧૨. પાંચ માસ પ્રાયશ્ચિત્ત. | સંયુક્તકાળ છ માસ. |

**સૂત્ર–૧૪૦૬ થી ૧૪૧૩નો આખો આલાવો સૂત્ર–૧૪૦૫ મુજબ સ્વયં ગોઠવી લેવો – કહી દેવો.**

૧૪૧૪. બે માસ પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ જો પ્રાયશ્ચિત્ત વહનકાળના આરંભે, મધ્યે કે અંતે પ્રયોજન હેતુ કે કારણથી માસિક પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષ સેવન કરીને આલોચના કરે તો તેને...

અન્યૂનાધિક એક પક્ષની આરોપણાનું પ્રાયશ્ચિત્ત આવે જેને ઉમેરવાથી અઢી માસની પ્રસ્થાપના થાય છે.

૧૪૧૫. અઢી માસ પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ જો પ્રાયશ્ચિત્ત વહનકાળના આરંભે, મધ્યે કે અંતે પ્રયોજન હેતુ કે કારણથી બે માસિકી પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષ સેવન કરીને આલોચના કરે તો તેને...

અન્યૂનાધિક વીસ રાત્રિની આરોપણાનું પ્રાયશ્ચિત્ત આવે. જેને ઉમેરવાથી ત્રણ માસ અને પાંચ રાત્રિની પ્રસ્થાપના થાય છે.

૧૪૧૬. ત્રણ માસ અને પાંચ રાત્રિ પ્રાયશ્ચિત્ત વહન કરનાર સાધુ જો પ્રાયશ્ચિત્ત વહનકાળના આરંભે, મધ્યે કે અંતે પ્રયોજન, હેતુ કે કારણથી એક માસ પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષનું સેવન કરીને આલોચના કરે તો તેને...

અન્યૂનાધિક એક પક્ષની આરોપણાનું પ્રાયશ્ચિત્ત આવે. જેને ઉમેરવાથી ત્રણ માસ અને વીસ રાત્રિની પ્રસ્થાપના થાય છે.

૧૪૧૭. ત્રણ માસ, વીસ રાત્રિનું પ્રાયશ્ચિત્ત વહન

બે માસ પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષ સેવન ૨૦ રાત્રિ આરોપણા

પ્રાયશ્ચિત્ત કુલ ચાર માસ અને દશ રાત્રિ. બાકી સૂત્ર–૧૪૧૬ મુજબ.

૧૪૧૮. ચાર માસ, દશ રાત્રિનું પ્રાયશ્ચિત્ત વહન

એક માસ પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષ સેવન એક પક્ષ આરોપણા

પ્રાયશ્ચિત્ત કુલ પાંચ માસ, પાંચ રાત્રિ ન્યૂન બાકી સૂત્ર–૧૪૧૬ મુજબ.

૧૪૧૯. પાંચ માસ અને પાંચ રાત્રિ ન્યૂન પ્રાયશ્ચિત્ત વહન

બે માસ પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષ સેવન વીશ રાત્રિ આરોપણા

પ્રાયશ્ચિત્ત કુલ સાડા પાંચ માસ બાકી ૧૪૧૬ મુજબ.

૧૪૨૦. સાડા પાંચ માસ પ્રાયશ્ચિત્ત વહન

એક માસ પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષ સેવન એક પક્ષી આરોપણા

પ્રાયશ્ચિત્ત કુલ છ માસની પ્રસ્થાપના. બાકી સૂત્ર–૧૪૧૬ મુજબ.

## નિશીથસૂત્ર–ઉદ્દેશા–૨૦નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

# નિશીથ-છેદસૂત્ર-૧.નો ભાવાનુવાદ પૂર્ણ

મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000
આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070

| | | | |
|---|---|---|---|
| [१] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि–मूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि–मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि–मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [२] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र–गुजराती अनुवाद–मूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र–इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र–गुजराती अनुवाद–सटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [३] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र–सटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति–**1 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति–**2 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**–1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**–2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा–कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम-मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम-सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र-गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

**દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000**
**આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070**

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

**અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000**

**અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે**


વેબ સાઈટ:- 1. www.jainelibrary.org 2. deepratnasagar.in
ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397

સંપર્ક:- મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે-ટચ
Post: - ઠેબા, Dis:-જામનગર, ગુજરાત, India. [Pin- 361120]

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૩૪

# નિશીથ

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


'વેબ સાઈટ:– (1) www.jainelibrary.org (2) deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઇલ 09825967397